




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમ


૧. નિજત્વના નિખારની સાધના ૧
૨. યોગ સાધનાનું જ્ઞાન-વિજ્ઞાન ૨
૩. આત્મવિજ્ઞાનની સાચી જાણકારી તો મેળવો ૬
૪. સંજીવની એટલે આત્મવિશ્વાસ ૯
૫. વ્યક્તિ-નિર્માણ : અંતરાત્માનો અવાજ સાંભળો ૧૧
૬. ગુરુદેવના સાહિત્યમાં યુગચેતના ૧૩
૭. પ્રજ્ઞાપુરાણ સ્તંભ : સાધનાથી પાત્રતા વિકસિત કરો ૧૫
૮. સમાજનિર્માણ : સંસ્કૃતિની સીતાની શોધ ૧૮
૯. નારી જાગરણ : જ્ઞાન નારી મહિલા જાગરણની આગેવાની લે ૨૦
૧૦. વિવાહોન્માદ : છોકરાવાળા વ્યર્થ બદનામી ન વહોરે ૨૨
૧૧. કિશોર સ્તંભ : પ્રેરક કથાઓ ૨૪
૧૨. યુગ નિર્માણ સત્સંકલ્પ-૧ : અમે ઈશ્વરને સર્વવ્યાપી, ન્યાયકારી માની એના અનુશાસનને જીવનમાં ઉતારીશું ૨૬
૧૩. સાધના પરિશિષ્ટ : ઈશ્વર વિશ્વાસ કેમ અનિવાર્ય છે ૨૮
૧૪. સામૂહિક સાધનાનો ઉપયુક્ત અવસર 'નવરાત્રિ પર્વ' ૩૧
૧૫. સાધનાની સફળતામાં માર્ગદર્શકની મહત્તા ૩૫
૧૮. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી ૩૮


ધન્ય છે :

ગાયત્રી શક્તિ પીઠ ગોંડલ જેમણે સાધના વર્ષના મહત્વપૂર્ણ સમયે ૩૧૦૦ ગ્રાહક બનાવ્યા.

પ્રવીણભાઈ પટેલ, ઘોડાસર જેમણે ૨૨૦૦ ગ્રાહક બનાવ્યા.

ગાયત્રી શક્તિપીઠ મહેસાણા જેમણે ૨૫૦૦ ગ્રાહક બનાવ્યા.

ગાયત્રી શક્તિપીઠ ડીસા જેમણે ૨૧૦૦ ગ્રાહક બનાવ્યા.

ગાયત્રી પ્રજ્ઞાપીઠ વીસનગર જેમણે ૨૨૦૦ ગ્રાહક બનાવ્યા.

ગાયત્રી શક્તિપીઠ બાયડ જેમણે ૨૪૦૦ ગ્રાહક બનાવ્યા.

૧૫૦૦ થી વધુ ગ્રાહકો બનાવનાર શાખાઓ

હરીશંકર પંડયા - ભાવનગર
ગાયત્રી શક્તિપીઠ - રાજકોટ
ગાયત્રી શક્તિપીઠ - અમરેલી
ગાયત્રી શક્તિપીઠ - ગાંધીનગર
ગાયત્રી શક્તિપીઠ - કલોલ
ગાયત્રી શક્તિપીઠ - વિજાપુર
ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ઓઢવ

૧૦૦૦ થી વધુ ગ્રાહક બનાવવામાં.

ગાયત્રી પ્રજ્ઞાપીઠ માંડવી જી. કચ્છ
ગાયત્રી પ્રજ્ઞા મંદિર રાણીપ
ગાયત્રી જ્ઞાનઘટ, ભુજ
ગાયત્રી શક્તિપીઠ પાટણ
ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ભાવનગર
આર. એમ. ભાવસાર ગાંધીનગર

૫૦૦ થી વધુ ગ્રાહક બનાવનાર શાખાઓ

હરીશભાઈ સોની, ઈસનપુર
ક્રાંતિકુંજ ગાયત્રી પરિવાર, અમદાવાદ
ગાયત્રી પરિવાર શાખા, મોડાસા
ગાયત્રી પરિવાર શાખા, સુરેન્દ્રનગર
ગાયત્રી પરિવાર શાખા, લાડોલ
ગાયત્રી પ્રજ્ઞાપીઠ ધોળકા
ગાયત્રી શક્તિપીઠ, રાધનપુર
ગાયત્રી પરિવાર શાખા, હિંમતનગર
ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ઉંઝા
ગાયત્રી પ્રજ્ઞાપીઠ, બીલીમોરા
ઉપેન્દ્રભાઈ સી. પટેલ રાંદેર
ગાયત્રી શક્તિપીઠ બાલાજી, સુરત
ગાયત્રી શક્તિપીઠ ડભોલી સુરત
હેમંતભાઈ નાયક વલસાડ
એન. પી. નાયક વડોદરા




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા

પં. શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :

પં. લીલાપત શર્મા

: કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ,

મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :

(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર / ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૩૦ અંક - ૩

માર્ચ - ૧૯૯૯


## નિજત્વના નિખારની સાધના

સંપૂર્ણ સંસાર એક થઈને વિરોધ કરવાને માટે ઊભો થઈ જાય, છતાં પણ આપણે આપણા શુદ્ધ સ્વરૂપને ન ભૂલીએ. પોતાના મનને શાંત અને બુદ્ધિને નિર્મળ બનાવેલાં રાખીએ. કેટલી પણ વિકટ અને ભયાનક સ્થિતિ કેમ ન હોય, આપણે તેમાં આનંદથી રહીએ.

આપણે સ્વયંને ભીડમાં શા માટે ખોઈ બેસીએ ? ઈશ્વરના ઈશ્વરત્વની આગળ પણ આપણા આત્માની પ્રખરતા શા માટે ઘટે ? ઈશ્વરીય ક્ષમતાઓ તેમાં પ્રતિબિંબિત થઈને તેને વધુ પ્રખર બનાવી કેમ ન દે ? આપણા વ્યક્તિત્વનું અસ્તિત્વ આપણા પોતાનું સ્વમાન છે. તેમાં અન્ય કોઈનો હસ્તક્ષેપ શા માટે ? પોતાનું સ્વરૂપ-નિર્ધારણ તથા તેને અનુરૂપ લક્ષણોના વિકાસની સ્વતંત્ર ક્ષમતા આપણામાં વિકસિત થવી જ જોઈએ. સંસારની સારી-ખરાબ ગતિવિધિઓને તેના વિકાસમાં બાધક બનવા શા માટે દઈએ ?

આપણે આપણી સંમતિ પ્રગટ કરતી વખતે ફક્ત સત્ય અને ન્યાયને જોઈને ચાલીએ. કોઈના આદર-તિરસ્કારની દરકાર આપણને હોવી ન જોઈએ. આપણે ફક્ત આપણા આત્મવિકાસ અને આત્મસંતુલન ઉપર નજર રાખીએ. મનુષ્યોના સમાજમાં, દેવતાઓની સભામાં, રાક્ષસોના સંગ્રામમાં પણ આપણે આપણી સ્વતંત્રતા અને સ્વતંત્ર વ્યક્તિત્વને માટે દૃઢ અને સંઘર્ષશીલ રહીએ. જો કોઈ અસત્યને આખો સંસાર સત્ય ઘોષિત કરતો હોય, તો પણ આપણે જનસમુદાયની ચિંતા ન કરતાં સાચાને સાચું અને ખોટાને ખોટું જ કહીએ. પરંતુ એનું તાત્પર્ય એવું નથી કે આપણે અન્યની સંમતિનું સન્માન ન કરીએ. યોગ્ય પરામર્શ અને સૂચન ભલે પછી તે કોઈ શત્રુ અથવા વિરોધીના દ્વારા કેમ ન કરવામાં આવ્યાં હોય, તેને સન્માનપૂર્વક અપનાવવું એ વિકાસશીલ વ્યક્તિત્વનો એક મહાન ગુણ છે.

પોતાના મન અને બુદ્ધિને આવેગોના આવેશ અને મનોવૃત્તિઓની ચંચળતાથી ચલિત થવા ન દઈએ. પ્રત્યેક નિર્ણય ગુણ-દોષને જોઈને, સત્-અસત્‌ને ધ્યાનમાં રાખીને, વિવેકની કસોટી ઉપર કસીને જ લઈએ. દરેકના સારામાં સારા સ્વરૂપને શોધી કાઢવાનો યથાશક્તિ પ્રયત્ન જ ઉત્કૃષ્ટ વ્યક્તિત્વની ઓળખ છે. જે આપણા વિરોધી છે, તેમના પણ સદ્‌ગુણો અને સારા ઉદ્દેશ્યોનો આદર કરવો તે આપણું કર્તવ્ય છે. પરંતુ આપણે જેને સત્ય અને ન્યાયસંગત માનતા હોઈએ તેનું સમર્થન અને પ્રચાર કરવામાં સ્વયંને પૂર્ણ સ્વતંત્ર તથા સદા નિર્ભય બનાવી રાખીએ.

અન્યની સેવા કરવી પરમધર્મ છે, પરંતુ આ સેવા આપણે કોઈને બતાવવાને માટે નહીં પરંતુ આત્મ-ભાવના વિકાસથી પ્રેરિત થઈને કરીએ, અંતઃકરણની સ્વાભાવિક ભૂખ ન દબાઈ શકવાવાળી હૃદયની પીડાને સંતોષ પહોંચાડવાને માટે કરીએ. પછી આપણને આ કાર્ય કરવામાં કષ્ટનો અનુભવ શા માટે, જ્યારે આપણે માટે તો આ સાધના છે - નિજત્વના નિખાર માટેની સાધના તો પછી આપણે અચકાઈએ કેમ ? શા માટે સંકોચ કરીએ, સમજવામાં-વિચારવામાં સમય શા માટે ગુમાવીએ ? આને માટે આપણને બાહ્ય સાધનોની જરૂર તો છે નહીં, બધું જ અંતઃકરણના ઊંડાણમાંથી તો કાઢવાનું છે. તો આપીએ ચિંતનને વિરામ અને પ્રારંભ કરીએ 'નિજત્વના નિખારની અનોખી સાધના.'




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યોગ સાધનાનું જ્ઞાન-વિજ્ઞાન

આમ તો એક નાનો સરખો જીવ લાગે છે, મોટી મધમાખીનું શરીર પણ પોણા ઈંચથી મોટું નથી હોતું, પરંતુ ક્યારેક છંછેડવામાં આવે તો તેની ભયાનકતા જોતાં જ અનુભવાય છે. આવી જ રીતે મનુષ્યની ચિત્તવૃત્તિઓ, જેનું સામાન્ય અવસ્થામાં ન તો કોઈ સ્વમાન દેખાય છે, ન મૂલ્ય, ન મહત્ત્વ, પરંતુ જ્યારે આને જ કચડવા અને નિયંત્રણમાં રાખવાનો અભ્યાસ કરવામાં આવે છે, ત્યારે આની ભયંકરતા જોતાં જ અનુભવાય છે. રાક્ષસી સુરસાની માફક અનેક રૂપ રચવામાં ઉસ્તાદ આ ચિત્તવૃત્તિઓ મનુષ્યને લોભાવતી જ નથી, ડરાવે અને ધમકાવે પણ છે. નિર્બળ મન અને અસ્થિર બુદ્ધિના વ્યક્તિઓ તેની એક જ ઝાપટમાં ઠંડા થઈને યોગાભ્યાસ છોડી બેસે છે અને આ રીતે આત્માનુભૂતિની ઈચ્છા મનની મનમાં જ રહી જાય છે.

અર્જુન જેવા મહારથીને પણ આ જ કહેવું પડ્યું હતું –

**चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।**
**तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥**

– ગીતા ૬/૩૪

હે પ્રભુ ! આ મન ઘણું ચંચળ છે, મસ્તિષ્કને વલોવી નાખે છે. આ ઘણું દઢ, શક્તિશાળી છે, એટલા માટે આને વશમાં કરવું ઘણું મુશ્કેલ છે.

પરંતુ યોગાચાર્યોનો મત છે કે આ મુશ્કેલીઓ થોડા જ દિવસની હોય છે. જો અભ્યાસ બંધ કરવામાં ન આવે તો આ જ મન એક દિવસ સર્વોત્તમ સમીપસ્થ મિત્રની માફક અનુકૂળ આચરણ કરનારું થઈ જાય છે. ભગવાન કૃષ્ણએ અર્જુનની વાતનો સ્વીકાર કરતાં કહ્યું હતું – નિઃસંદેહ અર્જુન ! મન ઘણું જ ચંચળ છે, પરંતુ નિરંતર અભ્યાસથી તે પણ વશમાં આવી જાય છે. યોગ એક લાંબા સમયનો અભ્યાસ છે, જે લાંબા સમય સુધી તેમાં સ્થિર રહી શકે છે, તે જ અંતિમ સિદ્ધિ સુધી પહોંચી શકે છે. આ પહેલેથી જ મનમાં ઠસાવી દેવાની વાત છે.

ચિત્તવૃત્તિઓના નિરોધના બે ઉપાય છે – પહેલો મનોવૈજ્ઞાનિક, બીજો વૈજ્ઞાનિક. પ્રથમ પ્રકારના બધા જ ઉપાય માનસિક છે, તેમાં પોતાના મનને જ એ વાતને માટે રાજી કરવામાં આવે છે કે તે પોતે પોતાની જાતે સંસારની ક્ષણભંગુરતા અનુભવે અને એ વાતની જિજ્ઞાસા જાગૃત કરે કે ખરેખર આપણે છીએ શું, મનુષ્યરૂપી શરીરમાં આપણે કઈ રીતે ફસાઈને પડ્યા છીએ, કેવી રીતે તેનાથી મુક્તિ અને પૂર્ણ આનંદ, જેના માટે આપણી ઈચ્છા નિરંતર રહેલી છે, પ્રાપ્ત થઈ શકે છે.

યોગદર્શન પાદ ૧, સૂત્ર ૧૨ માં જણાવ્યું છે – **'अभ्यासवैराग्याभ्यान्तनिरोधः ।'** એટલે કે નિરંતર વૈરાગ્યનો અભ્યાસ કરવાથી મનની પાર્થિવ વૃત્તિ બદલાઈ જાય છે. આ વાતને ભગવાન કૃષ્ણએ **'अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ।'** નિરંતર વૈરાગ્યનો અભ્યાસ કરવાથી મનની વૃત્તિઓ ધીરે ધીરે વશમાં આવતી જાય છે.

બીજો ઉપાય છે – **''ईश्वर प्राणिं धानाद्वा'** (યોગ ૧/૨૩) એટલે કે પોતાની જાતને પરમાત્મામાં વિલીન કરવાનો અભ્યાસ કરવાથી મનની પ્રવૃત્તિઓ ઊર્ધ્વગામી થવા લાગે છે.

અહીં બતાવવામાં આવતી સાધનાવિધિનો પ્રતિદિન થોડી વાર સુધી અભ્યાસ કરવાથી પોતાનો વૈરાગ્ય અને ઈશ્વરપ્રાપ્તિનો ભાવ દઢ થાય છે. આ અભ્યાસ કોઈ પણ પોતાની સુવિધાનુસાર કરી શકે છે. જાણકારી માટે જુદા જુદા અભ્યાસ અહીં દર્શાવવામાં આવ્યા છે :



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૧) કોઈ સમતળ અને એકાંત સ્થાનમાં એક વસ્ત્ર પાથરીને ચત્તા સૂઈ જાવ, બંને પગ સીધા અને જોડેલા રાખો, બંને હાથ છાતીની ઉપર, હવે શરીરને પૂર્ણ નિશ્ચેષ્ટ કરીને બિલકુલ શિથિલ છોડી દો. એવું લાગવું જોઈએ જેમ પ્રાણ શરીરમાંથી નીકળીને પ્રકાશના એક ગોળાની માફક હવામાં સ્થિર થઈ ગયો છે અને શરીર મૃત અવસ્થામાં બેકાર પડ્યું છે. હવે એક એક અંગ પ્રત્યે ધ્યાન આપતા જાવ — કાલ સુધી આ જ આંખો સારી સારી વસ્તુઓ જોવા માટે હઠ કરતી હતી, હવે આજે શા માટે જોતી નથી અને આ મુખ જે સારું-સારું ખાવાનું માંગતું હતું કેવું બેકાર પડ્યું છે !

નાક, આંખ, મુખ, કંઠ, છાતી, હાથ-પગ વગેરે ઘૃણિત અંગોને વારંવાર જુઓ, જેમાં કફ, થૂંક, મળ-મૂત્ર સિવાય બીજું કશું જ રહ્યું પણ નથી. યથાર્થ વસ્તુ તો આત્મચેતના હતી, તે તો હજુ પણ મારી સાથે જ છે, શું મેં આ શરીરને માટે જ આ પ્રકાશ શરીરને, આત્માને ભુલાવી દીધું હતું ? અત્યાર સુધી આ શરીરને માટે જે પાપ કરી રહ્યો હતો, તે શું ઉચિત હતું ? આ પ્રકારના જ પ્રશ્નો પૂછવા જોઈએ, જેનાથી સાંસારિક ભાવ નષ્ટ થાય અને મન એ માનવાને વિવશ થાય કે આપણે હજુ સુધી ભ્રમમાં હતા — 'મનુષ્યનું યથાર્થ જીવન શરીર નહીં આત્મા છે.'

(૨) કોઈ શાંત, એકાંત સ્થાનમાં દર્ભ જેવું કોઈ પવિત્ર આસન પાથરીને બેસો. આસન સમતળ સ્થાન ઉપર હોવું જોઈએ. શરીર, માથું અને ડોકને સીધાં રાખીને અર્ધખુલાં નેત્રો વડે નાસિકાના આગળના ભાગને જુઓ. દૃષ્ટિ અને મનને ભટકવા ન દેતાં સ્થિર રાખો. જો ભટકે તો તેને ફરી-ફરીને પોતાનો મૂળ અભ્યાસ યાદ કરાવો અને એકાગ્રતા કેળવો.

જ્યારે મન શાંત હોય ત્યારે આવું ધ્યાન કરો કે હું પ્રકાશના એક કણ, તારા અથવા આગિયાના જેવો છું અને નીલા આકાશમાં ફરી રહ્યો છું. સૂર્યના જેવો જ તેના કરતાં હજારગણો મોટો અને તેજ ચમકવાળો એક પ્રકાશપિંડ આકાશમાં નજરે પડી રહ્યો છે, તેનાં જ કિરણો પ્રગટ થઈને અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્ત થઈ રહ્યાં છે. હજારો સૂર્ય તેની આજુબાજુ ચક્કર કાપી રહ્યા છે. હું જે અત્યાર સુધી એક લઘુ પ્રકાશકણના રૂપમાં અશક્ત, અજ્ઞાનગ્રસ્ત અને સીમાબદ્ધ થઈને પડ્યો હતો, હવે ધીરે ધીરે તે પ્રકાશપુંજમાં હવન થઈ રહ્યો છું, હવે હું રહ્યો જ નથી. કાં તો કરોડો કોસના વિસ્તારવાળું ગાઢું ભૂરું આકાશ છે કાં તો પછી એ જ દિવ્યપ્રકાશ, જેમાં ભળીને હું મને પોતાને સર્વવ્યાપી, સર્વદર્શી, સર્વજ્ઞ અને સર્વસમર્થ અનુભવી રહ્યો છું.

આ બે અભ્યાસ વૈરાગ્ય અને ઈશ્વરપ્રાપ્તિની ઈચ્છાને વધારવામાં ઘણા સહાયક થઈ શકે છે. પોતાની સુવિધાનુસાર કોઈ પણ સ્ત્રી-પુરુષ આ સાધનાઓનો અભ્યાસ કરી શકે છે.

ઉપરોક્ત બે અભ્યાસ મહત્ત્વપૂર્ણ છે. આનાથી મનોનિગ્રહમાં સહાયતા મળી શકે છે, પરંતુ આટલું કરવાથી જ મન વશમાં આવી જાય એવું કંઈ જરૂરી નથી. આજે આપણે જે સ્થિતિમાં છીએ, તે કેટલાય જન્મોનું વિકસિત રૂપ છે. મનુષ્યના પૂર્વજન્મોનાં પાપ અને વાસનાઓના સંસ્કાર જે મનમાં કેટલાંય થરોમાં હોય છે, તે વારંવાર એ જ વાસનાઓની તરફ ખેંચાય છે, એટલા માટે સાધકની વૃત્તિઓ ગમે ત્યારે ઉદ્દીપ્ત થઈ ઊઠે છે. તેના માટે વૈજ્ઞાનિક વિધિઓ ઉપયોગમાં લેવામાં આવે છે. શરીર અને મનની અંતરંગ સફાઈ યૌગિક ક્રિયાઓ વડે કરી શકાય છે. ત્યારે જ નિર્મળતા આવે છે. એટલા માટે આત્મસાક્ષાત્કારની ઇચ્છા રાખવાવાળા કોઈપણ સાધકને માટે એ જરૂરી થઈ જાય છે કે તે અષ્ટાંગયોગનો અભ્યાસ કરતો રહીને, આત્માનો વિકાસ પરમાત્મા તરફ કરે. આ આઠ અંગ ક્રમશઃ (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન અને (૮) સમાધિ છે. આનો અભ્યાસ કરવાથી કઠિન મલિનતાઓ પણ નષ્ટ થઈ જાય છે અને નિર્મળ જ્ઞાન-પ્રકાશ તથા વિવેકબુદ્ધિની વૃદ્ધિ થાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યોગીઓની પાસે દેખાતી ઘણી જ સિદ્ધિઓ અને ચમત્કાર જેવી જણાતી અનુભૂતિઓ પણ આ જ આઠ અંગોમાં ઉત્તરોત્તર અભ્યાસ અને વિકાસ દ્વારા ઉપલબ્ધ થાય છે, પરંતુ તેનો કુલ લાભ તો આત્મા અથવા ઈશ્વરની પ્રાપ્તિ જ છે, એટલા માટે કોઈએ પણ ચમત્કાર અને સિદ્ધિઓની તરફ મન ન લગાવતાં ફક્ત આત્મ-કલ્યાણનો જ વિચાર કરવો જોઈએ.

આ આઠ અંગોની સંક્ષિપ્ત જાણકારી યોગ-સાધકને માટે આવશ્યક છે : (૧) યમ એટલે — અસત્યને મારવું. આપણા જીવનમાં છેતરામણી, કપટ, અન્યાય આદિનો સમાવેશ સત્ય પ્રત્યેની અનાસ્થાનું ફળ છે, અસત્યશીલ વ્યક્તિ જ પરમાર્થથી પછડાય છે, એટલા માટે આવી ક્ષણોમાં પોતાની જાતને સંભાળીને-બચાવીને રાખવી એને યમ કહે છે. તેના માટે પ્રારંભિક અભ્યાસ કોઈ એક વ્રતથી કરવો જોઈએ, ઉદાહરણરૂપે વધુ ન બોલવું, ખોટું ન બોલવું, કરેલા ઉપકારને ન ભૂલવો, કોઈની ઈર્ષ્યા ન કરવી આદિ એવો કોઈ એક સંકલ્પ લો. જ્યારે તેનો સારી રીતે અભ્યાસ થઈ જાય ત્યારે બીજો, આમ કરતા રહીને બધાં જ અસત્ય આચરણ છોડવાથી યમસિદ્ધિ થાય છે.

(૨) નિયમ તેનું પૂરક અંગ છે, એટલે કે બૂરાપણાની સાથે સારાપણું અથવા કોઈ સત્યનું અનુશીલન નિયમ કહેવાય છે. તેનાથી ખરાબ સંસ્કારોના સ્થાન પર શ્રેષ્ઠ સદ્‌ગુણોની પ્રતિષ્ઠા થાય છે.

(૩) આસન — લાંબો સમય નિશ્ચલ થઈને બેસવાની ક્રિયાને આસન કહે છે, પરંતુ આવું ત્યારે થઈ શકે છે, જ્યારે શરીરનું પ્રત્યેક અંગ સ્વસ્થ હોય. સ્વાસ્થ્યને માટે જેટલા પણ ઉપાય ડૉક્ટરો, વૈદ્યો અને વૈજ્ઞાનિકોએ શોધ્યા છે, તે બધા જ બાહ્ય છે અને અપૂર્ણ જાણકારીવાળા છે. યોગનિષ્ણાતોએ જોયું કે શરીરમાં જ ભગવાને એ બધી જ શક્તિઓ અને સામગ્રીઓ પહેલેથી જ રાખી છે, જેનો યથોચિત ઉપયોગ કરીને કોઈ પણ વ્યક્તિ પૂર્ણતયા સ્વસ્થ તથા નીરોગી રહી શકે છે. આસન તે સ્થાનોને જે શરીરના મર્મ અને વિશેષ મહત્ત્વનાં છે, ખોલવા અને લાભ લેવાની વૈજ્ઞાનિક રીત છે. ૮૪ પ્રકારનાં આસન શરીરને સુગઠિત અને શક્તિશાળી જ નહીં, શુદ્ધ અને રોગમુક્ત પણ કરે છે, જેના અભ્યાસ વડે રોગી વ્યક્તિ પણ ઔષધોપચારની માફક સ્વાસ્થ્યલાભ મેળવી શકે છે.

(૪) પ્રાણાયામનો સંબંધ ફક્ત શ્વાસ ખેંચવા, રોકવા અને શ્વાસ છોડવા માત્ર સાથે નથી પરંતુ શરીરની સંપૂર્ણ ચેષ્ટાઓનું નિયંત્રણ પણ પ્રાણાયામ વડે જ થાય છે. છીંક, બગાસું, અંગડાઈ, આંખો પટપટાવી, વારંવાર થૂંક ગળવું, લઘુશંકા જેવી ક્રિયાઓ શરીરમાં સ્વતઃ ઉત્પન્ન થાય છે. આ ન તો મનુષ્યની ઈચ્છાથી થાય છે અને નથી આની ઉપર સામાન્ય મનુષ્ય નિયંત્રણ રાખી શકતો. આ શરીરના વિભિન્ન પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન આદિ વાયુઓના ગુણ-ધર્મ છે, તેની જાણકારી હોવી અને નિયંત્રણ કરવાનું આખું વિજ્ઞાન પ્રાણાયામ કહેવાય છે. જીવિત અવસ્થામાં જ સૂક્ષ્મ શરીરમાંથી બહાર નીકળી આવવું, દૂરગમન, દુરાનુભૂતિ, પરકાયા-પ્રવેશ વગેરે બધાં પ્રાણાયામના જ ચમત્કાર છે, પરંતુ આ તો બધી પછીની વાત છે. શરૂઆતમાં આનો ઉપયોગ મનોનિગ્રહને માટે થાય છે, તેનાથી મનની નિર્મળતા વધે છે, જેનાથી મન પોતાની જાતે શાંત અને પ્રફુલ્લિત બનવા લાગે છે.

(૫) મનને બાહ્ય વિષયોથી રોકવાને માટે પ્રત્યાહાર કરવો પડે છે. મન ખરેખર બીજું કશું જ નહીં, અન્નનો જ સૂક્ષ્મ સંસ્કાર છે. અન્ન જ રક્ત-રસ, માંસ-મજ્જા, અસ્થિ-વીર્ય આદિ બનતું રહીને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર વગેરે સૂક્ષ્મ શક્તિઓ અંતઃકરણ ચારના સમૂહરૂપે પરિલક્ષિત થાય છે. જો આપણે આપણો આહાર શુદ્ધ કરી લઈએ તો એ સ્વાભાવિક છે કે આપણું અંતઃકરણ પણ શુદ્ધ થઈ જાય. ખાટી શેરડીનો ગોળ ખાટો બને છે, તે જ રીતે દૂષિત અન્નનું મન પણ દૂષિત જ હશે. મનને શુદ્ધ અને પવિત્ર રાખવાને માટે શુદ્ધ આહાર જરૂરી છે. આ બધી જ જાણકારી પ્રત્યાહારની અંતર્ગત આવે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૬) ધારણા મનને કોઈ એક સ્થાન અથવા દેશમાં સ્થિર કરવાને કહે છે. પ્રકાશ વિશે કહેવાય છે કે તેનો એક કણ એક સેકંડમાં ૧,૮૬,૦૦૦ માઈલ ચાલે છે, પરંતુ મનની ગતિના વિષયમાં વૈજ્ઞાનિકો આજ સુધી હજારો કોશિશો કરવા છતાં પણ જાણી નથી શક્યા. મનના ચાલવાની શ્રેણીની પણ જાણકારી મળી નથી, પરંતુ એ એક અતિ સમર્થ શક્તિ છે, એ બધાં જ જાણી ચૂક્યા છે. તેનાથી કોઈ એટલા માટે લાભ લઈ નથી શકતા, કારણ કે તે ઘણું અધિક ચંચળ છે, સ્થિર રહેવાનો તેનો સ્વભાવ નથી. ધારણા શક્તિના દ્વારા મનને કોઈપણ સ્થાન ઉપર રોકીને વિશ્લેષણ કરાવવાનું એવી રીતે શીખવાડે છે, જેમ મદારી વાંદરાને, સરકસવાળા વાઘને. ધારણાથી મનને એક સ્થાન ઉપર રોકવાનો અભ્યાસ થઈ શકે છે.

(૭) ધ્યાન પણ ધારણાની જ સ્થિતિ છે, પરંતુ તેમાં ઇન્દ્રિયોની ચેષ્ટાઓ ભલે પછી તે સૂક્ષ્મ જ કેમ ન હોય, સમાપ્ત થઈ જાય છે, એટલા માટે મન અન્યના મનની, પદાર્થોની, બીજા કોઈની થઈ રહેલી વાતચીત આદિની જાણકારી હજારો માઈલ દૂર બેઠેલું હોવા છતાં જાણી લેવામાં સમર્થ થવા લાગે છે. દૂરશ્રવણ, દૂરદર્શન, ભવિષ્યજ્ઞાન આદિ ધ્યાનની જ સિદ્ધિઓ છે.

(૮) અને આ રીતે જ્યારે ધ્યાન પૂર્ણપણે નિશ્ચેષ્ટ થઈને કેવળ માત્ર અતીન્દ્રિય સુખમાં જ સ્થિર થઈ જાય તેવી અવસ્થા સમાધિ કહેવાય છે. આને માટે કોઈ અભ્યાસ કરવો પડતો નથી. ઉપરોક્ત સાતેય અવસ્થાઓથી પાકેલી સ્થિતિ જ સમાધિ છે. આ અવસ્થામાં પહોંચેલો યોગી પોતાના શરીરમાં જ વિરાટ બ્રહ્મનાં દર્શન કરે છે. 'સદાસાર સ્તોત'માં જગદ્‌ગુરુ શંકરાચાર્યે તેનું જ વર્ણન કરતાં લખ્યું છે —

**देहो देवालयो प्रोक्तो देही देवो निरंजन ।**
**अर्चितं सर्वभावेन स्वानुभूत्या विराजते ॥**

એટલે કે — યોગ્ય પ્રકારથી યોગાભ્યાસ અને પરમાર્થ કરવાથી આ જ શરીરમાં નિરંજન પરમાત્માનાં દર્શન થાય છે.

આ યોગ સંસારમાં હર કોઈને માટે સુલભ છે. ઊંચ-નીચ, સ્ત્રી-પુરુષ, જાત-પાતનો કોઈ ભેદ નથી.

**ब्राह्मण क्षत्रिय विशां स्त्री शूद्राणां च पावनम्,**
**शांतये कर्मणामन्य द्योगान्नास्ति विभुक्तये ।**
**युवा वृद्धोऽतिवृद्धो वा व्याधिष्ठो दुर्बलोऽपिवा,**
**अभ्यासात्सिद्धिमाप्नोति सर्वं योगेष्वतंद्रितः ॥**

— હઠયોગ પ્રદીપિકા

એટલે કે — બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને સ્ત્રી યોગનો અધિકાર સૌને છે. યુવક હોય કે વૃદ્ધ અને જેનું શરીર ઘણું જ જીર્ણ થઈ ગયું હોય, જે બીમાર, રોગી તથા ઇન્દ્રિયોની દુર્બળતાથી ઘેરાયેલા છે, તે પણ યોગનો અભ્યાસ કરી શકે છે. આ દરેકને સિદ્ધિ, શાંતિ અને મુક્તિ આપનારો માર્ગ છે. આનાથી મોટું અન્ય કોઈ સાધન આત્મિક પ્રસન્નતાની પ્રાપ્તિને માટે સંસારમાં છે જ નહીં.

*સફળતાનો માર્ગ જોખમોનો માર્ગ છે. જેનામાં જોખમો સામે લડવાનું સાહસ અને સંઘર્ષ કરવાની ઇચ્છા હશે, તેણે જ સિદ્ધિના માર્ગ ઉપર કદમ વધારવા જોઈએ. જે જોખમોથી ડરે છે, જેમને કષ્ટ સહન કરવાથી ભય લાગે છે, કઠોર પરિશ્રમ કરવાનું જેમને નથી આવડતું, તેમણે પોતાના જીવનને ઉન્નતશીલ બનાવવાની કલ્પના કરવી ન જોઈએ. અદમ્ય ઉત્સાહ, અતૂટ સાહસ, અવિચલ ધૈર્ય, નિરંતર પરિશ્રમ અને જોખમો સામે લડવાનો પુરુષાર્થ જ કોઈનું જીવન સફળ બનાવી શકે છે.*

*— પં. શ્રીરામ શર્મા આચાર્ય*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મવિજ્ઞાનની સાચી જાણકારી તો મેળવો

અધ્યાત્મવિજ્ઞાનનું આખું માળખું આ જ પ્રયોજનને માટે ઊભું કરવામાં આવ્યું છે. મનુષ્ય પોતાના ઉચ્ચ સ્તર વડે પોતાની દુર્બળતાઓના કારણે જ અધઃપતિત થાય છે અને દુઃખ, ક્લેશભર્યું નરક ભોગવે છે. મનુષ્યને આ વિશ્વની સાથે સંપર્ક રાખીને સુખાનુભૂતિ પ્રાપ્ત કરવાનાં ત્રણ ઉપકરણ મળેલાં છે. જો તે તેનો યોગ્ય રીતનો ઉપયોગ જાણી શકે તો તેને ડગલે ને પગલે એવો અનુભવ થતો રહેશે કે આ સંસાર કેટલો સુંદર અને જીવન કેટલું મધુર છે. આ ત્રણ ઉપકરણનાં નામ છે – અંતરાત્મા, મન અને ઇંદ્રિયસમૂહ.

ઇંદ્રિયોની રચના એવી અદ્ભુત છે કે દૈનિક જીવનની સામાન્ય પ્રક્રિયામાં જ તેને ડગલે ને પગલે અસાધારણ સરસતા અનુભવાય છે. પેટ ભરવાને માટે ભોજન કરવું સ્વાભાવિક છે. ભગવાનની મોટાઈ તો જુઓ કે તેણે દૈનિક જીવનની શરીરયાત્રા માત્રની નિતાંત સ્વાભાવિક પ્રક્રિયાને કેટલી સુંદર બનાવી દીધી છે. ઉપયુક્ત ભોજન કરતાં જીવને કેવો રસ મળે છે અને ચિત્તને તેની અનુભૂતિ વડે કેવી પ્રસન્નતા મળે છે.

આંખનું સાધારણ કામ છે વસ્તુઓને જોવી, જેથી આપણી જીવનયાત્રા સારી રીતે ચાલતી રહી શકે, પરંતુ આંખોમાં કેટલી અદ્ભુત વિશેષતા ભરી દીધી છે કે તે રૂપ, સૌંદર્ય, કૌતુક, કુતૂહલ જેવી રસભરી અનુભૂતિઓ ગ્રહણ કરીને ચિત્તને પ્રફુલ્લિત બનાવે છે. સંસારમાં ઉત્પાદન, પરિપુષ્ટિ, વિનાશનો ક્રમ નિતાંત સ્વાભાવિક છે. મધ્યવર્તી સ્થિતિમાં દરેક વસ્તુ તરૂણ હોય છે અને સુંદર લાગે છે. શું પુષ્પ, શું મનુષ્ય હર કોઈને ત્રણે સ્થિતિઓમાં થઈને પસાર થવું પડે છે. મધ્યકાલ સૌંદર્યપ્રધાન લાગે છે. ખરેખર આ ત્રણેય સ્થિતિઓ પોતાના ક્રમ, પોતાના સ્થાન અને પોતાના સમયથી સુંદર છે, પરંતુ આંખોને સારા-ખરાબનો ભેદ પારખીને મધ્ય સ્થિતિને સુંદર સમજવાની કેટલીક અદ્ભુત વિશેષતા મળી છે. ફળસ્વરૂપ જે કાંઈ ખૂલીને વિકસિત, પરિપુષ્ટ દેખાય છે તેટલું સુંદર લાગે છે. સુંદર-બેડોળનું તાત્ત્વિક દૃષ્ટિએ અહીં કશું જ અસ્તિત્વ નથી, પરંતુ આપણી અદ્ભુત આંખો જ છે જે પોતાની સૌંદર્યાનુભૂતિવાળી વિશેષતાના કારણે આપણા દૈનિક જીવન સાથે સંબંધિત સમીપવર્તી વસ્તુઓમાંથી સૌંદર્યવાળો ભાગ જોતી, આનંદ અનુભવ કરતી, ઉલ્લાસિત અને પુલકિત થાય છે તથા ચિત્તને પ્રસન્ન કરે છે.

આ જ રીતે જનનેન્દ્રિયની પ્રક્રિયા છે. પ્રજનન માખી-મચ્છરો, કીટ-પતંગિયાં, બીજ-અંકુરોમાં પણ ચાલતું રહે છે. આ સૃષ્ટિનો સરળ સ્વાભાવિક ક્રમ છે, પરંતુ આપણી જનનેન્દ્રિયમાં કેવો અજીબ ઉલ્લાસ તરબોળ કરી દીધો છે કે સંભોગની ક્ષણે જ નહીં – તેની કલ્પના પણ મનના ખૂણેખૂણામાં રોમાંચ, આનંદ, ઉમંગ અને આતુરતા ભરી દે છે. ખરી રીતે વાતમાં કશું જ નથી. બે શરીરોના બે અવયવોનો સ્પર્શ – એમાં નિરાળું શું છે? અદ્ભુત શું છે? ઉપલબ્ધિ શી? અને પછી સ્પર્શનો કોઈ પ્રભાવ હોય તો પણ તેની કલ્પનામાત્રથી કઈ રીતે, કેમ, શા માટે ચિત્તને બેચેન કરનારી લલક પેદા થવી જોઈએ? વાતમાં દમ કશો જ નથી. જનનેન્દ્રિયની રચનામાં એક અદ્ભુત પ્રકારની રસિકતાનો સમાવેશ માત્ર છે, જે આપણને સામાન્ય સ્વાભાવિક દાંપત્યજીવનના વાસ્તવિક કે કાલ્પનિક, પ્રત્યક્ષ અને પરોક્ષ ક્ષેત્રમાં એક વિચિત્ર પ્રકારની રસાનુભૂતિ ઉત્પન્ન કરીને, જીવવા માત્રને માટે પ્રયુક્ત થનારા જીવનને નિરંતર ઉમંગોથી ભરતું રહે છે.

ઉપર જીભ, આંખ અને જનનેન્દ્રિયની ચર્ચા થઈ, કાન અને નાકના વિષયમાં પણ આ જ રીતે સમજવું જોઈએ. ઇંદ્રિયસમૂહે પોતાની સાથે રસાનુભૂતિની વિલક્ષણતા એટલા માટે ધારણ કરેલ છે કે સરસ, સ્વાભાવિક, સામાન્ય જીવનક્રમ આમ જ નીરસ ઢગલાની જેમ જીવવાને માટે મળેલું પ્રતીત ન થતાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમાં દરેક ક્ષણે ઉત્સાહ, ઉલ્લાસ, રસ, આનંદ વણાયેલો રહે અને તેને મેળવતા રહેવાને માટે જીવનની ઉપયોગિતા, સાર્થકતા અને સરસતાનું ભાન થતું રહે. ઇંદ્રિયસમૂહ આપણને આવા જ પ્રયોજનને માટે મળ્યો છે. જો તેનો યોગ્ય, સંયમપૂર્ણ, વિવેકપૂર્ણ, વ્યવસ્થાપૂર્વક ઉપયોગ કરવામાં આવે, તો આપણું ભૌતિક-સાંસારિક જીવન ડગલે ને પગલે સુંદરતા, આનંદ મેળવી શકે છે.

બીજું ઉપકરણ મન એટલા માટે મળ્યું છે કે સંસારમાં જે કાંઈ ચેતન છે, તેની સાથે પોતાની ચેતનાનો સ્પર્શ કરીને વધારે ઊંચા સ્તરની આનંદાનુભૂતિ પ્રાપ્ત કરી શકીએ. ઇન્દ્રિયો જડ શરીર સાથે સંબંધ ધરાવે છે. જડ પદાર્થોને સ્પર્શ કરીને તેના સંસર્ગનું સુખ લૂંટે છે. જડનો જડ સાથેનો સ્પર્શ પણ કેટલો સુખદ હોઈ શકે છે, એ વિચિત્રતાનો અનુભવ આપણને ઇંદ્રિયોના માધ્યમ વડે થાય છે. ચેતનનું ચેતન સાથે, જીવધારીનું જીવધારીની સાથે સ્પર્શ-સંપર્ક હોવાથી મિત્રતા, મમતા, મોહ, સ્નેહ, સદ્ભાવ, ઘનિષ્ઠતા, દયા, કરુણા, પ્રસન્નતા જેવી અનુભૂતિઓ થાય છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં દ્વેષ, ઘૃણા જેવા ભાવ પણ ઉત્પન્ન થાય છે, પરંતુ તેનું અસ્તિત્વ છે એટલા માટે કે મિત્રતાના વાતાવરણમાં સંપર્ક, સંસર્ગનો આનંદ ફેલાતો રહે. જો અંધકાર ન હોય તો પ્રકાશની વિશેષતા જ નાશ પામશે. ખરેખર તો મનની રચના અન્યના સંપર્ક, સહયોગ, સ્નેહભાવોના આદાન-પ્રદાનનું સુખ પ્રાપ્ત કરવામાં છે. ખેલ-મેળામાં, સભા-સંમેલનોમાં જવાની ઇચ્છા એટલા માટે જ થાય છે. એવાં જનસંકુલ સ્થાનોના કારણે વ્યક્તિઓની ઘનિષ્ઠતા ભલે ન હોય, પરંતુ સમીપતાનું અદૃશ્ય સુખ તો અનાયાસે મળે જ છે.

જોકે ઇન્દ્રિયસુખ અને જનસંપર્કની ઘનિષ્ઠતામાં સહાયક એક અન્ય નવું માધ્યમ સભ્યતાના વિકાસની સાથે સાથે તૈયાર થઈ ઊભું થયું છે. એટલા માટે હવે તે પણ પ્રિય લાગવા લાગ્યું છે — આ ત્રીજા મનુષ્યકૃત આકર્ષણ તત્ત્વનું નામ છે — ધન, જેમાં સ્વભાવતઃ કોઈ આકર્ષણ નથી. આનામાં ઇન્દ્રિયસમૂહ અથવા મનને પુલકિત કરવાવાળી કોઈ સીધી ક્ષમતા છે નહીં. ધાતુના સિક્કા અથવા કાગળના ટુકડા ભલા મનુષ્યને માટે પ્રત્યક્ષતઃ શા માટે આકર્ષક હોઈ શકે ? પરંતુ કેમ કે સમાજવ્યવસ્થા અનુસાર ધન દ્વારા ઇન્દ્રિયસુખનાં સાધન પ્રાપ્ત થાય છે, મૈત્રી પણ સંભવ બને છે, એટલા માટે ધન પણ પ્રકારાંતર રૂપથી મનનો પ્રિય વિષય બની ગયો. અસ્તુ, ધનની ગણના પણ સુખદાયક માધ્યમોની સાથે જોડી દેવામાં આવી છે.

જીવાત્માએ ત્રણ શરીરોને ધારણ કરેલાં છે. ત્રણેયની ત્રણ રસાનુભૂતિઓ છે. બેની ચર્ચા ઉપર થઈ ચૂકી છે. સ્થૂલ શરીરની સરસતા-ઇન્દ્રિયસમૂહની સાથે જોડાયેલી છે. આહાર, નિદ્રા, ભય, મૈથુન જેવાં સુખ ઇન્દ્રિયો દ્વારા જ મળે છે. સૂક્ષ્મ શરીરનું પ્રતીક મન છે. મનની સરસતા મૈત્રી ઉપર, જનસંપર્ક ઉપર અવલંબિત છે. પરિવાર મોહથી લઈને સમાજ-સંબંધ, નેતૃત્વ, સંમેલન, ઉત્સવ-આયોજન જેવા સંપર્કપરક અવસર મનને સુખ આપે છે. ઘટિત થનારી ઘટનાઓને પોતાની ઉપર ઘટિત થવાની સૂક્ષ્મ સંવેદના ઉત્પન્ન કરીને એ સમાજની અનેક હલચલો સાથે પોતાને પણ સાંકળી લે છે અને તે ઘટનાક્રમોની ખાટી-મીઠી અનુભૂતિઓ ઉપલબ્ધ કરે છે. ઉપન્યાસ, સિનેમા, અખબાર, રેડિયો વગેરે મનને આ જ આધાર ઉપર આકર્ષિત કરતાં વધુ પ્રિય લાગે છે.

ત્રીજું રસાનુભૂતિ ઉપકરણ છે — અંતરાત્મા. તેનું કાર્યક્ષેત્ર કારણશરીર છે. તેમાં ઉત્કૃષ્ટતા, ઉત્કર્ષ, પ્રગતિ, ગૌરવની પ્રવૃત્તિ રહે છે, જે ઉચ્ચ ભાવનાઓના માધ્યમ વડે ચરિતાર્થ થાય છે. મનુષ્યની શ્રેષ્ઠતા અને સન્માર્ગ-ગામિતા પ્રખર થતી રહે, તેના માટે તેમાં પણ એક રસાનુભૂતિ વિદ્યમાન છે — તેનું નામ છે વર્ચસ્વ, યશ, કામના, નેતૃત્વ, ગૌરવ-પ્રદર્શન. તે આકાંક્ષાથી પ્રેરિત થઈને મનુષ્ય અગણિત પ્રકારની સફળતાઓ પ્રાપ્ત કરે છે, જેથી તે સ્વયં અન્યની તુલનામાં પોતે પોતાને શ્રેષ્ઠ પુરુષાર્થી, પરાક્રમી, બુદ્ધિમાન અનુભવીને સુખ પ્રાપ્ત કરે અને બીજા લોકો પણ તેની વિશેષતાઓ, વિભૂતિઓથી પ્રભાવિત થઈને તેને યશ, માન પ્રદાન કરે.

સંક્ષેપમાં આ મનુષ્યનાં ત્રણ શરીરોની ત્રણ રસાનુભૂતિઓની ચર્ચા થઈ. આપણી અગણિત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યોજનાઓ, ઇચ્છા, આકાંક્ષાઓ—ગતિવિધિઓ આ જ ત્રણ મૂળ પ્રવૃત્તિઓની આસપાસ ફરે છે.

મનુષ્યની ભૂલ ત્યારે શરૂ થાય છે, જ્યારે તે આ ત્રણે રસાનુભૂતિઓને અમર્યાદિત થઈને — અનાવશ્યક માત્રામાં ખૂબ ઝડપથી, ઉચિત મૂલ્ય ચૂકવ્યા વગર મેળવવાને માટે આકુળ-આતુર થઈ ઊઠે છે અને લૂંટ-ફાટની મનોવૃત્તિ અપનાવીને અવાંછનીય ગતિવિધિઓ અપનાવી લે છે. વિગ્રહ આના લીધે જ ઉત્પન્ન થાય છે. આ ઉતાવળ જ પાપનું કારણ છે. જીવનમાં અવ્યવસ્થા અને અસ્તવ્યસ્તતા આના કારણે જ ઉત્પન્ન થાય છે. પતન પણ આ ભૂલનું જ પરિણામ છે. અપરાધી, દુષ્ટ અને ઘૃણિત બનવાનું કારણ એ ઉપલબ્ધિઓને માટે અનુચિત માર્ગ અપનાવવો જ છે. ઉતાવળી વ્યક્તિ આતુરતામાં વિવેક ખોઈ બેસે છે અને ઔચિત્યને ભૂલીને ઘણી જલદી વધુ માત્રામાં ઉપર્યુક્ત સુખોને મેળવવાને માટે અસંતુષ્ટ થઈને એક પ્રકારથી ઉચ્છૃંખલ થઈ ઊઠે છે. આ અમર્યાદિત સ્થિતિ તેના માટે મુશ્કેલી બની સામે આવે છે. સરળ-સ્વાભાવિક રીતથી જે શાંતિપૂર્વક મળી રહ્યું હતું — મળતું રહે એવું હતું, તે પણ હાથમાંથી ચાલ્યું જાય છે અને શારીરિક રોગ, માનસિક ઉદ્વેગ, સામાજિક તિરસ્કાર, આર્થિક અભાવ આત્મિક શાંતિનાં સંકટોથી ઘેરાયેલું જીવન નર્ક બની જાય છે. અધિકને માટે ઉતાવળો મનુષ્ય સરળ-સ્વાભાવિકને પણ ખોઈને ઊલટો શોક-સંતાપ, કષ્ટ-કલેશ તેમજ અભાવ-દરિદ્રતામાં ફસાઈ જાય છે. સામાન્ય રીતે મનુષ્યો આવી ભૂલ કરતા હોય છે. આવી ભૂલોને જ માયા, અજ્ઞાન, અવિદ્યા જેવાં નામોથી બોલાવે છે. આવી જ ભૂલો ડગલે ને પગલે ઈશ્વરપ્રદત્ત મળનારી સરસતા સરસતાથી વંચિત રાખે છે અને આના જ કારણે જીવની ઊર્ધ્વગતિની જગ્યાએ અધોગતિ થાય છે.

અધ્યાત્મવિદ્યાનો ઉદ્દેશ્ય મનુષ્યના ચિંતન અને કાર્યશક્તિને અમર્યાદિત ન થવા દેવા, અવાંછનીયતા ન અપનાવવાને માટે જરૂરી વિવેક અને સાહસ ઉત્પન્ન કરે છે. મનુષ્ય પોતાના લક્ષને, અસ્તિત્વને, વ્યવહારને યોગ્ય રીતે સમજે. યોગ્ય માર્ગ અપનાવીને યોગ્ય પરિણામ મેળવતા રહીને, પ્રગતિના પથ ઉપર નિરંતર આગળ વધતો રહે. અપૂર્ણતામાંથી પૂર્ણતામાં વિકસિત થાય. આવું જ માર્ગદર્શન કરવું — એનું વ્યવહારિક સમાધાન પ્રસ્તુત કરવું, આત્મવિદ્યાનું મૂળ પ્રયોજન છે.

સ્થૂળ શરીરનો યોગ્ય ઉપયોગ કઈ રીતે થાય ? ઇન્દ્રિયસમૂહને વ્યવસ્થિત અને સંતુલિત કેવી રીતે રાખી શકાય ? પારસ્પરિક સંબંધોમાં ઔચિત્યની, મર્યાદાની રક્ષા કરતા રહી અધિકાધિક સ્નેહ-સદ્ભાવ કઈ રીતે મેળવી શકાય ? આત્મોત્કર્ષની પ્રગતિ અને શ્રેષ્ઠતાની સ્થિતિ કઈ રીતે મળે ? આ બધા જ પ્રશ્નોનું સમાધાન શોધવાને માટે આત્મવિજ્ઞાનની જ સહાયતા લેવી પડે છે. અંતરાત્મા, મન અને ઇન્દ્રિય-સમૂહનું પ્રયોજન અને ઉપભોગ આ વિજ્ઞાનના આધાર ઉપર જ જાણી શકાય છે. સાંસારિક વસ્તુઓનો સમુચિત ઉપયોગ કરી શકવાની જેટલી વધુ અને જેટલી સાચી જાણકારી હશે, એટલી ભૌતિક જીવનમાં સુવિધા હશે, પરંતુ જે જેટલો અજાણ્યો હશે તે એટલો જ અભાવગ્રસ્ત, આપત્તિગ્રસ્ત અને અસફળ રહેશે. બસ આવી જ રીતે સુખી, સંતુષ્ટ અને સમુન્નત જીવન જીવવાને માટે આત્મવિજ્ઞાનની યોગ્ય જાણકારીનું હોવું જરૂરી છે. આના વગર આપણું ચેતનતત્ત્વ ખિન્ન, પતિત અને દુર્ગતિની સ્થિતિમાં જ પડ્યું રહેશે.

*હાથ પુણ્યની સમીપ પહોંચ્યો તો તેણે પૂછ્યું — આ સઘન સમીપતાનો શો ઉદ્દેશ્ય છે બંધુ ? ઉત્તર આપતાં હાથે કહ્યું — તારી ઉપર ઉપકાર કરવા આવ્યો છું. દેવતાની સમીપ તને પહોંચાડવાનો વિચાર છે. પુષ્પ ઉદાસ થઈ ગયું. તેણે કહ્યું — દેવતા સુધી તો સૌભાગ્યશાળી ફૂલ પહોંચી જ જાય છે. આ નિરીહ પતંગિયા અને મધમાખીઓને કામમાં આવતું રહેત અને જ્યાં જન્મ લીધો ત્યાં જ ખાતર બનીને ગળી જાત તો મારા માટે અધિક સંતોષની વાત હોત.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંજીવની એટલે આત્મવિશ્વાસ

સ્વામી રામતીર્થ કહેતા હતા – ધરતીને હલાવવાને માટે ધરતીની બહાર જઈ ઊભા રહેવાની જરૂર નથી; જરૂર છે આત્માની શક્તિને જાણવા-જગાડવાની. આ ઉક્તિમાં આત્મશક્તિની એવી મહત્તાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, જેનું બીજું નામ આત્મવિશ્વાસ છે. એનો સાક્ષાત્કાર કરીને કોઈ પણ વ્યક્તિ પોતાનામાં તથા પોતાના પરિવારમાં આશાભર્યું પરિવર્તન કરી શકે છે. વિવેકાનંદ, બુદ્ધ, ઈશુ, સુકરાત અને ગાંધીની પ્રચંડ આત્મશક્તિએ યુગના પ્રવાહને વળાંક આપ્યો. વીતેલા સ્વતંત્રતા-સંગ્રામમાં મહાત્મા ગાંધીએ સશક્ત બ્રિટિશ સામ્રાજ્યનો પાયો હચમચાવી નાંખેલ. તેમણે પોતાની દૃઢ સંકલ્પશક્તિ તથા આત્મવિશ્વાસના સહારે અંગ્રેજોને ભારત છોડવાને માટે વિવશ કરેલ. સ્વામી વિવેકાનંદ અને રામતીર્થ જ્યારે સંન્યાસીનો વેશ ધારણ કરી અમેરિકા ગયા ત્યારે ઉપહાસના પાત્ર બન્યા, પરંતુ પછીથી તેમણે આત્મવિશ્વાસના સહારે વિશ્વને જે કાંઈ આપ્યું છે તે અદ્વિતીય છે.

આત્મવિશ્વાસની સમક્ષ વિશ્વની મોટામાં મોટી શક્તિ ઝૂકે છે અને ભવિષ્યમાં ઝૂકતી રહેશે. આ જ આત્મવિશ્વાસના આધારે આત્મા અને પરમાત્માની વચ્ચે તાદાત્મ્ય ઉત્પન્ન થાય છે તથા અજસ્ર શક્તિનાં સ્રોતનાં દ્વાર ખુલી જાય છે. મુશ્કેલ પરિસ્થિતિઓ અને હજારો વિપત્તિઓની વચ્ચે પણ મનુષ્ય આત્મવિશ્વાસના સહારે આગળ વધે છે તથા પોતાની મંજિલ ઉપર પહોંચીને રહે છે.

માનવજાતિની ઉન્નતિના ઇતિહાસમાં મહાપુરુષોના આત્મવિશ્વાસનું અસીમ યોગદાન રહ્યું છે. ભૌતિક દૃષ્ટિએ મળતી અસફળતાઓને શિરોધાર્ય કરતા રહીને પણ તેમણે વિશ્વાસ ન છોડ્યો અને અભીષ્ટ સફળતા પ્રાપ્ત કરી. આત્મવિશ્વાસનું જીવનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. લૌકિક તેમજ અલૌકિક સફળતાઓનો આધાર આ જ છે. આના આધારે જ નિરાશામાં પણ આશાનું કિરણ દેખાય છે. દુઃખમાં પણ સુખનો આભાસ થાય છે. આનાથી મોટામાં મોટાં કાર્ય સંપન્ન થઈ શકે છે અને કરવામાં આવ્યાં છે. ચીનની દીવાલ, પિરામિડ, પનામા નહેર અને દુર્ગમ પર્વતો ઉપર બનાવેલી સડકો તથા ભવન આનાં પ્રત્યક્ષ પ્રમાણ છે.

ખરેખર બધી જ શારીરિક અને માનસિક શક્તિઓનો આધાર આત્મવિશ્વાસ જ છે. આના અભાવમાં અન્ય બધી જ શક્તિઓ સુપ્તાવસ્થામાં પડી રહે છે. જેવો આત્મવિશ્વાસ જાગૃત થાય છે, સાથે અન્ય શક્તિઓ પણ જાગી ઊઠે છે અને આત્મવિશ્વાસના આધારે અસંભવ લાગતાં કાર્યો પણ સરળતાથી પૂરાં થઈ જાય છે.

વ્યક્તિગત જીવનમાં પણ આત્મવિશ્વાસ જ સંપૂર્ણ સફળતાઓનો આધાર છે. વિશ્વાસના અભાવથી જ શ્રેષ્ઠતમ ઉપલબ્ધિઓથી લોકો વંચિત રહી જાય છે. અસફળતાઓનું કારણ છે – પોતાની ક્ષમતાને ઓળખી ન શકવું અને પોતાને અયોગ્ય સમજવું. જ્યાં સુધી પોતાને અયોગ્ય, હીન, અસમર્થ સમજવામાં આવશે, ત્યાં સુધી સૌભાગ્ય તેમજ સફળતાનાં દ્વાર બંધ જ રહેશે.

વ્યક્તિ જ્યારે પોતાની અંદર છુપાયેલી શક્તિઓનાં સ્રોતને જાણી લે છે ત્યારે તે પણ દેવતુલ્ય થઈ જાય છે. વિશ્વાસ જાગૃત થતાં જ આત્મામાં છુપાયેલી શક્તિઓ પ્રસ્ફુરિત થઈ ઊઠે છે. આપણી અંદર રહેલા શ્રેષ્ઠ વિચાર મહત્ત્વપૂર્ણ કાર્યના રૂપમાં પરિણત થઈ જાય છે. આનાથી ઊલટું પોતાના પ્રતિ અવિશ્વાસ કરવાથી તો શક્તિનાં સ્રોત સુકાઈ જાય છે અને લોકો ભંડાર ન હોવા છતાં પણ દીન અને દરિદ્ર જ બનેલા રહે છે.

પોતાના વિષયમાં જેવી માન્યતા ઘડવામાં આવે છે, લોકો દ્વારા પણ એવો જ વ્યવહાર કરવામાં આવે છે. જે લોકો પોતાને માટી સમજે છે, નક્કી કચડાય છે. ધૂળ ઉપર બધા જ પગ મૂકે છે, પરંતુ અંગારા ઉપર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કોઈ નથી મૂકતું. જે વ્યક્તિ મુશ્કેલ લાગતાં કાર્યોને પણ પોતાને યોગ્ય સમજે છે, પોતાની શક્તિ ઉપર વિશ્વાસ કરે છે, તેઓ ચારે તરફ પોતાને અનુકૂળ પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી લે છે. જે ક્ષણે વ્યક્તિ દઢતાપૂર્વક કોઈ કાર્યને પૂરું કરવાનો નિશ્ચય કરી લે છે, ત્યારે સમજવું જોઈએ કે અડધું કાર્ય તો પહેલાં જ પૂર્ણ થઈ ગયું. દુર્બળ પ્રકૃતિની વ્યક્તિ શેખચલ્લીની જેમ કોરી કલ્પનાઓ માત્ર કર્યા કરે છે, પરંતુ મનસ્વી વ્યક્તિ પોતાના સંકલ્પોને કાર્યરૂપમાં પરિણત કરી બતાવે છે.

વિરાટ વૃક્ષની શક્તિ નાનાસરખા બીજમાં છુપાયેલી હોય છે. આ જ બીજ ખેતરમાં વાવ્યા પછી ઉપયોગી ખાતર-પાણી પ્રાપ્ત કરીને મોટા છોડના રૂપમાં પ્રસ્ફુરિત થાય છે, તેવી જ રીતે મનુષ્યની અંદર પણ સમસ્ત સંભાવનાઓ અને શક્તિઓ બીજરૂપમાં છુપાયેલી છે, જેને વિવેકના જળથી અભિસિંચિત કરી તથા શ્રેષ્ઠ વિચારોનું ઉમદા ખાતર આપીને જાગૃત કરી શકાય છે. જો વ્યક્તિ પોતાની અંદરની અમૂલ્ય શક્તિ અને સામર્થ્યને જાણી લેવામાં સફળ થઈ જાય તો તે સામાન્યમાંથી અસામાન્ય અને અસામાન્યમાંથી મહાન બની શકે છે.

મનુષ્યોની સંગઠિત શક્તિ જો શ્રેષ્ઠ માર્ગ ઉપર ચાલી નીકળે તો વિશ્વનો કાયાકલ્પ કરી શકે છે. શક્તિ ઉદિત થતાં જ અસંભવ લાગતાં કાર્યો પણ સંભવ થઈ જાય છે, જેને પૂર્ણ થયેલાં જોઈને આશ્ચર્યનું ઠેકાણું નથી રહેતું.

માનવજીવન ઈશ્વર દ્વારા આપવામાં આવેલો સર્વોપરી ઉપહાર છે. તેનું મહત્ત્વ અને ગરિમા ત્યારે છે જ્યારે વ્યક્તિ આ પંગુ વિચારોને પોતાના મનમાં સ્થાન ન આપે. તેનાથી શક્તિનો પ્રવાહ બંધ થઈ જાય છે. ઈશ્વરીય અનુદાન અને આપવામાં આવેલી શક્તિનું મહત્ત્વ જીવનના સદુપયોગમાં છે. પોતાને ઉપર લાવવાની સાથે સાથે અન્યને પણ ઉપર લાવવામાં સહયોગ આપવામાં જ માનવજીવનની સાર્થકતા છે.

જ્યાં સુધી આપણે કોઈ કાર્યમાં આપણી બધી જ શક્તિઓ લગાવતા નથી, મનને એકાગ્ર કરતા નથી, ત્યાં સુધી તે કાર્ય પૂર્ણ થઈ શકતું નથી. કાર્ય જેટલું મુશ્કેલ હશે, તેના માટે તેટલા જ દઢ વિશ્વાસ અને યોગીની માફક તન્મય થઈને નિરંતર પ્રયત્નની આવશ્યકતા હોય છે. ઈશ્વરીય સત્તા પણ તેમને જ મદદ કરે છે, જે સ્વયં પ્રયત્નશીલ હોય છે.

આત્મવિશ્વાસ, સતત પરિશ્રમ અને દઢ નિશ્ચયની સામે કશું જ અસંભવ નથી. આવા જ ગુણોના પ્રકાશમાં સંસારમાં ઐતિહાસિક કાર્યો સંપન્ન થયાં છે. વિદ્વાનો, મહાપુરુષો, ધર્મપ્રવર્તકો, યોદ્ધાઓ, સર્જનકર્તાઓ, શોધકર્તાઓનાં જ્વલંત ઉદાહરણ આ વાતની સાક્ષી છે કે તેમણે આત્મવિશ્વાસના આધાર ઉપર શું-શું કરી નથી બતાવ્યું ?

નાની નાની બૅટરીઓની શક્તિ જલદીથી પૂરી થઈ જાય છે, પરંતુ જે બત્તીઓનો સંબંધ વીજળીઘર સાથે હોય છે, તે નિરંતર પ્રકાશ આપતી રહે છે. આત્મવિશ્વાસ એવું સંપર્ક માધ્યમ છે જેના આધારે અખૂટ શક્તિના ભંડાર પરમાત્માની સાથે સંબંધ સ્થાપિત કરી શકાય છે. મનુષ્યએ ઇચ્છવું જોઈએ કે તે પોતાના વિચારોને કાર્યરૂપમાં પરિણત કરે. સ્વાર્થથી દૂર રહીને પોતાની દષ્ટિનો વિકાસ કરે. સદ્દગુણોને ધારણ કરી આ જ જીવનમાં ગૌરવાન્વિત અને સન્માનાસ્પદ બની શકાય છે. આત્મવિશ્વાસ આત્મગૌરવને વિકસિત કરે છે અને પોતાને અનુરૂપ મનઃસ્થિતિ તથા પરિસ્થિતિ બનાવીને રહે છે. ભૂમિનું ઉપજાઉપણું અને બીજની સશક્તતા મળીને જે અંકુરને ઉગાડે છે, તેમાં પોતાની નિજની સશક્તતા ભરેલી હોય છે અને તેના આધારે છોડ, ઝાડ તથા વટવૃક્ષ બનવામાં ઘણા દિવસો થાય છે. એક દિવસનું અંકુર જ વિકાસક્રમ ઉપર યોગ્ય પ્રકારે ચાલતા જ ફૂલોફળોથી લદાયેલ, ઘાટી છાયા અને વિશાળ કલેવરવાળું વૃક્ષ બની જાય છે. વિકાસનો આ જ ક્રમ એમને પણ લાગુ પડે છે, જેઓ આત્મવિશ્વાસના ધણી હોય છે. તેઓ ન તો હેય પરિસ્થિતિઓમાં પડેલા રહી શકે છે અને ન સામાન્યજનો જેવું નિર્વાહ-ઉપાર્જન સુધીનું સીમિત જીવન જીવી શકે છે. આ જ છે આત્મવિશ્વાસનો ચમત્કાર અને તેમનું મોટું સામર્થ્ય.

• • •



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિ-નિર્માણ

# અંતરાત્માનો અવાજ સાંભળો

મનુષ્ય જ્યારે પણ કોઈ અનુચિત કાર્ય કરવાનો વિચાર કરે છે, ત્યારે અજ્ઞાત સંકેત એને એકવાર રોકવાનો પ્રયાસ અવશ્ય કરે છે. આપણે ભલે એ સંકેતને સ્વીકારીએ કે ન સ્વીકારીએ, એ વારંવાર આપણને રોકે છે, ટોકે છે તથા ચેતવણી આપતો જ રહે છે. સૌના જીવનમાં આવી અનુભૂતિ અનેક વખત થઈ હશે. આ પ્રકારના અદૃશ્ય સંકેત આપનાર અંતરાત્મા જ છે. જે મનુષ્ય આ સંકેતોનો સ્વીકાર કરી તે મુજબ કાર્ય કરે છે, એ પોતાના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે છે, પરંતુ જે આ સંકેતોનો વારંવાર અસ્વીકાર કરી દે છે, એ ધીમે ધીમે એમને અવગણવાનો અભ્યસ્ત થઈ જાય છે અને ત્યારથી જ એ વ્યક્તિનો અપકર્ષ, પતન અને પરાભવ પ્રારંભ થાય છે.

અંતરાત્માનું જ્ઞાન વાસ્તવિક હોય છે, એના અનુભવો ઈંદ્રિયાતીત તથા એની સલાહ સર્વહિતકારી હોય છે. આનાથી વિપરીત વ્યાવહારિક જીવનમાં આપણે અંતરાત્માના મહત્ત્વને અવગણીએ છીએ. આપણે સામાન્ય રીતે જે જોઈએ સાંભળીએ અને સમજીએ છીએ, એને જ જ્ઞાન માની લઈએ છીએ, પરંતુ એ યથાર્થ જ્ઞાન હોતું નથી. દુઃખ, કલેશ તથા અશાંતિ આ અવાસ્તવિક જ્ઞાનને જ જ્ઞાન માની લેવા તથા તે મુજબ કાર્ય કરતાં રહેવાનું પરિણામ છે.

યથાર્થ જ્ઞાનનો અનુભવ અંતરાત્માને જ થાય છે. તે શુદ્ધ, બુદ્ધ તથા ચેતન હોવાથી એને અજ્ઞાનનો અંધકાર ક્યારેય સ્પર્શતો નથી. પરમાત્માનો અંશ હોવાથી એ સત્-ચિત્ તથા આનંદમય છે. અંતરાત્મા જે કંઈ જુએ, સાંભળે કે સમજે છે, એ જ સત્ય છે, એ જ યથાર્થ જ્ઞાન છે. અંતરાત્માથી અનુશાસિત મનુષ્ય જ સત્યનાં દર્શન તથા યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. યથાર્થ જ્ઞાનની ઉપલબ્ધિ થયા બાદ મનુષ્યના બધા શોક-સંતાપ અને દુઃખ-દ્વંદ્વોનું આપમેળે સમાધાન થઈ જાય છે. યથાર્થ જ્ઞાન જ સાચો પ્રકાશ છે. જ્યાં પ્રકાશ હોય છે, ત્યાં અંધકારનું અસ્તિત્વ કેવી રીતે ટકી શકે ? પ્રકાશનો અભાવ જ અંધકાર છે. જ્ઞાનની અનુપસ્થિતિ જ દુઃખનું મૂળ કારણ છે.

સામાન્ય રીતે આપણે જે કંઈ કરીએ છીએ, એ અંતઃપ્રેરણાથી જ કરીએ છીએ. આ અંતઃપ્રેરણા અંતરાત્માની નથી હોતી. એ મનથી ઉત્પન્ન થાય છે અને મન સ્વભાવથી ચંચળ, ઉચ્છૃંખલ, અધોગામી, ત્વરિત લપસી પડનારું તથા પ્રવાહમાં વહી જવાવાળું હોય છે. મનથી ઉત્પન્ન અંતઃપ્રેરણા ઈંદ્રિયો દ્વારા કાર્યરૂપમાં સ્ફુરિત થઈ મનુષ્યને અંધકાર તરફ ખેંચીને લઈ જાય છે અને આપણે સંશય તથા અનાસ્થાના અંધકાર વચ્ચે શોક-સંતાપોની કાંટાળી ઝાડીઓમાં જ અટવાઈ જઈએ છીએ. ઉછળકૂદ મચાવવી અને ધમાલ કરવી મનનો સ્વભાવ જ છે. મનના આ કોલાહલને કારણે જ આપણે અંતરાત્માના અવાજને સાંભળવામાં અસમર્થ રહીએ છીએ.

અંતરાત્માની વાત સાંભળવી અને માનવી એ જ એનું અનુશાસન છે. એની વાણી સ્થૂળ અને ધ્વનિપૂર્ણ નથી હોતી. એ સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે. એને બાહ્ય-સ્થૂળ શ્રવણોથી સાંભળી શકાતું નથી. અંતરાત્માનો અવાજ સાંભળવા માટે માનસિક કોલાહલ બંધ થાય તે જરૂરી છે.

અંતરાત્મા શાંત અને સ્થિર હોય છે. મનની જેમ એ નથી કોલાહલ કરતો કે નથી ઉછળકૂદ મચાવતો. આ શુદ્ધ, બુદ્ધ અને શાંત અંતરાત્મા ક્યારેય કોઈ વાત માટે દુરાગ્રહ કરતો નથી. મન તેની ચપળતાને લીધે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અંતરાત્માથી આગળ રહે છે અને આપણી ઇંદ્રિયોને અનેકાનેક અવાંછનીય પ્રેરણાઓ આપતો રહે છે. કોલાહલ કરે છે, જેથી આપણે અંતરાત્માનો અવાજ સાંભળી ન શકીએ. અવાજની પ્રબળતાને કારણે એ આપણી ઇંદ્રિયોને જલદીથી પ્રભાવિત કરી લે છે અને બળજબરીથી એમને પોતાની આજ્ઞાપાલક બનાવી લે છે. આજ્ઞાકારી સેવિકાઓની જેમ એ મન ઇચ્છે તે અનુસાર કાર્ય કરતી રહે છે. ફળસ્વરૂપે આપણા બધા ક્રિયાકલાપો જે તરફ આપણું મન ઇચ્છે તે તરફ વળી જાય છે અને આપણે મનના સ્વામી ન બનતા માત્ર સેવક બની જઈએ છીએ.

અંતરાત્મા સ્ફુરણાઓ ઉત્પન્ન કરે છે. એના સંકેત અને સૂચનો સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે. એ આપણને સદૈવ સત્પથ પર ચાલવાની તથા કુમાર્ગથી સાવધાન રહેવાની ચેતવણી આપતો રહે છે, પરંતુ મનનો જાદુ છવાયેલો રહેવાથી આપણે એની વાત સાંભળવા અને એના સંકેતોને ગ્રહણ કરવામાં અસમર્થ રહીએ છીએ. વેશ્યાના મિથ્યાકર્ષણની જાળમાં ફસાયેલો મનુષ્ય પોતાની જીવન-સહચરીની સેવા-સમર્પણની ભાવનાને સમજી શકતો નથી. મનના ક્ષણિક આકર્ષણોમાં પડી આપણે અંતરાત્માનાં શાશ્વત સૂચનોને સમજી શકતાં નથી અને દુઃખ-દ્વંદ્વોના અતલ અસીમ સાગરમાં એવા ડૂબી જઈએ છીએ કે એમાંથી નીકળવું પછી અસંભવ થઈ જાય છે.

અંતરાત્મા આપણો સાચો મિત્ર છે. એ આપણો વાસ્તવિક હિત ઇચ્છનારો છે. આપણે એની ચેતવણીઓ પર ધ્યાન આપીએ કે ન આપીએ, કે ડગલે ને પગલે આપણને સાવધાન કરતો રહે છે. જો શોક-સંતાપોથી મુક્તિ મેળવવી હોય, તો પોતાને અંતરાત્માનો અવાજ સાંભળવામાં સક્ષમ બનાવવો જ પડશે. મનના કોલાહલ સાંભળવાનું બંધ કરવાનો અભ્યાસ કરવો જ પડશે. જે આપણો શુભચિંતક અને હિત ઇચ્છનારો છે, એની ઉપેક્ષા કરવી તે સમજદારી નથી. અબોધ બાળકને જોયો છે ? અસંખ્ય સ્ત્રીઓ વચ્ચે બાળક તેની માતાનો અવાજ ઓળખી લે છે. આપણામાં પણ જો શિશુવત્ સહજતા આવી જાય, તો અંતરાત્માનો અવાજ સાંભળવામાં, ઓળખવામાં તથા ગ્રહણ કરવામાં આપણે કોઈ ભૂલ કરી શકીશું નહીં.

અંતરાત્મા આપણી અંદર રહેતો હોવા છતાં સર્વદા પ્રત્યક્ષ જ રહે છે. સૂર્ય સદૈવ પ્રત્યક્ષ છે, પરંતુ સૂર્ય અને દૃષ્ટિની વચ્ચે વ્યવધાન આવતાં આપણે એને જોઈ શકતા નથી. અંતરાત્મા અને આપણી વચ્ચે મનની પ્રધાનતાનો જે પડદો છે, એને હટાવવાનો અભ્યાસ કરવો આવશ્યક છે. ત્યારે જ પ્રકાશની જેમ એ પ્રત્યક્ષ થઈ શકશે.

અંતરાત્માનો અવાજ પરમાત્માનો અવાજ હોય છે. એ મનુષ્યને જીવિત રાખે છે. અંતરાત્માના અનુશાસનમાં ચાલનાર જ માનવમાંથી મહામાનવ અને દેવમાનવ બનતો જાય છે. અંતરાત્માના રૂપમાં પરમાત્મા બધાની અંદર વિદ્યમાન રહે છે. જ્યારે પણ આપણે સ્વાર્થ-સંકીર્ણતાની સીમાઓ ઓળંગવા લાગીએ છીએ, ત્યારે આપણને ટોકે છે. કહે છે, "હે મારા અંશ! તું એવું કામ ન કરતો, જેથી તને લજ્જા થાય કે આત્મ-ગ્લાનિ થાય." આ અવાજ આપણને ફક્ત ટોકતો જ નથી, આપણને નિરંતર આગળ વધતા રહેવાની પ્રેરણા પણ પ્રદાન કરે છે. આપણે જ્યાં છીએ ત્યાં જ રહી ન જઈએ તે માટે આપણામાં તીવ્ર ઇચ્છા ઉત્પન્ન કરે છે. એ અવાજને જે સાંભળતો નથી તે મૃત થઈ જાય છે. જેને પોતાની નિકૃષ્ટ નૈતિક સ્થિતિથી ઘૃણા થતી નથી, જેને પોતાના લક્ષ્યહીન જીવનની દિશા મેળવવાની ઇચ્છા થતી નથી, જીવનનો નીચો સ્તર જેને કાંટાની જેમ વાગતો નથી, જે લાંછન તથા અપમાનને સહજતાથી સહન કરી લે છે, એ મૃત નથી તો શું છે ? જેનામાં જરા પણ જીવન છે, જીવંતતા છે, એ જીવનનું આવું અપમાન સહન કરી શકતો નથી. જેનામાં થોડી પણ જીવંતતા હશે, એ આવી આત્મહીનતાની પરિસ્થિતિઓમાંથી બહાર આવવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકશે નહીં અને આ ત્યારે જ સંભવ છે, જ્યારે આપણે અંતરાત્માના અવાજને સાંભળીશું, સ્વીકાર કરીશું તથા તે મુજબ પરિશ્રમ-પુરુષાર્થ કરીશું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરુદેવના સાહિત્યમાં યુગચેતના

જે મૂર્છિતોમાં પણ પ્રાણ ફૂંકે, ઉદાસ મનોમાં નૂતન ઉલ્લાસ છલકાવી દે, જીવન જીવવાની કળા શીખવી દે, હૃદયમાં એવા ભાવ ભરે કે આખો સંસાર પોતાનો લાગવા માંડે, આ બધું ચેતનાસંપન્ન સાહિત્યનું લક્ષ્ય હોય છે. વિશિષ્ટ કાળમાં લોકોના વિચાર, ઇચ્છાઓ, આકાંક્ષાઓ, પ્રેરણાઓ કેવી છે, એ ચેતનાત્મકતાની પરિભાષા છે. એમના લક્ષ્ય, આદર્શ અને દૃષ્ટિકોણ કેવા છે ? સમન્વિત રૂપમાં આ યુગચેતના છે. જ્યારે સત્સાહિત્યના માધ્યમ દ્વારા યુગચેતનાનો ઉલ્લેખ થાય, ત્યારે સમાજમાં વ્યાપ્ત ચિંતન-ચરિત્ર, આચાર-વ્યવહારના અવલોકનની સાથે સાથે એના આદર્શાત્મક સ્વરૂપને ધ્યાનમાં રાખવામાં આવે છે, જેના સંશોધન દ્વારા યુગ વધુ સમુન્નત, પ્રગતિશીલ, સુખી અને સંતુષ્ટ બની શકે. નિશ્ચિતપણે યુગચેતનાને સાધવી તે સાહિત્યનું પરમ લક્ષ્ય છે. યુગ વ્યાસ શ્રીરામ શર્મા આચાર્યજીએ એકી સાથે આ બધાં લક્ષ્યોને તેમના સાહિત્ય સિદ્ધ કરી બતાવ્યાં. લક્ષ્ય ભલે ગમે તેટલું કઠિન કેમ ન હોય, અલભ્ય ક્યારેય હોતું નથી, બસ મનમાં લગન અને અડગ આત્મવિશ્વાસ જોઈએ.

વ્યાસની કલમે જે પ્રભૂત અને સ્તરીય સાહિત્યનું સર્જન કર્યું, એના પ્રભાવ તથા મહત્ત્વએ સિદ્ધ કરી દીધું કે કલમ દ્વારા સત્યં, શિવં અને સુંદરમ્ એક સાથે ત્રણેય તત્ત્વોની ઉપાસના સંભવ છે. આજે સાહિત્યના અર્થ બદલાઈ ગયા છે, જનમાનસની ચાહ બદલાઈ ગઈ છે. આજે જનમાનસ છીછરાં અને કુત્સિત મનોભાવોને ભડકાવનારી કૃતિઓને વાંચી પોતાનું ધન, સમય અને શ્રમ નષ્ટ કરવા ઇચ્છતો નથી. વ્યક્તિનું સત્પ્રવૃત્તિઓ પ્રત્યેનું આકર્ષણ તીવ્ર બન્યું છે જેનું શ્રેય યુગ ઋષિના સત્પ્રવૃત્તિ-સંવર્ધન અને દુષ્પ્રવૃત્તિ-ઉન્મૂલનના વિષયમાં લખેલ ક્રાંતિકારી વિચારોને જાય છે, જેનું નામ જ વિચારક્રાંતિ અભિયાન છે.

સાહિત્યના માધ્યમથી નવનિર્માણની આ પરિકલ્પનાને એમણે 'વિચારક્રાંતિ અભિયાન'નું નામ આપ્યું. આજના સમયની આ એક અતિ આવશ્યક માંગ હતી, કેમ કે આજે મનુષ્ય જે પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહ્યો છે, એ આમ તો ખૂબ વિકસિત લાગે છે, પરંતુ વાસ્તવમાં એ પતનશીલ જ છે. શ્રેષ્ઠતા, મહાનતા અને ગરિમાપૂર્ણ આચરણનું પ્રદર્શન તો વધ્યું છે, પરંતુ અંદરથી બધું જ ખોખલું થઈ રહ્યું છે. ડિગ્રીઓ અને ઉપાધિઓની સાથે સાથે જ અનુદારતા, સ્વાર્થીપણું, વિલાસિતા અને અહંકારિતા પણ વધતી જ જાય છે. ધન વધ્યું છે, સાથે જ જરૂરિયાતો અને મોંઘવારીમાં પણ અસાધારણ વૃદ્ધિ થઈ છે. ખર્ચ વધુ અને આવક ઓછી હોવાથી દરેક વ્યક્તિ અભાવોમાં જીવી રહી છે. પારસ્પરિક સંબંધોમાં પણ અવિશ્વાસ અને અસ્થિરતાનું જ સામ્રાજ્ય છે. અવિશ્વાસ અને સમયની સાથે રંગ બદલવાની પ્રવૃત્તિને કારણે ઈમાનદારી અને ચરિત્રનો સ્તર પણ નીચે જઈ રહ્યો છે, કોઈ પર વિશ્વાસ કરવાનું પરિણામ વિશ્વાસઘાતના રૂપમાં જ સામે આવે છે, ભલે એનું સ્વરૂપ કોઈ પણ હોય. જીવનસંઘર્ષ એટલો વધી ગયો છે કે જીવનમાં થોડી પણ સુખ-શાંતિ અલભ્ય જેવી થઈ ગઈ છે. દરેક વ્યક્તિ પાસે તેની સમસ્યાઓ છે. ચિંતા, ભય, વિક્ષોભથી ઉત્પન્ન શારીરિક વ્યથાઓ, માનસિક પરેશાનીઓ, પારસ્પરિક દુર્ભાવ, વણઉકેલી પરિસ્થિતિઓની વિડંબનાઓ અને ઘાત-પ્રતિઘાતથી મનુષ્યના મગજ પર માનસિક દબાણ કાયમ રહે જ છે અને કેટલીક વખત એના કારણે હરતા-ફરતા લોકો નિરાશ, હતાશ, પાગલ થઈ આત્મહત્યા સુધી કરી બેસે છે. દુર્દશાના આ ચક્રવ્યૂહોમાં ઘેરાયેલો મનુષ્ય પોતાની મુક્તિનો માર્ગ શોધતો રહે છે, પરંતુ ક્યાંયથી કોઈ આશાનું કિરણ દેખાતું નથી, નિરાશાની મરુભૂમિમાં ભટકતાં એને ક્ષોભ અને ખેદ સિવાય કશું જ મળતું નથી.

આજની પરિસ્થિતિઓ એટલી બધી વિષમ થઈ ગઈ છે કે એમાં અવિલંબ મૂળગામી પરિવર્તન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવશ્યક છે. પગપાળા ચાલવાનો યુગ વીતી રહ્યો છે, દુનિયાની ચાલ ખૂબ તેજ થઈ ગઈ છે. આ આંધળી દોટમાં સારુ-નરસું કોઈની સમજમાં આવતું નથી. બધા પતન અને વિનાશ તરફ ઝડપથી વધી રહ્યાં છે અને જો આ સમયે સુધાર અને પરિવર્તનના ઉપાય તાત્કાલિક કરવામાં ન આવે તો સમય હાથમાંથી સરી જશે, વિનાશ સુનિશ્ચિત થઈ જશે. યુગની સમસ્યાઓનું સૂક્ષ્મતમ નિરીક્ષણ કરતાં આચાર્યજીએ સમાધાન માટેના બધા રચનાત્મક ઉપાયો સૂચવ્યા છે.

સ્વસ્થ શરીર, સ્વચ્છ મન અને સભ્ય સમાજની અભિનવ સ્થાપના જ વિચારક્રાંતિ અભિયાનનું લક્ષ્ય રહ્યું છે. વ્યક્તિની મનઃસ્થિતિમાં પરિવર્તન થાય તો જ પરિવાર, સમાજ, વિશ્વ તથા યુગમાં પરિવર્તન સંભવ છે. ભૌતિક સાધનો કરતાં વ્યક્તિના વ્યક્તિત્વનું મૂલ્ય વધુ છે. વ્યક્તિત્વ સંપન્ન વ્યક્તિ અભાવગ્રસ્ત પરિસ્થિતિઓમાં પણ પ્રકાશમાન રહે છે, પરંતુ અપાર સાધનોથી ઘેરાયેલો દુર્જન મનુષ્ય કેવળ વિનાશ જ પ્રસ્તુત કરી શકે છે. તેથી નૈતિક ઉત્કર્ષનું મૂલ્ય ભૌતિક સાધનો કરતાં અનેકગણું વધુ છે. મનુષ્યનું વાસ્તવિક પરાક્રમ એના સદ્‌ગુણોથી જ વધે છે. ઉચ્ચ અંતઃકરણયુક્ત દૂરદર્શી અને ચરિત્રવાન વ્યક્તિ જ પોતાનું ગૌરવ પ્રગટ કરે છે અને સમાજને માર્ગદર્શન આપવાલાયક બને છે. આવા શ્રેષ્ઠ નાગરિકોથી જ કોઈપણ રાષ્ટ્ર વાસ્તવમાં સમૃદ્ધ અને સમુન્નત બને છે. માટે નૈતિકતા, ધર્મભાવના, કર્તવ્યપરાયણતા તથા સદાચરણની અભિવૃદ્ધિથી જ યુગચેતનાનું જાગરણ સંભવ છે.

સમાજમાં સત્પ્રવૃત્તિઓના પુણ્ય-પ્રસાર અને દુષ્પ્રવૃત્તિઓના નિરાકરણની જ આવશ્યકતા છે. તે માટે આચાર્યજીએ સમસ્ત પ્રથાઓ, પરંપરાઓ અને જીવનનીતિઓની પુનર્સમીક્ષાનો કેવળ સંકલ્પ જ નહોતો લીધો, પરંતુ એમણે માનવજીવનને ખૂબ ઊંડાણથી પારખી લીધું. એમાં એમને જ્યાં પણ થોડીઘણી ત્રુટિઓ જણાઈ, તે એમણે રેખાંકિત કરી એમના સુધાર માટેની રીતિ-નીતિઓ સ્થાપિત કરી છે.

નીતિ-નિર્ધારણમાં સમગ્રતા લાવવા માટે આચાર્યજીએ એનાં વ્યક્તિ. પરિવાર અને સમાજને અનુરૂપ વર્ગીકરણ કર્યું. એમની માન્યતા હતી કે અનુશાસન વગર કોઈ વ્યક્તિ સુસ્થિર જીવન વીતાવી શકતી નથી કે રાષ્ટ્ર અને સમાજ પણ ઉન્નતિ કરી શકતા નથી, આ અનુશાસન બધા પર લાગુ થાય, એની સુદૃઢ વ્યવસ્થા કરવી પડશે, કેમ કે મનુષ્ય એક વિચારશીલ પ્રાણી છે, એ તુરત જ વિકલ્પ શોધી લે છે. બહારથી લાદવામાં આવેલા નિયમો એને લાંબા સમય સુધી અનુશાસિત રાખી શકતા નથી. તેથી વ્યક્તિ, સમાજ અને પરિવારને અનુશાસિત રાખવા માટે એમનામાં આત્માનુશાસનનો વિકાસ થવો જ જોઈએ. આત્માનુશાસન અને આત્મપ્રેરણાને વિકસિત કરવાનું એકમાત્ર સાધન તેઓ અધ્યાત્મને માને છે. તે માટે એમણે અધ્યાત્મના આધાર પર ત્રણ ક્રાંતિઓની પરિકલ્પના કરી : (૧) નૈતિક ક્રાંતિ (૨) વિચાર ક્રાંતિ (૩) સામાજિક ક્રાંતિ.

આચાર્યજીએ આ ક્રાંતિઓને આધાર બનાવી પ્રભૂત સાહિત્યની રચના કરી **"હિમ્મત ન હારો" "બોલો પરંતુ આ રીતે"** વગેરે નાની-નાની પ્રેરણાપ્રદ નિબંધાત્મક પુસ્તકોથી લઈ પ્રજ્ઞાપુરાણો સુધીની રચના આ જ નિમિત્તે થઈ છે. આ પુસ્તકોના ક્રાંતિકારી શીર્ષક જ એમની જ્વલંત વિષયવસ્તુનું વિહંગાવલોકન કરાવવામાં સમર્થ છે. જેમ કે **જીવનનું લક્ષ્ય સમજો, હસતી હસાવતી જિંદગી જ સાર્થક છે, અવરોધ આપણને અધીરો ન બનાવે, પોતાનું જ નહિ સમાજનું પણ કંઈક હિત કરો, બાળવિવાહ એક ઘાતક કુપ્રથા, મનસ્વી, શૂરવીર વિવાહોન્માદના અસુરથી લડે, માંસ મનુષ્યતાનો ત્યાગ કરીને જ ખાઈ શકાય છે, વૃક્ષારોપણ અને સંરક્ષણ અતિ આવશ્યક કાર્ય, મતદારોની સજાગતા પર પ્રજાતંત્રનું ભવિષ્ય આધારિત છે** વગેરે-વગેરે.

પોતાના ક્રાંતિકારી વિચારોની સ્થાપના માટે આચાર્યજીએ લેખ વિદ્યાને અપનાવવાની સાથે સાથે એમણે એને મર્મસ્પર્શી અને સુગ્રાહ્ય બનાવવા માટે નાની-નાની આખ્યાયિકાઓની પણ સહાયતા લીધી છે, જે અધ્યાત્મ જેવા ગૂઢ વિષયને પણ એટલો સરસ-સુંદર અને હૃદયસ્પર્શી બનાવી દે છે કે વ્યક્તિ એને જીવનમાં ઉતારવા માટે આતુર થઈ જાય છે, અને આ જ એમના લેખનની સૌથી મોટી સફળતાની કસોટી છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

प्रज्ञापुराण स्तंभ

# સાધનાથી પાત્રતા વિકસિત કરો

માનવજીવન પરમ મૂલ્યવાન છે. જીવનનું મૂલ્ય શાશ્વત છે, બાકી બધાં મૂલ્યો સામયિક છે. જીવન પરમપિતા પરમાત્માનો અણમોલ ઉપહાર છે તેથી જેનાથી આ મનુષ્યજીવન વધુ પ્રખર થઈ શકે, જીવંત થઈ શકે તેમજ પ્રકાશને પ્રાપ્ત થઈ શકે, એ પ્રક્રિયાને આપણા મનીષીઓએ ઉપાસના, સાધના તથા આરાધનાની સંજ્ઞા આપી છે. જેવી રીતે સમુદ્રમાં વિલીન થવા સુધી નદીઓ અસ્થિર, બેચેન રહે છે તેવી જ રીતે એ અસીમ સત્તામાં વિલય થવા સુધી આ જીવ, માયાના આવરણમાં ફસાઈને વ્યાકુળ થતો રહે છે. જ્યારે એને એ અનુભૂતિ થાય છે કે એ વિરાટ ચેતનાનો અંશ છે, ત્યારે જીવ એની સાથે જોડાઈ જાય છે અને પોતાને તેને અનુરૂપ બનાવવાનો પ્રયત્ન કરે છે. આ અનુરૂપતા અનુકૂળતાને જ પાત્રતા કહે છે અને આ પાત્રતાનો વિકાસ કરવા માટે વૈદિક ઋષિઓએ ઉપાસના, સાધના અને આરાધનાનું અવલંબન લેવાનો નિર્દેશ આપ્યો છે.

ઉપાસનાનો અર્થ છે ઈશ્વર પાસે બેસવું, એના દિવ્ય ગુણોને ધારણ કરવા. જેવી રીતે અગ્નિ પાસે બેસવાથી ગરમી, ચંદન વનમાં જવાથી શીતળતા, પુષ્પવાટિકામાં જવાથી સુગંધ પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે પ્રભુ પાસે બેસી સાધકના મનમાં પરમાત્માના દિવ્ય ગુણોની અનુભૂતિ થવા લાગે છે. પ્રજ્ઞાપુરાણમાં **રઘુનો સર્વમેધ, કુબેરની સ્વર્ણ વર્ષા, રાજા પાસે બેસવાનું ફળ** વગેરે અનેક ઉદાહરણો દ્વારા ઉપાસનાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે.

સાધનાનો અર્થ છે — જીવનને સાધવું. આત્મનિરીક્ષણ, આત્મશોધન, આત્મનિર્માણ તથા આત્મવિકાસની પ્રક્રિયા સાધના કહેવાય છે. સાધના, સ્વાધ્યાય, સત્સંગ, ચિંતન, મનન દ્વારા અંતર્જગતમાં અભિવૃદ્ધિ કરી મહાપુરુષોની જેમ પરોપકારી બની મનુષ્ય દેવતા બની જાય છે. આ સાધનાના અભ્યાસથી અણઘડને સુઘડ, નરપશુને મહાપુરુષ તથા નરને નારાયણ બનાવી શકાય છે. ખેડૂત તેની સાધના દ્વારા જ ક્ષારીય, ઉબડ-ખાબડ જમીનને ઉપજાઉ બનાવે છે. કુંભાર માટીના ઢેફાને સુંદર આકાર આપે છે, કળાકાર તથા ચિત્રકાર રંગ અને પીંછીની મદદથી સાધના દ્વારા જ એવાં ચિત્રો બનાવે છે, જે જોઈ મન શ્રદ્ધાથી ભરાઈ જાય છે, શિલ્પી પથ્થરને ભગવાન બનાવી દે છે, તો ભવન નિર્માણ કરવા માટે કારીગર કાંકરા પથ્થર જોડી અવિસ્મરણીય ભવન નિર્મિત કરે છે. વૈદિક સાહિત્યથી લઈ લૌકિક સાહિત્ય સુધીની સંરચના ઋષિઓ, મનીષીઓ તથા સાહિત્યકારોની અજસ્ર સાધનાનું જ પ્રતિફળ છે. વાસ્તવિકતા એ છે કે જ્યારે ઉપાસના દ્વારા મનુષ્ય એ પરમ સત્તાથી જોડાય છે અને ઈશ્વરીય ગુણોને ધારણ કરે છે, ત્યારે ઈશ્વરનાં અનુદાન એના પર વરસે છે. એના મનમાં સદ્પ્રજ્ઞા જાગે છે અને એનાં કર્મ સત્કર્મ બની જાય છે. પ્રજ્ઞાપુરાણમાં જોડાઈ ગયા **તો અનુદાન મળ્યું, ગંદા કમંડળમાં ખીરની ભિક્ષા, પોતાને પાત્ર તો બનાવો** વગેરે અનેક દૃષ્ટાંતો દ્વારા પૂજ્ય ગુરુદેવે એ સિદ્ધ કરી દીધું છે કે સાધના દ્વારા માનવજીવનને ઉદ્યાન જેવું પુષ્પિત પલ્લવિત કરી શકાય છે.

ઉપાસના અને સાધના એકબીજાનાં પૂરક છે. એક સિક્કાની બે બાજુ છે. આત્મપરિષ્કાર વિના ઉપાસનાનો પૂર્ણ લાભ મળી શકતો નથી, છતાં આ બંનેમાં અંતર પણ છે. ઉપાસના પરમાત્માની કરવી પડે છે, પરંતુ સાધનામાં પોતાની ચિત્તવૃત્તિઓ, ઇંદ્રિયો પર નિયંત્રણ કરવું પડે છે. ઉપાસના થોડી ક્ષણોની હોઈ શકે છે, પરંતુ સાધના સતત જીવનપર્યંત ચાલતી રહે છે. જીવની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પશુ પ્રવૃત્તિઓ પર નિયંત્રણ કરવું જ સાધના છે. એ દ્વારા માનવજીવનમાં જે મહાન પરિવર્તન થાય છે, એનાથી આખાય વિશ્વનો ઇતિહાસ ભરેલો પડ્યો છે. પૂજ્ય ગુરુદેવે પ્રજ્ઞાપુરાણમાં પણ અનેક મહાપુરુષોનાં ચરિત્ર ચિત્રિત કર્યાં છે, જેઓ સાધના દ્વારા જ આત્મવિકાસ કરી મહાપુરુષ બન્યા છે. **નરેન્દ્ર વિવેકાનંદ બન્યા, અશોક, અંગુલિમાલ બદલી ગયા, રત્નાકર ડાકુ મટી મહર્ષિ વાલ્મીકિ બન્યા, અણઘડ વોનર અનુશાસિત સૈનિક બન્યા** વગેરે મહાપુરુષોની જીવન ઘટનાઓ એ પ્રેરણા આપે છે કે ગુણ, કર્મ, સ્વભાવમાં ઉત્કૃષ્ટતાની અભિવૃદ્ધિ થવાથી મનુષ્યનું જીવન બદલાઈ જાય છે. એના પર ઈશ્વરનાં અનુદાન વરસે છે અને જટાયુ, ગીધ જેવા તુચ્છ જીવ પણ વિશ્વવંદ્ય થઈ જાય છે.

સૃષ્ટિનો કણેકણ આ જ ઉપાસના અને સાધનાનો સંદેશ આપી રહ્યો છે. આ બન્નેના સમ્મિલનથી જ્યારે માનવમાં દેવત્વ જાગે છે, ત્યારે એ વિશ્વ સેવામાં પોતાનું તન, મન, ધન અર્પિત કરી દે છે. ચરાચર વિશ્વમા એને એ જ પ્રભુનાં દર્શન થવા લાગે છે. એ દુઃખીઓની સેવામાં જોડાઈ જાય છે. આ જ પ્રભુની સાચી આરાધના છે. વાસ્તવિકતા તો એ છે કે સંપૂર્ણ પ્રકૃતિ જ મનુષ્યને આ ઉપાસના, સાધના અને આરાધનાનો સંદેશ આપી રહી છે. ભારતીય ઋષિઓએ વેદ, શાસ્ત્ર, ઉપનિષદ તથા પુરાણ સાહિત્યમાં પ્રકૃતિનું માનવીકરણ કરી એને માતા, સહચરીનું રૂપ આપ્યું છે અને ઉપદેશિકાના રૂપમાં વર્ણિત કરેલ છે. વૃક્ષોની શીતળ છાયા, ફળફૂલોનું મુક્ત હસ્તે દાન, સરિતાનો કલ-કલ ધ્વનિ, શીતળ મંદ સુગંધિત પવનની લહેરો, પક્ષીઓનો કલરવ, કોયલની કુહૂ-કુહૂ બધામાં જ તો એ પરબ્રહ્મની સ્તુતિ તથા સાધનાનું રહસ્ય સમાયેલું છે. પ્રજ્ઞાપુરાણમાં પણ ગુરુદેવે પ્રકૃતિના માધ્યમથી સાધનાનું રહસ્ય સમજાવ્યું છે. કાંટાઓ વચ્ચે ગુલાબ હસીને કહે છે કે સંકટો વચ્ચે રહીને પણ હસો અને ખુશબુ ફેલાવો. પર્વત શિખર પર બરફની શિલાઓ પડતી જોઈ સાધકના હૃદયમાં સહાનુભૂતિ જાગી ઊઠી, પરંતુ પર્વતરાજના હૃદયમાંથી સરિત-પ્રવાહ ફૂટતો જોઈ લાગ્યું કે પથ્થરો, કરાની ચોટથી હૃદય ઘાયલ થવા છતાં પણ હરિયાળી અને કલ-કલ ગાન કરતી સરિતાના રૂપમાં હિમગિરીનું હાસ્ય ફૂટી રહ્યું છે. એને શિક્ષા મળી કે પરિસ્થિતિઓના આઘાત મનુષ્યને મહાન બનાવે છે. આઘાતો સહન કર્યા વિના કોઈ ઊંચું ઊઠી શકતું નથી.

કલ-કલ ગાન કરતી, નખરાં કરતી, મદમાતી તરંગોથી તરંગિત સરિતાની ગતિશીલતાને જોઈ સાધકને અનુભૂતિ થાય છે કે લક્ષ્યપ્રાપ્તિ માટે નિરંતર ગતિશીલ રહેવુ જ જીવન છે અને રોકાઈ જવું મૃત્યુ છે. જેમ સરિતા જ્યાં સુધી સમુદ્રમાં વિલીન થઈ જતી નથી, ત્યાં સુધી અતૃપ્ત સંતપ્ત વ્યક્તિને શીતળતા, સરસતા આપીને એની તરસ મટાડે છે. એ જ રીતે મનુષ્યે પણ પરબ્રહ્મમાં લીન થવા સુધી ઉલ્લાસ, આનદની વર્ષા કરતાં કરતાં નિરતર ગતિશીલ રહેવું જોઈએ. ચરૈવૈતિ, ચરૈવૈતિ, આગળ વધો, આગળ વધો, ઉત્તિષ્ઠત્, જાગ્રત, પ્રાપ્ય વરાન્નિબોધત્ આ જ જીવનનો શાશ્વત સિદ્ધાંત છે. આ જ માનવજીવનનું પરમ લક્ષ્ય છે, આવા તપસ્વી સાધક સ્વર્ગની પણ ઇચ્છા નથી કરતા. **સ્વર્ગમાં ભક્ત નિવાસ ખાલી, સ્વર્ગ નહીં સેવાનો અવસર બુદ્ધને કીડાથી પ્રેરણા** જેવી પ્રજ્ઞાપુરાણમાં વર્ણિત કથાઓ એ સંદેશ આપે છે કે એવા પ્રજ્ઞાપુત્રોને, સાધકોને પામી ધરતી માતા ધન્ય થઈ જાય છે. પોતાની અજસ્ર સાધના દ્વારા સામાન્યથી સામાન્ય વ્યક્તિ પણ ઈશ્વર સમાન વૈભવશાળી અને સામર્થ્યવાન થઈ જાય છે.

આ રીતે ઈશ્વર વિશ્વાસી ઉપાસક, સાધક વિશ્વની સેવા કરી ભગવાનના સાચા આરાધક બની જાય છે. તેઓ સન્માર્ગ પર ચાલતા નથી વિરોધીથી ભયભીત થતા કે નથી અનિષ્ટની વાત વિચારતા. હતાશ થતા નથી, યાચના કરતા નથી કે કામના કરતા નથી. જેવી રીતે એક ટીપું સમુદ્રમાં વિલીન થઈ સાગર બની જાય છે, તેવી જ રીતે સાચો સાધક સ્વયં સચ્ચિદાનંદ સ્વરૂપ થઈ જાય છે. એને ગંધ અક્ષત, પુષ્પ, ધૂપ, દીપથી પરમાત્માની ઉપાસના કરવાની આવશ્યકતા રહેતી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નથી. એ તો ગુલાબના લાલ રંગમાં રંગાઈને સમસ્ત વિશ્વને બ્રહ્મમય જુએ છે.

**લાલી મેરે લાલ કી જિત દેખૂં ઉત લાલ ।**
**લાલી દેખન મૈં ગઈ મૈં ભી હો ગઈ લાલ ॥**

મુજબ એ આત્મવત્ સર્વભૂતેષુના સિદ્ધાંતને માની સમસ્ત વસુધાને કુટુમ્બકમ્ સમજે છે. એ અક્ષતની જેમ પોતાની અતૂટ નિષ્ઠા, શ્રદ્ધાથી પ્રભુને રીઝવે છે. એ પુષ્પની જેમ કાંટાઓમાં પણ ખીલી જીવનરૂપી પુષ્પ પ્રભુચરણો પર અર્પિત કરે છે. ધૂપ, અગરબત્તી અને દીપકની જેમ બળીને સમાજ, રાષ્ટ્ર, વિશ્વના અજ્ઞાનાંધકારને દૂર કરી વિશ્વને જ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત કરે છે. પછી એ ભગવાનને શોધતો નથી, પરંતુ પ્રભુ જ એની પાછળ-પાછળ ફરે છે.

**મનવા તો નિર્મલ ભયા, જૈસે ગંગા નીર ।**
**પીછે પીછે હરિ ફિરેં કહત કબીર કબીર ॥**

પ્રજ્ઞાપુરાણમાં દેવર્ષિ નારદને ભગવાનનો સર્વશ્રેષ્ઠ ભક્ત એ આધાર પર માનવામાં આવ્યો છે કે તેઓ નિરંતર બીજાની પીડાથી પીડિત થઈ શ્રીહરિ પાસે જઈને દુ:ખીઓમાં દુ:ખ દૂર કરવા માટે પ્રયત્નશીલ રહે છે. આ સાધના ઘર-પરિવારમાં રહીને પણ કરી શકાય છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય છે કે જીવન ભગવત્ સત્તાની સાકાર પ્રતિમા છે. બ્રાહ્મી સત્તાનો અંશ હોવાને કારણે એ મહાન છે. **જેવી રીતે ઓલવતી અગ્નિને પ્રદીપ્ત કરવા માટે રાખરૂપી મલિન આવરણને હટાવવું પડે છે, તેવી જ રીતે જીવનના પાપવિકારને હટાવવા માટે ઉપાસના અને સાધનાની આવશ્યકતા છે.** આ આવરણ અમરવેલ જેવું છે, જે વૃક્ષથી જ પોષિત થાય છે અને એને જ સૂકવી નાંખે છે. જો મનુષ્યને માનવજીવન મેળવી જીવનલક્ષ્ય પ્રાપ્તિના માર્ગ પર ચાલવું હોય તો આ ભવબંધનની સાંકળોને તોડવી પડશે. જ્યારે એ તન, મન, ધનથી પૂર્ણપણે સમર્પિત થઈ સમયદાન અને અંશદાનની પ્રવૃત્તિને અપનાવશે, આત્મશોધન દ્વારા પાત્રતાને વિકસિત કરી લેશે, ત્યારે સમસ્ત સાંસારિક કષ્ટ દુ:ખ દૈન્ય, દરિદ્રતા, વિપન્નતા, વિડંબના, વિભીષિકા, વિફળતા જેમ સૂર્યોદય બાદ અંધકાર નષ્ટ થાય છે તેવી જ રીતે સમાપ્ત થઈ જશે. માટે આવો, આપણે બધાં પોતાના જીવનને 'બહુજન હિતાય, બહુજન સુખાય' બનાવી પૂજ્ય ગુરુદેવે બતાવેલ માર્ગ પર ચાલવાનો સંકલ્પ લઈએ ત્યારે જ પૃથ્વી પર સ્વર્ગનું અવતરણ થશે અને પૂજ્ય ગુરુદેવનું યુગનિર્માણનું સ્વપ્ન સાકાર થઈ શકશે.

## પ્રતિમાઓ મનુષ્યની અલંકારિક કલ્પનાઓ

*લોકો ઈશ્વરદર્શનના નામે દેવી-દેવતાઓ કે અવતારોની છાયા, પ્રતિમાઓ જોવાની સંધિ શોધતા હોય છે અને સ્વપ્નમાં અથવા અર્ધતંદ્રિત અવસ્થામાં એના જેવી કોઈ ઝાંખી જોવા મળે તો બહુ ખુશ થઈ જાય છે. ઈશ્વરનું કોઈ રૂપ નથી. સર્વવ્યાપી ઈશ્વર જેવી દિવ્ય સત્તાઓ આકૃતિધારી ન હોઈ શકે. ઈશ્વરની જેટલી પણ આકૃતિઓ ઘડવામાં કે કલ્પવામાં આવી છે, તે મનુષ્યની અલંકારિક કલ્પનાઓ માત્ર છે. પ્રતિમા પૂજનનું વિજ્ઞાન તો એવી રીતે ઊભું કરવામાં આવ્યું છે. જેમ કે નાનાં બાળકોને વર્ણમાળા શીખવાડતી વખતે કબૂતરનો ક, ખડિયાનો ખ, ગાયનો ગ, ઘડિયાળનો ઘ વગેરે ભણાવવામાં આવે છે. ઈશ્વરની અનેકાનેક વિશેષતાઓના પ્રતીક-પ્રતિબિંબ જ દેવી-દેવતાઓના રૂપમાં તત્ત્વદર્શીઓએ પ્રસ્તુત કર્યાં છે. પોતાની અંતઃચેતનાને પ્રશિક્ષિત કરવા માટે એમનો ઉપયોગ કરી શકાય છે. એમની મદદથી શ્રદ્ધા-ભક્તિ વધારવાનો અભ્યાસ થઈ શકે છે. દેવ-દર્શનની મદદથી ઈશ્વરીય સાંનિધ્યની આકાંક્ષાને વિકસિત કરી શકાય છે. મનોનિગ્રહની દૃષ્ટિએ પણ એનો ઉપયોગ છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાજનિર્માણ

# સંસ્કૃતિની સીતાની શોધ

ભારત વિશ્વમાં એક નૈતિક ચરિત્ર તથા માનવીયતાના ઉત્કૃષ્ટ આદર્શોવાળું રાષ્ટ્ર રહ્યું છે. અહીંનાં નૈતિક મૂલ્યો, સદ્‌ચરિત્રતા અને ઈમાનદારીની પ્રશંસા વિદેશીઓએ તથા વિદર્મીઓએ પણ કરી છે. અહીંની સંસ્કૃતિની શ્રેષ્ઠતાની ગુંજ આખાય વિશ્વમાં પહોંચતી રહેતી હતી, ત્યારે બીજા દેશોની વ્યક્તિઓ અહીંની યાત્રા કરવા માટે આવતી હતી અને અહીંની સંસ્કૃતિની મહાનતાને સમાજમાં નજીકથી જોતા-પરખતા હતા. એક ચીની યાત્રી જ્યારે અહીંની સાંસ્કૃતિક યાત્રા પર આવ્યો, તો એણે એક ગામડામાં થોડાક લોકોને ઝઘડો કરતાં જોયું. પૂછપરછ કરવાથી ખબર પડી કે આ ગામમાં એક ગરીબ માણસ રહેતો હતો. ગરીબીથી કંટાળીને એણે પોતાના મકાનનો એક મોટો ભાગ એક ધનવાન શેઠનો વેચી દીધો. એ શેઠે એ ભૂમિ પર નવું મકાન બનાવવા માટે જમીન ખોદાવી, તો એમાં દાટેલું ધન નીકળ્યું. એ ધન લઈ એ શેઠ જમીનના પૂર્વ માલિક પાસે પહોંચ્યા અને કહ્યું કે તમારી જમીનમાંથી આ દાટેલું ધન નીકળ્યું છે. આ તમારું છે, આ તમે લઈ લો. એ ગરીબ વ્યક્તિએ કહ્યું કે આ જમીન તમને વેચી દીધી. હવે એમાંથી કંઈ પણ નીકળે, એના પર મારો કોઈ અધિકાર નથી. આ ધનને તમે જ રાખો. જો આ ધન મારું હોત તો મેં આ જમીન વેચી ન હોત. શેઠ બોલ્યા કે મેં ફક્ત જમીન જ ખરીદી છે, એમાં દાટેલું ધન મેં ખરીદ્યું નથી. તેથી આ ધન એ લઈ શકતો નથી. આ વિવાદ પર બંને પક્ષોમાં ઝઘડો થઈ રહ્યો છે. જ્યારે ચીની યાત્રીએ આ સાંભળ્યું અને સમજી લીધું ત્યારે એ આશ્ચર્યચકિત થઈ ગયો અને એણે તેનાં સંસ્મરણોમાં લખ્યું છે કે આવી નૈતિકતા બીજે ભાગ્યે જ જોવા મળે. વાસ્તવિકતા પણ એ જ છે કે આવું ચરિત્ર આ દેવભૂમિની ગરિમા માટે જ ઉપયુક્ત હતું.

આ દેશ એવા દેવતાઓનો દેશ રહ્યો છે જ્યાં લોકોએ પોતાની સુખ-સુવિધા, ઐશ્વર્ય, ધન, માન, પદ, રાજ્ય વગેરેને સિદ્ધાંતોની વેદી પર બલિ ચઢાવી દીધી છે. આ દેશમાં રાજગાદીને ફૂટબોલ બનાવી દીધી હતી. એક બાજુ ભરત એને ઠોકર મારી રામ તરફ ધકેલે છે, તો બીજી બાજુ રામ એને ઠોકર મારી ભરત તરફ ધકેલે છે. બંનેનો આદર્શ વિશ્વમાં સદા માટે અવિસ્મરણીય રહેશે. જ્યાં અન્ય દેશોમાં લોકો જમીન, ધન, પદ અને રાજ્ય માટે કપાય છે, મરે છે અને બધા આત્મીય લોહીના, દૂધના સંબંધોને નેવે મૂકી રક્તપાત કરતા રહ્યા, ત્યાં આ દેશમાં પોતાની જાતિ, ધર્મ, સ્વાભિમાન અને માતૃભૂમિની રક્ષા માટે રક્તપાત થયો.

ભારત ગામડાઓનો દેશ છે. આ દેશના ગામડાઓમાં જે સંસ્કૃતિનાં દર્શન થતાં હતાં, એના અવશેષ તો હજી જીવિત છે, પરંતુ એનો આત્મા હવે ત્યાં નિવાસ કરતો નથી. ગામના કોઈ એક વ્યક્તિની સમસ્યા આખા ગામની સમસ્યા રહેતી હતી. દરેક વ્યક્તિ એને પરિવારનો સદસ્ય માની એના દરેક કષ્ટ, દુઃખમાં એનો પૂરેપૂરો સહયોગ કરતી હતી. ગરીબીને કારણે વસ્તુ અને સાધનાનો અત્યંત અભાવ હતો, પરંતુ આત્મીયતા તથા સ્નેહની દોલત એવી હતી કે સંપન્નતાની જરૂર રહેતી નહોતી. અભાવોમાં લોકો હળીમળીને તેમના કષ્ટ દૂર કરી લેતા હતા અને આનંદ તથા શાંતિનો અનુભવ કરતા હતા. આજે ભારે સુખ-સુવિધાઓ તથા સંપન્નતા હોવા છતાં પણ એ આનંદ અને શાંતિ ઉપલબ્ધ નથી. પહેલાં લોકો કાચા માટીનાં મકાનો કે ઘાસની ઝૂંપડીમાં રહી શકતા હતા. જેની પાસે ધન હોય તે પાકું મકાન બનાવી લેતો. મકાન પરિવારને પોતાને રહેવા માટે નહીં પરંતુ સાર્વજનિક ઉપયોગ માટે ગામના ચોરાના રૂપમાં થતો હતો. પરિવારના લોકો કાચા ઓરડાઓમાં જ રહેતા હતા. પાકો ઓરડો મહોલ્લાના બધા લોકોને ઉપયોગી થતો હતો. જો કોઈના ઘેર કોઈ મહેમાન આવતા, તો એમને પોતાના ઓરડામાં ઉતારો આપવામાં ગર્વનો અનુભવ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરતાં હતા. જો કોઈના ઘેર ગાય-ભેંસ દૂધ આપતી ના હોય તો પાડોશના લોકો એનું ધ્યાન રાખતા અને પોતે એ ઘરના મહેમાનો માટે દૂધ-દહીં આપી આવતા હતા. ગામમાં કોઈનો પણ મહેમાન આખા ગામનો મહેમાન માનવામાં આવતો હતો અને સગપણમાં પણ એ જ રીતે સંબોધન કરવામાં આવતું હતું. જે આત્મીયતા પહેલાં ગામના બધા લોકો વચ્ચે હતી, એ આજે કુટુંબના સભ્યો વચ્ચે પણ ભાગ્યે જ જોવા મળે છે.

અભાવોની વચ્ચે જીવતા લોકો માચીસનો ઉપયોગ અગ્નિ પ્રગટાવવામાં કરતા નહોતા. હોળીના તહેવાર પર બધાના સહયોગથી અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવતો હતો, જેમાં બધા લોકો સામૂહિક યજ્ઞ કરતા હતા. નવા અન્નની આહુતિઓ આપતા હતા અને આપસી મતભેદ, દ્વેષ, ઈર્ષાને હોળીમાં જલાવી સ્નેહથી એકબીજાને આલિંગન આપતા હતા. એ હોળીનો અગ્નિ પોતાના ઘરમાં લઈ આવતા હતા જેને આખા વર્ષ દરમ્યાન સળગતો રાખતા હતા. એનો જ પ્રયોગ રોજ કરવામાં આવતો હતો. સંજોગોવશાત્ જો એ અગ્નિ ઓલવાઈ જાય તો પાડોશમાંથી માંગી લાવવામાં આવતો હતો. ગામમાં જો કોઈ ધનવાન વ્યક્તિ હોય તો એના ઘરમાં તેલનો અખંડ દીપક રહેતો હતો. સાંજ થતાં જ એ દીપકથી અન્ય પરિવારની દીકરીઓ દીપક પ્રગટાવી લઈ આવતી હતી. આ રીતે દીપકથી દીપક પ્રગટાવી બધાના અંતર્મનમાં સ્નેહનો આલોક ફેલાઈ જતો હતો.

કોઈ વ્યક્તિ કોઈ બીજા ગામમાં કોઈ કામથી જતી ત્યારે એ પૂછતી હતી કે અમારા ગામની કોઈ છોકરી અહીં રહે છે ? કોઈપણ જાતિ, ધર્મ કે સંપ્રદાયની છોકરી કેમ ન હોય, એની સાથે એ સ્નેહથી મળતી હતી. એને એના પિયરના પરિવાર તથા ગામના બધા લોકોના ખબર-અંતર આપતી. છોકરી પોતે બધાનાં નામ લઈ બધાની કુશળતા પૂછતી હતી. જતી વખતે એ વ્યક્તિ એ છોકરીને થોડા પૈસા દક્ષિણા આપતી હતી, જેને એ છોકરી પોતાના હાથમાં લઈ માથે લગાડતી અને આશીર્વાદ આપતી કે ભગવાન એને ખૂબ ખૂબ આપે. અરેરે ! આજના આ વિકાસના યુગમાં એ સંસ્કૃતિ ક્યાં ગઈ, જેના સ્મરણ માત્રથી રોમાંચ થઈ જાય છે, આંખો ભીની થઈ જાય છે, હૃદયના ધબકારા વધી જાય છે.

અભાવોમાં જીવન જીવતા લોકો ઠંડી, ગરમી બધું જ સહન કરતા હતા. શિયાળામાં મોટેભાગે ઊની વસ્ત્ર રહેતાં નહોતા. કોઈ વ્યક્તિ સંપન્ન રહેતો, જે ગરમ ઊની કોટ બનાવી લેતો. કોઈ વ્યક્તિ ક્યાંય બહાર સગપણ માટે જતી ત્યારે એ કોટ માંગીને લઈ જતી હતી. આપનાર વ્યક્તિ ખૂબ સ્નેહથી એને આપતી, આપતી વખતે ગર્વનો અનુભવ કરતી હતી. એક ઠાકુરસાહેબ પોતાના સ્થાન પર બેસી રહેતા હતા. ભોજનના સમયે અંદરથી ભોજનની બે થાળીઓ આવી જતી હતી. ઠાકુર-સાહેબ ભોજન પ્રારંભ કરતાં પહેલાં એ જોઈ લેતા કે કોઈ માણસ ગલીમાંથી ગુજરે તો એને બોલાવી જમાડી શકાય, જેથી સાથે બેસીને ભોજન કરી શકાય.

આજે આપણે કેટલા વિકસિત થઈ ગયા છીએ ? કેટલાંય સુખસુવિધાનાં સાધનો આપણને ઉપલબ્ધ છે. આપણે ચંદ્ર પર તો પહોંચી ગયા, અંતરીક્ષમાં રહેવાની યોજના બનાવવા લાગ્યા, પરંતુ પૃથ્વી પર રહેવાની રીત ભૂલી ગયા. આ સુખસુવિધાનાં સાધનોની સાથે સાથે જો એ આત્મીયતા, સ્નેહ, પ્રેમ અને પોતીકાપણું આવી જાય તો આ દુનિયાને સ્વર્ગ કહેવામાં કોઈને પણ વાંધો ન આવે.

આજે એવા હનુમાનોની આવશ્યકતા છે જે આપણી પ્રાચીન સંસ્કૃતિની સીતાની શોધ કરીને લાવી શકે. આવશ્યકતા છે નલ-નીલ જેવા એન્જિનિયરોની જે પ્રાચીન સંસ્કૃતિની આત્મીયતા અને આધુનિક યુગની સંપન્નતા વચ્ચે સ્નેહનો સેતુ બાંધી ધરતીને સ્વર્ગ બનાવી શકે. આવશ્યકતા છે અંગદ જેવા સાહસી વીરની જે વિલાસિતારૂપી રાવણની સભામાં વિવેકનો પગ જમાવી શકે અને સંસ્કૃતિની સીતાને પાછા આપવાની સલાહ આપી શકે. આવશ્યકતા છે આસુરી પ્રવૃત્તિઓનો નાશ કરનાર ધનુષની જે રામના ખભા પર શોભાયમાન થાય અને અનીતિ તથા વિલાસિતાના રાવણ, આળસના કુંભકર્ણ, ફેશનબાજ અને સ્વચ્છંદ કામુકતારૂપી શૂર્પણખા પાસેથી સંસ્કૃતિની સીતાને મુક્ત કરાવી શકે. ●●●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નારી જાગરણ

# જ્ઞાની નારી મહિલા જાગરણની આગેવાની લે

કોઈને નીચે પાડવાનું પાપ તો કોઈ બીજો પણ કરી શકે છે, પરંતુ ઉપર લાવવા માટે નીચે પડનાર વ્યક્તિ પોતે એ ઉત્થાન પ્રક્રિયામાં પૂરા મનથી સહયોગ આપે તે આવશ્યક છે. સ્ત્રીજાતિની વર્તમાન પદદલિત સ્થિતિનું પાપ સામંતકાલીન યુગના પુરુષોએ કર્યું છે. એના માનવોચિત અધિકાર છીનવી લીધા અને ઘરની નાની ઓરડીમાં કેદ કરી એને પડદાના આવરણથી જકડી દીધી. આ કેદમાં એની શારીરિક તથા માનસિક પ્રતિભાઓ નષ્ટ થઈ ગઈ. આર્થિક દૃષ્ટિએ પરાવલંબી અને માનસિક દૃષ્ટિએ પછાત આજની નારીની દશા અતિ દયનીય છે. પુરુષના ઉચિત તથા અનુચિત આદેશ એને નતમસ્તક થઈ સહન કરવા પડે છે. સંજોગોવશાત્ એને નિરાશ્રિત, વિધવા, પરિત્યક્તા જેવી સ્થિતિમાં રહેવું પડે, ત્યારે તો મરણથી પણ બદતર અને કષ્ટકારક જીવન જીવતા જોઈ પથ્થર પણ રડી શકે છે.

આ વિપન્ન પરિસ્થિતિમાંથી નારીને બહાર કાઢવી તે માનવતાની એક એવી આવશ્યક તથા ન્યાયોચિત માંગ છે જેને વિનાવિલંબે પૂરી કરવી જોઈએ. અર્ધાંગ લકવાથી પીડિત શરીરની જેમ જે સમાજની અડધી જનસંખ્યા અપંગ બનીને પડી હોય એનું ગૃહસ્થ જીવન, પેઢીઓનું નિર્માણ તથા પ્રગતિનો પ્રયાસ દિવાસ્વપ્ન જેવું અસંભવિત જ બની રહેશે. સર્વાંગીણ પ્રગતિની દિશામાં પહેલું પગલું આપણે નારીઉત્કર્ષ માટે પ્રબળ પ્રયત્નોની યોજના સાથે આગળ વધારવું જોઈએ. કહેવું નહિ પડે કે આ સંદર્ભમાં પુરુષ જાતિએ પાપ-પ્રાયશ્ચિત્તની જેમ નારીઉત્કર્ષ માટે વધુમાં વધુ સુવિધાઓ આપવાની તૈયારી કરવી પડશે, ત્યાં નારીએ પોતે પણ આ અભાવની પૂર્તિ માટે બની શકે તેટલું યોગદાન આપવું જોઈએ. પોતાના ઉત્કર્ષ માટે દરેકને પ્રબળ પ્રયત્નો કરવા પડ્યા છે. આજની નારી સામે પણ કર્તવ્યનો આ વિકટ પડકાર ઊભો છે.

આવશ્યકતા એવી બહાદુર નારીઓની છે, જે પોતાની વ્યક્તિગત સુખ-સુવિધાઓ ત્યજીને મહિલા-કલ્યાણના મહાન યજ્ઞમાં તેમની જિંદગીઓના ઉત્કર્ષ માટે સાહસભર્યાં અનુકરણીય ઉદાહરણો પ્રસ્તુત કરી શકે. આપણા દેશમાં શિક્ષિત નારીઓની સંખ્યા વધતી જ જાય છે, પરંતુ પોતાના વર્ગની દયાજનક દુર્દશા માટે દુઃખનો અનુભવ કરે અને એમને એ સ્થિતિમાંથી ઉગારવા માટે બહાદુરો જેવી ચિંતન ક્રિયા અપનાવે એવી એમાંથી કોઈક જ નીકળે છે. વિવાહની ઇચ્છા સ્વાભાવિક છે, પરંતુ પોતાના વર્ગની દુર્દશા દૂર કરવા માટે એ સુખને પણ છોડી દેવું અસ્વાભાવિક નથી. આજે સુશિક્ષિત સ્ત્રીઓમાંથી ઘણી સ્ત્રીઓને દહેજ જેવા અભિશાપને કારણે અવિવાહિત રહેવા માટે વિવશ થવું પડે છે. આ છોકરીઓ પણ નોકરી કરે છે, ભરણપોષણ કરે છે અને વિલાસિતાનાં થોડાંઘણાં સાધનો મેળવવાના ચક્કરમાં પડી ઘર-કુટુંબના સભ્યો માટે આવક પ્રાપ્ત કરવાનું સાધન માત્ર બની જિંદગી ગુજારે છે. કેટલીય વિધવાઓ, કેટલીય પરિત્યક્તાઓ છે, જે પોતાને માટે અને પોતાના આશ્રયદાતાઓ માટે ભાર બની જીવી રહી છે. આ બહુમૂલ્ય જીવન તો મહિલા-કલ્યાણ માટે નિયોજિત થઈ શક્યા હોત, તો પરિસ્થિતિઓ એવી ન હોત જેવી આજે દેખાઈ રહી છે. કેટલીય સુસંપન્ન મહિલાઓ એવી છે, જેમના ઘરમાં ઘણી સુવિધા તથા સાધનો છે. નોકરો-ચાકરો રહે છે અને જેમને ઘણો સમય ખાલી પસાર કરવો પડે છે. અન્ય લોકોની જેમ એમણે પણ જો શોખના રૂપમાં મહિલા-કલ્યાણનું કામ સંભાળ્યું હોત, તો એમનું અનુકરણ કરવાની પ્રેરણા અનેકને મળી હોત. નારીઉત્થાનનું આંદોલન જે આપણા દેશમાં મોટા લોકોના પરિવારની મહિલાઓનો દેખાવ માત્ર બનીને રહી ગયો છે, જો એમાં કર્મઠ, ત્યાગી, બહાદુર અને દુઃખ જાણી શકે એવી પ્રબુદ્ધ મહિલાઓનું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમુચિત યોગદાન મળવું સંભવ થઈ શક્યું હોત તો એક પ્રખર ક્રાંતિનું રૂપ ધારણ કરી શક્યું હોત.

સમયની માંગ છે કે વખત ન ગુમાવતાં નારીઉત્થાનનું એક પ્રચંડ આંદોલન ઊભું કરવામાં આવે. પુરુષોએ તે માટે પૃષ્ઠભૂમિ તૈયાર કરવી જોઈએ, પરંતુ આગળ તો નારીએ જ આવવું પડશે. આગેવાની એણે જ સંભાળવી જોઈએ તથા નેતૃત્વ એણે જ કરવું જોઈએ. જેમના પર કૌટુંબિક જવાબદારીઓનો બોજો નથી એવી સુશિક્ષિત મહિલાઓ આગળ આવે અને એવી મહિલાઓને શોધી કાઢી જેમનામાં સેવાના બીજાંકુર પડ્યાં હોય અને જેમનામાં બહાદુરી તથા થોડુંઘણું પ્રતિભાનું તેજ હોય, એમનો સાથ લઈ એક મહિલા સંગઠન ગમે ત્યાં તૈયાર કરી શકાય છે. આ કાર્ય કથાકીર્તન, ભજન, સત્સંગ જેવા સ્તરનું પણ રાખી શકાય છે, જેથી પુરાણખંડી પ્રકૃતિના લોકો પણ આ પ્રકારના આયોજનોમાં પોતાની સ્ત્રીઓને જવાની તથા સમ્મિલિત થવાની છૂટ આપી શકે છે. સ્ત્રીઓને એમના ઘરવાળા ઘરની બહાર ક્યાં નીકળવા દે છે, પરંતુ એક વાર જો થોડી ઘણી છૂટ એમને મળવા લાગે, તો આ ક્રમ આગળ ચાલીને એટલો સમર્થ પણ થઈ શકે છે કે તેઓ સમાજસેવા, શિક્ષણ તથા બીજાં મંગલમય કાર્યોમાં યોગદાન આપી શકે. દૂરદર્શી લોકો તો સ્વેચ્છાએ તેમની સ્ત્રીઓને આવાં સંગઠનો અને આયોજનોમાં મોકલશે. કેમ કે એનાથી એમની પ્રતિભા નિખરશે અને એ પ્રતિભાથી અંતતઃ તેઓ પોતાના પરિવાર માટે અધિક ઉપયોગી સિદ્ધ થશે.

કેટલાંય કાર્યો એવાં છે જે નારીઉત્થાન માટે દરેક સ્થળે આરંભ કરી શકાય છે અને કરવાં જોઈએ. શિક્ષણનું સ્થાન સર્વપ્રથમ છે. નિરક્ષરતા નાબૂદ થયા વિના જ્ઞાનનો ભંડાર ખૂલવાનો અવસર જ આવતો નથી. પ્રૌઢ મહિલાઓ માટે ત્રીજા પ્રહરે ચાલતી પાઠશાળાઓ મહોલ્લે મહોલ્લે અને ગામેગામ સ્થાપિત કરવી જોઈએ. એમાં અક્ષરજ્ઞાન જ નહીં માનવજીવન તથા સામાજિક સ્થિતિની નાની મોટી બધી સમસ્યાઓનાં સ્વરૂપ સમજાવવામાં આવે અને ચારે તરફ ફેલાયેલી વિકૃતિઓનાં દુષ્પરિણામ અને નિરાકરણ કરવાના ઉપાય શીખવાડવામાં આવે. આ પ્રકારનું શિક્ષણ નારીઉત્કર્ષની આધારશિલા બની શકે છે. શક્ય હોય ત્યાં સીવણ વગેરે ગૃહઉદ્યોગોનું પણ સમ્મિશ્રણ રાખવામાં આવે. કન્યા પાઠશાળાઓ, મહિલા વિદ્યાલય, બાલમંદિર, શિલ્પ શિક્ષણ, આરોગ્યશાળા, પ્રસૂતિગૃહ, સંગીત, પ્રશિક્ષણ, કળાકૌશલ જેવી કેટલીય રચનાત્મક ગતિવિધિઓ મહિલા સેવાસંગઠનો દ્વારા ચલાવી શકાય છે. સુશિક્ષિત મહિલાઓ એના સંસ્થાપન તથા સંચાલનની જવાબદારીઓ સંભાળે તો ધનના અભાવે આ પ્રવૃત્તિઓ બંધ થઈ શકશે નહીં. જનતાનો ઉદાર સહયોગ પણ એમને અવશ્ય મળશે.

કેટલાંય આંદોલનો એવાં છે, જે ઘેર ઘેર જઈને ચલાવી શકાય છે. (૧) ઘેર, દુકાનોમાં તથા ઓરડાઓમાં ટાંગવામાં આવેલ નારીને અપમાનિત કરતાં અશ્લીલ ચિત્રોને હટાવવાં અને એના સ્થાન પર ગાયત્રી મંત્ર તથા પ્રેરણાપ્રદ વાક્ય તથા આદર્શ ચિત્રો લગાડવાં (૨) એંઠું ન છોડવાની પ્રતિજ્ઞા (૩) વિચિત્ર ફેશન, ચુસ્ત કપડાં, કઢંગો શૃંગાર તથા દાગીના પહેરવા જેવી હલકી ટીપટાપ છોડી શાલીન વેશભૂષા અપનાવવાનો અનુરોધ (૪) ઘરોમાં ઉપાસના કક્ષોની સ્થાપના (૫) ઉત્સવોમાં કઢંગાં ગીત ન ગાવાની પ્રતિજ્ઞા (૬) પડદાપ્રથાનો ત્યાગ (૭) અંધવિશ્વાસોનો બહિષ્કાર (૮) મૃત્યુભોજ, વિવાહ લગ્નોમાં અપવ્યયનો વિરોધ (૯) ઘરેલુ શાકવાટિકાનું પ્રશિક્ષણ (૧૦) ગૃહવ્યવસ્થાના અગણિત પક્ષોનું જ્ઞાન તથા એનો વ્યવહાર. આ પ્રકારના અનેક કાર્યક્રમ એવા હોઈ શકે છે, જે ઘેર ઘેર જઈને શીખવાડવા, સમજાવવાની અપેક્ષા રાખીએ છીએ. પરિસ્થિતિ મુજબ બીજાં એવાં કેટલાંય કાર્યો હોઈ શકે છે, જે નારીની ખોવાયેલ શક્તિને જગાડવા અને સમર્થ પ્રતિભાવાન બનાવવામાં સહાયતા કરી શકે છે. કામ ઘણું છે, ગમે ત્યાંથી કરી શકાય છે. આવશ્યકતા એવી પ્રતિભાવાન નારીઓની છે, જે મહિલા-કલ્યાણ માટે પોતાની ભાવના તથા શક્તિનો મોટો અંશ આ પરમ ઉપયોગી અને અતિ મહત્ત્વપૂર્ણ કાર્ય માટે સમર્પિત કરી શકે.

• • •


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિવાહોન્માદ

# છોકરાવાળા વ્યર્થ બદનામી ન વહોરે

જયાં સુધી સામાજિક કુરીતિઓના દુષ્પરિણામ તરફ ધ્યાન ગયું નહોતું ત્યાં સુધી તો ઠીક હતું, પરંતુ હવે જ્યારે અધઃપતનનાં કારણોની શોધ કરવામાં આવી રહી છે અને તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે ત્યારે એ તથ્ય બધાની સામે આવી ગયું છે કે વિવાહ-લગ્નોમાં થતા ખોટા ખર્ચાઓએ આ દેશમાં બેઈમાની, દેવાદારી, ગરીબી અને આર્થિક તથા નૈતિક દુર્દશાને બેહદ પ્રોત્સાહન આપ્યું છે અને આ કુપ્રથા છે ત્યાં સુધી સમાજનું અધઃપતન રોકી શકાશે નહીં તથ્ય સમાપ્ત થયા બાદ દરેક વિચારશીલ એ વાતથી સહમત છે કે આ અનાવશ્યક ખોટા ખર્ચાઓની બેવકૂફીને બની શકે તેટલી વહેલી તકે બંધ કરવી જોઈએ. આ વધતી જતી મોંઘવારીના દિવસોમાં જે લોકો પહેલેથી ચાલી આવતી રૂઢિને નામે પૈસાની હોળી કરવા અને મૂર્ખતાપૂર્ણ ધૂમ-ધડાકા કરવાનું સમર્થન કરે છે એમને ઓછા, અવિવેકી દુષ્ટ કહી ઘૃણાની દૃષ્ટિથી જોવામાં આવે છે.

એક જમાનો હતો કે લગ્નોમાં ધૂમ પૈસા ઉડાવતા લોકોને અમીર માનવામાં આવતા હતા, પરંતુ આજે તો ગરીબોને અમીરીનો સ્વાંગ સજાવનાર પ્રતિગામી ગમાર માત્ર કહેવામાં આવે છે. પૈસા આપણા ખર્ચાય છે, બદલામાં પ્રશંસા મળવાનો હવે કોઈ અવકાશ રહ્યો નથી. ઊલટું ઘૃણા અને ભર્ત્સનાનો ઘડો માથે ફૂટે છે. આવી દશામાં હવે પોતાનું ઘર બાળીને તમાશો જોવાનો આ ખેલ પાછલા જમાનાનો સ્વાંગ થઈ ગયો, હવે આવો ખેલ ક્યાંય પ્રશંસા પ્રાપ્ત કરવાની આશા કરી શકતા નથી. ઊલટું એવું જ સાંભળવા મળશે કે ક્યાંકથી બ્લેકની, હરામની કમાણી હાથમાં આવી છે, જે આવી બેદર્દીથી ઉડાવવામાં આવી રહી છે. પોતાનું ધન બરબાદ કરી અમીરીનો સ્વાંગ રચ્યો છતાં પ્રશંસા આપી શક્યો નહીં ઊલટું બદનામી મળી, તો પછી આવું અનુકરણ કરવાથી શો લાભ ? જે મરી ગયો એને બાળી જ નાખવું જોઈએ ખર્ચાળ લગ્નોની ધૂમધામ એક એવી મૃતપ્રાય કુરીતિ છે, જેની લાશ છાતીએ વળગાડી રાખવી વ્યર્થ છે. એને સડાવી દુર્ગંધ ફેલાવવાનો અવસર ન આપતાં બાળી કે દાટી દેવામાં આવે તે ઉચિત છે.

'વિવાહોન્માદ'માં થતા અપવ્યયનો સંપૂર્ણ દોષ આજકાલ વરપક્ષના લોકો પર થોપવામાં આવે છે. એમને કસાઈ કે જલ્લાદની ઉપમાં આપવામાં આવે છે. આ દુષ્ટ લોકો થોડા સમય પહેલાં દીકરીઓ વેચી અમીર બનતા હતા હવે એમણે દીકરાઓ વેચવાનો ધંધો પકડી લીધો છે, એવું કહેવામાં આવે છે. ભવિષ્યમાં આ લોકો પોતાની સ્ત્રીઓ અને મા-બાપને વેચવા લાગે એ પણ બની શકે, પૈસા માટે માણસ શું નથી કરતો. કોઈ કહે છે, જ્યારે દીકરીનું લગ્ન કરવું પડશે તો આ જ લોકો જે આજે વાઘની બોલી બોલે છે, પછી બકરીની જેમ બેં બેં કરશે આવાં કટુવચનો સાંભળવા મળે છે. જે ઘરથી દહેજ લેવામાં આવ્યું છે, તેઓ બહારથી તો હસતું મોં રાખે છે, પરંતુ મનમાં એટલી ઘૃણા દબાવી રાખે છે કે એમનું ચાલે તો આ દીકરાના બાપ, વેવાઈનું પેટ પણ ચાકુથી ચીરી નાંખે અને સ્કૂટર માટે અડી બેસેલ વરનું નાક જ કાપી નાંખે. બિચારાઓની મજબૂરી છે કે દીકરીના હાથ પીળા કરવા છે, તેથી માથું નમાવી મજબૂરી સાથે શરતો માનવી પડે છે, પરંતુ મનમાં ને મનમાં એટલી ઘૃણા ભરી હોય છે કે હત્યારા પર વીજળી પડે અને એનો અંશ-વંશ મટી જાય.

આવી જલ્લાદીને ભોગે કરવામાં આવતી બે દિવસની ધૂમધામ નિઃસંદેહ હજાર મુખથી ધિક્કારવા લાયક છે. આ સોદો એટલો મોંઘો છે કે જેને ખરીદવાનું સાહસ કોઈપણ સમજદાર વરપક્ષના લોકોએ કરવું ન જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિચારવાની વાત તો એ છે કે શું વરપક્ષને ખરેખર એટલો લાભ મળે છે, જેને માટે આ પ્રગતિશીલ યુગમાં દશે દિશાઓથી વરસતી ભર્ત્સનાનો લોભ છોડવાનું મુશ્કેલ બની જાય. બારીકાઈથી જોયા પછી જાણવા મળે છે કે વરપક્ષ પોતાની હઠ અને મૂર્ખતા માત્રને કારણે બદનામ થાય છે. એના હાથમાં તો કશું જ આવતું નથી ઊલટું નુકસાનમાં જ રહે છે. જે કંઈ કન્યાપક્ષે આપ્યું હતું, એ તો અસ્તવ્યસ્ત થઈ જ જાય છે, એ સિવાય એને નિશ્ચિત રૂપથી થોડું ઘણું ગાંઠનું પણ ખર્ચ કરવું પડે છે. બદનામી તો નફો મેળવવા માટે થઈ અને વસ્તુતઃ નુકસાન વેઠવું પડ્યું. આવો સોદો કરવાથી શું લાભ, જેમાં નુકસાન પણ થાય અને બદનામીનો ટોપલો માથે આવે ?

કન્યાવાળાઓને કમરતોડ ખર્ચ કરવો પડે છે. જાનનું સ્વાગત, સારસંભાળ, ભેટ, ઉપહારનો ખર્ચ ખૂબ જ વધુ પડતો થાય છે. એમાં જ ઘણી રકમ ખર્ચ થઈ જાય છે એ પછી તે વસ્તુઓનો નંબર આવે છે, જેને ભેટ-ઉપહારની વસ્તુઓ કહે છે, કપડાં, ફર્નિચર, રમકડાં, રંગબેરંગી કપડાં,વાસણો, શૃંગારની વસ્તુઓ, ટી.વી., ઘડિયાળ વગેરે એવી વસ્તુઓ આપવામાં આવે છે, જે ખરીદનારની તો રકમ ખાઈ જાય છે, પરંતુ જેના ઘેર ગઈ છે, એને માટે સર્વથા અનાવશ્યક અને નિરર્થક સિદ્ધ થાય છે. જગ્યા રોકે છે અને કચરાની જેમ પડી રહે છે. જરૂરિયાતની વસ્તુઓ દરેક ઘરમાં પહેલાંથી જ મોજૂદ હોય છે. જે નકદ મળી એથી ઘણી વધારે વહુ માટ દાગીના, કપડાં, શૃંગાર સાધન, ઉપહાર, મેવા-મીઠાઈ વગેરે ખરીદવા પડે છે અને જાનૈયાઓનું ભાડું, આતશબાજી, બેંડવાજા, દરવાજાની શોભાના નામ પર એટલો ખર્ચ થાય છે કે પોતાના ઘેર થતી મહેમાનગતિ સાથે બહુ ભારે પડે છે અને એનાથી દરેક વરપક્ષ નુકસાનમાં રહે છે.

આ દૃષ્ટિએ વરપક્ષ નિઃસંદેહ દયાને પાત્ર છે તેઓ પૈસાની દૃષ્ટિએ કશું કમાયા નથી ફક્ત ગુમાવ્યું જ છે. બદનામી એટલી સહી કે વિચારશીલ લોકોની દૃષ્ટિમાં એ ગાય મારી નાંખવા કરતાં પણ વધુ છે. જૂનવાણી, પ્રગતિ, વિરોધી,કુરીતિ-પોષક, સ્વાર્થી, જલ્લાદ, હરામની કમાણી ખાનાર વગેરે કહેવામાં આવ્યો. આ ધૂમધામથી પ્રશંસા મળશે, પ્રતિષ્ઠા વધશે એ વાત તો કેવળ સ્વપ્નલોકની જેમ જ હતી, જેના પર ખૂબ જ જૂનવાણી પ્રકારના લોકો જ વિશ્વાસ કરી શકે છે.

આવી પરિસ્થિતિમાં દરેક વરપક્ષે નવા દૃષ્ટિકોણથી વિચારવું પડશે અને આદર્શવાદી વિવાહ-પદ્ધતિ અપનાવીને પોતાની પ્રગતિશીલતાની પ્રશંસા મેળવવા તથા પોતાના અને પોતાના સંબંધીઓના પૈસા બચાવવા માટે પહેલ કરવી પડશે. મિજબાની કે ધૂમધામ કરવી જરૂરી હોય, તો વરપક્ષ પોતાના ઘેર અને કન્યાવાળા પોતાના સંબંધી, મિત્રોની આગતા-સ્વાગતા માટે કરી શકે છે. એણે કન્યાપક્ષને કહેવું જોઈએ - "અમે લગ્નના અવસર વિના ધામધૂમના વિશુદ્ધ પારિવારિક ઉત્સવ તથા ધર્માનુષ્ઠાનની જેમ વિવાહ કરી કન્યાને કોઈ પ્રશંસાત્મક ઉપહાર કે નગદ સ્વીકારીશું નહીં. વ્યર્થ રીત-રિવાજ (વ્યવહાર) અને ચાલ-ચલનમાં પૈસો તથા સમય બરબાદ ન કરતાં લગ્ન સંપૂર્ણ સાદગીના વાતાવરણમાં થશે."

આ સંદેશથી જો કન્યાપક્ષવાળો ખૂબ જ મૂર્ખ ના હોય તો ખુશી-ખુશી સહમતિ પ્રગટ કરશે અને છોકરાને એક વીંટી, એક જોડી કપડાં, દસ જાનૈયાઓનો સત્કાર કરીને આસાનીથી એક અગ્નિપરીક્ષા જેવી ચિંતામાંથી છૂટી જશે અને એને દીકરીને કંઈ આપવાનું જ હશે તો લગ્નના બે-ચાર મહિના પછી કોઈ દબાણ કે પ્રદર્શન વગર પોતાની દીકરીને સ્વેચ્છાપૂર્વક આપી દેશે, જે સ્ત્રી-ધનના રૂપમાં ગમે ત્યારે એને કામ આવી શકે. આ એક બાપ-દીકરી વચ્ચેનું આદાન-પ્રદાન હશે, એમાં બંને પક્ષોના લોકો કોઈ રુચિ લેશે નહીં.

આવા આદર્શ વિવાહોનું પ્રચલન કરવામાં વરપક્ષ-વાળાઓએ પહેલ કરવી જોઈએ અને જલ્લાદોની યાદી-માંથી પોતાનું નામ કઢાવી દેવતાઓમાં ગણના કરાવવી જોઈએ. એથી એમનો આર્થિક લાભ તો સ્પષ્ટ જ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કિશોર સ્તંભ

# પ્રેરક કથાઓ

## એકાંત ન મળ્યું

આચાર્ય ઉપકૌશલ્યને તેમની પુત્રી માટે યોગ્ય વરની શોધ હતી. એમના ગુરુકુલમાં કેટલાય વિદ્વાન બ્રહ્મચારી હતા, પરંતુ તેઓ કન્યાદાન માટે એવા સત્પાત્રની શોધમાં હતા, જે વિકટથી વિકટ પરિસ્થિતિઓમાં પણ આત્માને દુઃખ ન પહોંચાડે. પરીક્ષા માટે એમણે બ્રહ્મચારીઓને ગુપ્ત રૂપથી આભૂષણ લાવવા માટે કહ્યું, જેને માતા-પિતા તો શું, કોઈપણ ન જાણે.

બધા વિદ્યાર્થીઓ કોઈને કોઈ આભૂષણ લઈ પાછા આવ્યા, આચાર્યે એ આભૂષણો સંભાળીને રાખી લીધાં. છેલ્લે વારાણસીના રાજકુમાર બ્રહ્મદત્ત ખાલી હાથે પાછા આવ્યા. આચાર્યે એમને પૂછ્યું - "શું તમને એકાંત ન મળ્યું ?" બ્રહ્મદત્તે જવાબ આપ્યો - "નિર્જનતા તો ઉપલબ્ધ થઈ, પરંતુ મારો આત્મા અને પરમાત્મા તો ચોરીને જોતા જ હતા." બસ આચાર્યને એ સત્પાત્ર મળી ગયું, જેની એમને શોધ હતી.

(૧) ઈશ્વરને સર્વત્ર વિદ્યમાન જોનાર ક્યારેય અનુચિત કાર્ય કરી શકતો નથી.

(૨) અનુચિત કાર્ય ભલે ગમે તેણે આદેશ આપ્યો હોય, નહીં કરવું જોઈએ. (ગુરુજીની આજ્ઞા થાય તો પણ નહીં કરવું.)

## સોનાનો થાળ

કાશી વિશ્વનાથ મંદિરમાં એકવાર શિવરાત્રીના દિવસે આકાશમાંથી એક સોનાનો થાળ ઊતર્યો. એમાં લખ્યું હતું કે શંકર ભગવાન પ્રત્યે જેનો સાચો પ્રેમ હશે, એને જ આ થાળ મળશે. કાશીરાજે ઢંઢેરો કરી ઘણા લોકોને એકઠા કર્યા અને સાચા પ્રેમીનું આહ્વાન કર્યું.

સૌ પ્રથમ એક શાસ્ત્રીજી આગળ આવ્યા. એમણે કહ્યું – "હું નિત્ય રુદ્રાભિષેક કરું છું અને દર્શન કર્યાં પછી જ ભોજન કરું છું. તેથી થાળ મારા હાથમાં આપો." થાળ શાસ્ત્રીજીના હાથમાં આવતાં જ પીત્તળનો બની ગયો. આથી શાસ્ત્રીજી શરમાઈ ગયા. તે પછી કાશીરાજ પોતે આવ્યા અને કહેવા લાગ્યા – "મેં વિશ્વનાથજી પર સોનાનો કળશ સાચા પ્રેમથી ચઢાવ્યો હતો અને શિવરાત્રીએ દર્શન કરવા માટે સાચા ભાવથી આવ્યો છું." રાજાના હાથમાં મૂક્યા બાદ થાળ લોઢાનો બની ગયો. એથી તેઓ પણ શરમાઈ ગયા. એ પછી એક શેઠજી આવ્યા અને કહ્યું – "વિશ્વનાથજીની જળધારી મેં જ બનાવી છે. ફરસ પર મેં જ રૂપિયા જડાવ્યા છે અને હજારો કોસ દૂરથી પ્રેમવશ અહીં આવ્યો છું. એને થાળ આપ્યા બાદ થાળના એ જ હાલ થયા. હજારો થાળના ઈચ્છુક નિરાશ થઈ ગયા.

એ જ વખતે એક ખેડૂત, જે ઘણા સમયથી શ્રી વિશ્વનાથજીના દર્શનનો ઈચ્છુક હતો, પરંતુ પાસે પૈસા ન હોવાથી કાયમ ખેતીના કામમાં જોડાયેલો રહેતો, તેથી આવી શક્યો ન હતો, પરંતુ આજે એ ઘણા પરિશ્રમથી થોડા પૈસા બચાવીને અને ખાવા માટે સત્તૂ બાંધી આવી રહ્યો હતો. રસ્તામાં એક જગ્યાએ ભૂખ-તરસથી પીડાતો એક મનુષ્ય પડ્યો હતો, એની તરફ કોઈનું પણ ધ્યાન જતું ન હતું, કેમ કે ઘણા લોકોને સોનાનો થાળ મેળવવો હતો, ત્યારે ભલા એ દરિદ્રનારાયણને કોણ પૂછે ? એ ખેડૂતે પેલા ગરીબને લોટાથી પાણી પીવડાવ્યું, ખાવા માટે સત્તૂ આપ્યું અને નજીકની ધર્મશાળામાં પહોંચાડી આવ્યો. તે પછી એ ખેડૂત કાશી વિશ્વનાથના મંદિરમાં ગયો. મહાદેવજીની પૂજા કરી જ્યારે એ બહાર નીકળી રહ્યો હતો, ત્યારે કોઈએ હસીને કહ્યું – "મહાદેવજીનો સાચો ભક્ત આવ્યો છે. માટે થાળ આને જ આપી દો."

એણે આવું કહ્યા બાદ તરત જ પૂજારીના હાથમાંથી થાળ સરક્યો અને ખેડૂતના હાથમાં સુવર્ણના રંગમાં ચમકવા લાગ્યો. શાસ્ત્રી, રાજા, શેઠ, પૂજારીઓને આશ્ચર્ય થયું. દરિદ્રનારાયણની સેવા જ સાચી ઈશ્વર-ઉપાસના છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## ધર્મનો મર્મ

એક સાધુ તેમના શિષ્યો સાથે એક મેળામાં જઈ રહ્યા હતા. એક સ્થળે બેસેલા કેટલાક સાધુઓ માળા ફેરવી રહ્યા હતા, પરંતુ તેઓ વારંવાર સામે બિછાવેલી ચાદર પર જોઈ લેતા કે લોકોએ કેટલા પૈસા દાનમાં આપ્યા છે, એમને જોઈ સાધુ હસી પડ્યા. આગળ એક તપસ્વી શીર્ષાસન લગાવી ઊભા હતા, એમને જોઈ સાધુ હસ્યા અને આગળ એક પંડિતજી ભાગવત સંભળાવી રહ્યા હતા, એમની સામે ચેલાઓની જમાત બેઠી હતી. એમને જોઈને સાધુ ફરીવાર ખડખડાટ હસી પડ્યા. એથી આગળ એક કેમ્પમાં એક ડૉક્ટર એક રોગીની સેવામાં લાગ્યા હતા. આ જોઈ સાધુની આંખમાં આંસુ આવી ગયાં.

આશ્રમ પાછા વળતાં એક શિષ્યે પહેલાં ત્રણ સ્થાનો પર હસવાનું અને ચોથા પર રડવાનું કારણ પૂછ્યું, તો એમણે જવાબ આપ્યો — "બેટા આજે માળા, આસન, પ્રાણાયામ અને કથા-ભાગવતને જ ધર્મ સમજી ઘણાખરા લોકો ઢોંગ કરી રહ્યા છે. આ જોઈને હસવું આવ્યું, જ્યારે ભગવાનનું કામ કરનાર એક જ ડૉક્ટર જોવા મળ્યો, એ જોઈ દુઃખ થયું કે લોકો ધર્મના વાસ્તવિક અર્થને જાણે ક્યારે સમજશે ? સાચો ધર્મ સંસારની સેવા અને એને સુધારવું તે છે, જપ-તપ નહીં."

ધર્મ પ્રદર્શનની નહીં સાધનાની કળા છે.

## મારો રક્ષક ભગવાન

ગાંધીજી એ દિવસોમાં આફ્રિકામાં હતા. એમની સાથે જર્મન નિવાસી કૈનલ બૈક રહેતા હતા. બન્નેમાં સારી મિત્રતા હતી. ત્યાંના પઠાણોને ગાંધીજીની નીતિ પસંદ ના આવી, તો તેઓ નારાજ થઈ ગયા.

કૈનલ બૈકને એવો અનુભવ થયો કે આ પઠાણો ગમે ત્યારે ગાંધીજી પર આક્રમણ કરી શકે છે, આથી તેમણે ગાંધીજીની સુરક્ષા માટે એક રિવોલ્વરની વ્યવસ્થા કરી લીધી. ગાંધીજીની સાથે કૈનલ બૈકને ક્યાંય જવાનું થાય, ત્યારે તેઓ તેમના કોટના ખિસ્સામાં રિવોલ્વર છુપાવીને લઈ જતા. ગાંધીજીને જ્યારે ખબર પડી ત્યારે એમણે રિવોલ્વર રાખવાનું કારણ પૂછ્યું.

કૈનલ બૈકે કહ્યું, "મને જાણવા મળ્યું છે કે કેટલાક પઠાણ તમારાથી નારાજ થઈ ગયા છે. કોણ જાણે ક્યારે તમારા પર આક્રમણ કરી દેશે."

બાપૂ બોલ્યા, "મારી રક્ષાની જવાબદારી ઈશ્વરના હાથમાં છે અને હવે તમે એને પોતાના હાથમાં લઈ રહ્યા છો. આ પણ ખરું થયું. તમે મારા પ્રત્યેની મૈત્રી અને આત્મીયતાનો ભાવ રાખવાના કારણે ઈશ્વરના અધિકારને છીનવી લેવાનું સાહસ કર્યું."

કૈનલ બૈક હવે શું કહે ? એમણે રિવોલ્વર કાઢી બહાર ફેંકી દીધું.

અધ્યાત્મવાદીને નથી ક્યારે ભય થતો કે નથી થતી સુરક્ષાની ચિંતા.

## ઈશ્વરની ઈચ્છા

વિક્રમાદિત્યના આ પ્રશ્ન પર સભાસદોના વિભિન્ન મત હતા કે સજ્જનતા મોટી છે કે ઈશ્વરની શક્તિ. કેટલાય દિવસો સુધી વિચાર-વિમર્શ થયા પછી પણ નિર્ણય આવી ન શક્યો.

થોડાક દિવસો વીત્યા. રાજા એક દિવસ પરિભ્રમણ માટે નીકળ્યા. દુર્ભાગ્યે રસ્તામાં કોઈ રખડુ જાતિના એમના પર આક્રમણના ફળસ્વરૂપે શેષ સહયોગીઓથી એમનો સંબંધ તૂટી ગયો. જંગલમાં તરસથી પીડાતા રાજાનો દમ ઘૂંટાવા લાગ્યો. ક્યાંય પાણી દેખાતું ન હતું. જેમ તેમ એક સાધુની પર્ણકુટિર સુધી પહોંચ્યા. સાધુ સમાધિમાં મગ્ન હતા. ત્યાં પહોંચતાં-પહોંચતાં મહારાજ મૂર્છિત થઈ ઢળી પડ્યા. પડતાં-પડતાં એમણે પાણી માટે બૂમ પાડી.

થોડા સમય બાદ જ્યારે મૂર્છા જતી રહી, તો મહારાજ વિક્રમાદિત્યે જોયું, ત્યાં સંત એમનું મુખ ધોઈ રહ્યા હતા, પંખો નાંખી રહ્યા હતા અને પાણી પીવડાવી રહ્યા હતા. રાજાએ વિસ્મયથી પૂછ્યું — "તમે મારા માટે સમાધિનો ભંગ કેમ કર્યો, ઉપાસના કેમ બંધ કરી દીધી ?" સંત મધુર વાણીથી બોલ્યા — "વત્સ ! ભગવાનની ઈચ્છા છે કે એમના સંસારમાં કોઈ દીન-દુઃખી ન રહે, એમની ઈચ્છાપૂર્તિનું મહત્ત્વ વધુ છે." આ જવાબથી એમનું પૂર્ણ સમાધાન થયું.

સેવા અને સજ્જનતા પણ શક્તિ-સાધનાનું અંગ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યુગ નિર્માણ સત્સંકલ્પ - ૧

# અમે ઈશ્વરને સર્વવ્યાપી, ન્યાયકારી માની એના અનુશાસનને જીવનમાં ઉતારીશું

જીવને પરમેશ્વરનો અંશ કહેવામાં આવ્યો છે. જેવી રીતે જળપ્રપાતમાંથી પાણીના અનેક નાનાં-નાનાં ઝરણાં ઉત્પન્ન થઈ વિલય થાય છે, તેવી જ રીતે વિભિન્ન જીવધારી પરમાત્માથી ઉત્પન્ન થઈ એમાં જ લય થતા રહે છે. આસ્તિકતા એ શુદ્ધ દૃષ્ટિ છે જેના આધાર પર મનુષ્ય પોતાના જીવનની રીતિ-નીતિનો ક્રમ ઠીક બનાવવામાં સમર્થ થાય છે. આપણે ઈશ્વરના પુત્ર છીએ, મહાન મહત્તા, શક્તિ અને સામર્થ્યના પૂંજ છીએ. પોતાના પિતાના ઉત્તરાધિકારમાં આપણને એ પ્રતિભા ઉપલબ્ધ છે, જેથી આપણાથી સંબંધિત જગતનું, સમાજ અને પરિવારનું સુવ્યવસ્થિત સંચાલન કરી શકાય. ઈશ્વરની વિશેષ પ્રસન્નતા, અનુકંપા તેમજ સહાયતા પ્રાપ્ત કરવા માટે આપણે પરમેશ્વરના આજ્ઞાનુવર્તી ધર્મપરાયણ હોવું જોઈએ. દરેક પ્રાણીમાં ભગવાન વ્યાપ્ત છે, તેથી આપણે દરેક સાથે સજ્જનતાનો સદ્‌વ્યવહાર કરવો જોઈએ. સંસારના પદાર્થોનું નિર્માણ બધા માટે છે. તેથી અનાવશ્યક ઉપયોગ કરવો ન જોઈએ. પાપથી બચો, કેમ કે પાપ કરવું પોતાના ઈશ્વર સાથે જ દુર્વ્યવહાર કરવા જેવું છે. કર્મનું ફળ ઈશ્વરીય વિધાનનું અવિચ્છિન્ન અંગ છે. તેથી સત્કર્મ કરો અને સુખી રહો, દુષ્કર્મોથી બચો જેથી દુઃખો સહન ન કરવાં પડે. આ ભાવનાઓ અને માન્યતાઓ જેના મનમાં જેટલા ઊંડાણથી જામેલી હશે, જે આ માન્યતાઓને અનુરૂપ તેની રીતિ-નીતિ બનાવતો હશે, એ તેટલા પ્રમાણમાં આસ્તિક કહેવાશે.

મનુષ્યને અનંત પ્રતિભા પ્રદાન કરવા ઉપરાંત પરમાત્માએ એની બુદ્ધિમત્તા પરખવા માટેનું એક વિધાન બનાવ્યું છે. ઉપલબ્ધ પ્રતિભાનો સદુપયોગ એ કરી શકે છે કે નહીં, એ જ એની પરીક્ષા છે. જે આ પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે, એને એ ઉપહાર મળે છે, જેને જીવનમુક્તિ, પરમપદ, અનંત ઐશ્વર્ય, સિદ્ધાવસ્થા, ઋષિત્વ તથા દેવત્વ વગેરે નામોથી ઓળખવામાં આવે છે, જે અસફળ થાય છે, એને અનુત્તીર્ણ વિદ્યાર્થીની જેમ એક વર્ષ વધુ અભ્યાસ કરવા માટે ચોર્યાસી લાખ યોનિઓનું એક ચક્કર પૂરું કરવા માટે રોકી લેવામાં આવે છે. આ બુદ્ધિમત્તાની પરીક્ષા એ રીતે થાય છે કે ચારે તરફ પાપ, પ્રલોભન, સ્વાર્થ, લોભ, અહંકાર અને વાસના, તૃષ્ણાના શસ્ત્રોથી સજ્જ શેતાન ઊભો રહે છે બીજી તરફ ધર્મ, કર્તવ્ય, સ્નેહ, સંયમના મધુર હાસ્ય સાથે હસતો ભગવાન. આ બેમાંથી જીવ કોને અપનાવે છે, એ જ એની બુદ્ધિની પરીક્ષા છે, આ પરીક્ષા જ ઈશ્વરીય લીલા છે. આ જ પ્રયોજન માટે સંસારની આવી વિલક્ષણ દુવિધાપૂર્ણ સ્થિતિ બનેલી છે. આપણામાંથી અનેક દુર્બળ વ્યક્તિ શેતાનના પ્રલોભનમાં ફસાય છે અને ગળું કપાવે છે. વિવેક કુંઠિત થઈ જાય છે. ભગવાન ઓળખી શકાતો નથી, સન્માર્ગ પર ચાલવાનું શક્ય બનતું નથી અને આપણે ચોકડી ભૂલી માનવજીવનમાં ઉપલબ્ધ થઈ શકતા સ્વર્ણિમ સૌભાગ્યથી વંચિત રહી જઈએ છીએ. ઈશ્વર પર અતૂટ વિશ્વાસ અને એની અવિછિન્ન સમીપતાનો અનુભવ, આ સ્થિતિને જ આસ્તિકતા કહે છે. એ સ્થિતિને બનાવી રાખવા માટે જે સાધન અપનાવવાનું છે, એનું નામ 'ઉપાસના' છે.

પરમેશ્વર સર્વત્ર વ્યાપ્ત છે, કોઈ ગુપ્ત પ્રકટ સ્થાન એની ઉપસ્થિતિરહિત નથી, એ સર્વાંતર્યામી ઘટ-ઘટને જાણે છે. સત્કર્મ જ એને પ્રિય છે. ધર્મમાર્ગ પર ચાલનારને એ પ્રેમ કરે છે. આટલી માન્યતા તો ઈશ્વરભક્તમાં વિકસિત થવી જ જોઈએ. આ પ્રકારની નિષ્ઠા જેમાં હશે એ શરીરથી દુષ્કર્મ કરશે નહીં કે મનમાં દુર્ભાવોને સ્થાન આપશે નહીં. આ જ રીતે જેને ઈશ્વરના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સર્વવ્યાપક અને ન્યાયકારી હોવાનો વિશ્વાસ છે, એ કુમાર્ગ પર કેવી રીતે ચાલશે ? આસ્તિક કુકર્મી ન હોઈ શકે. જે કુકર્મી છે એની આસ્તિક્તાને એક વિડંબના કે પ્રવંચના જ કહેવી જોઈએ.

ઈશ્વરનો દંડ અને ઉપહાર બંને અસાધારણ છે. તેથી જ આસ્તિક એ વાતનું સદા ધ્યાન રાખશે કે દંડથી બચવામાં આવે અને ઉપહાર પ્રાપ્ત કરે. આ પ્રયોજન છૂટક પૂજા-અર્ચના, જપ-ધ્યાનથી પૂર્ણ થઈ શકતું નથી. ભાવનાઓ અને ક્રિયાઓને ઉત્કૃષ્ટતાના સાંચામાં ઢાળવાથી જ આ પ્રયોજન પૂરું થાય છે. ન્યાયનિષ્ઠ જજની જેમ ઈશ્વર કોઈની સાથે પક્ષપાત કરતા નથી. સ્તવન અર્ચન કરી એને એના નિયમ વિધાનથી વિચલિત કરી શકાતું નથી. પોતાનું પૂજન સ્મરણ કે ગુણગાન કરનાર સાથે જો એ પક્ષપાત કરવા લાગે, તો એની ન્યાય-વ્યવસ્થાનું કોઈ મૂલ્ય રહેશે નહીં. તો પછી સૃષ્ટિની આખી વ્યવસ્થા જ અસ્તવ્યસ્ત થઈ જશે. બધાને અનુશાસનમાં રાખનાર પરમેશ્વર પોતે પણ નિયમ-વ્યવસ્થામાં બંધાયેલો છે. જો કોઈ ઉદ્દંડતા તથા અવ્યવસ્થા ઊભી કરશે તો પછી એની સૃષ્ટિમાં પૂર્ણપણે અંધેર ખાતું ફેલાઈ જશે. પછી કોઈ એને ન્યાયકારી કે સમદર્શી કહેશે નહીં. એને ખુશામદી કે રુશવતખોરના નામથી બોલાવવામાં આવશે, જે ખુશામતથી સ્તુતિ કરી દે એનાથી પ્રસન્ન, જે પુરુષ-નૈવદ્ય અર્પણ કરે એનાથી પ્રસન્ન.

ભગવાનને આપણે સર્વવ્યાપક તથા ન્યાયકારી સમજીને ગુપ્ત કે પ્રગટ રૂપથી અનીતિ અપનાવવાનું સાહસ ક્યારેય, કોઈપણ સ્થળે કરવું ન જોઈએ. ઈશ્વરના દંડથી ડરો. એનું ભક્તવત્સલ જ નહીં ભયાનક રૌદ્ર રૂપ પણ છે એનુ રૌદ્ર રૂપ ઈશ્વરીય દંડથી દંડિત અસંખ્ય રુગ્ણ, અશક્ત, મૂક, બધિર, અંધ, અપંગ, જેલ તથા હોસ્પિટલમાં પડેલા કષ્ટથી કણસતા લોકોની દયનીય દશાને જોવાથી સહજ રીતે સમજી શકાય છે. આ સ્વરૂપ ભુલાવી દેવું ન જોઈએ. કેવળ વાંસળી વગાડનાર અને રાસ રચાવનાર ઈશ્વરનું જ ધ્યાન ન રાખો, એનું ત્રિશૂળધારી પણ એક રૂપ છે, જે અસુરતામાં નિમગ્ન દુરાત્માઓનું નૃશંસ દમન, મર્દન પણ કરે છે. ન્યાયનિષ્ઠ જજને જે રીતે પોતાના સગાંસંબંધીઓ, પ્રશંસક મિત્રોને પણ કઠોર દંડ આપવો પડે છે, ફાંસી તથા કોરડા મારવાની સજા આપવા માટે વિવશ થવું પડે છે, તેવી જ રીતે ઈશ્વરને પણ પોતાના ભક્ત-અભક્ત, પ્રશંસક નિંદકનો ભેદ કર્યા વિના એના શુભ-અશુભ કર્મોનો દંડ પુરસ્કાર આપવાનો હોય છે.

ઈશ્વર અમારી સાથે પક્ષપાત કરશે. સત્કર્મ ન કરવા છતાં પણ વિવિધ-વિધિ સફળતાઓ આપશે કે દુષ્કર્મો કરતા રહેવા છતાં પણ દંડથી બચવાની વ્યવસ્થા કરી આપશે. એવું વિચારવું નિતાંત ભૂલ છે. ઉપાસનાનો ઉદ્દેશ્ય આ રીતે ઈશ્વર પાસેથી અનુચિત પક્ષપાત કરાવવાનો નહીં હોવો જોઈએ, તેને બદલે એવું હોવું જોઈએ કે એ અમને પોતાની પ્રસન્નતાના પ્રમાણ સ્વરૂપે સદ્ભાવનાઓથી ઓતપ્રોત રહેવા માટે સત્પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહેવાની પ્રેરણા, ક્ષમતા તથા હિંમત આપે, ભય અને પ્રલોભનના પ્રસંગો આવવા છતાં પણ સત્પથથી વિચલિત ન થવાની દૃઢતા આપે, આ જ ઈશ્વરની કૃપાનું સર્વશ્રેષ્ઠ ચિહ્ન છે. પાપોથી ડર અને પુણ્યથી પ્રેમ આ જ તો ભગવદ્ભક્તનાં પ્રધાન ચિહ્નો છે. કોઈ વ્યક્તિ આસ્તિક છે કે નાસ્તિક, એની ઓળખ કોઈના તિલક, જનોઈ, કંઠી, માળા, પૂજા-પાઠ, સ્નાન, દર્શન વગેરેને આધાર પર નહીં, પરંતુ ભાવનાત્મક તથા ક્રિયાત્મક ગતિવિધિઓને જોઈને જ કરી શકાય છે. આસ્તિકની માન્યતા પ્રાણીમાત્રમાં ઈશ્વરની ઉપસ્થિતિ જુએ છે. તેથી જ એને દરેક પ્રાણી સાથે ઉદારતા, આત્મીયતા તથા સેવા સહાયતાભર્યો મધુર વ્યવહાર કરવો પડે છે. ભક્તનો અર્થ છે - પ્રેમ. જે પ્રેમી છે એ ભક્ત છે. ભક્તિ-ભાવનાનો ઉદય જેના અંતઃકરણમાં થશે, એના વ્યવહારમાં પ્રેમની અજસ્ર નિર્ઝરણી વહેવા લાગશે. એ પોતાના પ્રિયતમને સર્વવ્યાપક જોશે અને બધાથી અત્યંત સૌમ્યતાપૂર્ણ વ્યવહાર કરી પોતાની ભક્તિભાવનાનો પરિચય આપશે. ઈશ્વરદર્શનનું આ જ રૂપ છે. દરેક ચર-અચરમાં છુપાયેલા પરમાત્માને જે પોતાની જ્ઞાનદૃષ્ટિથી જોઈ શક્યો અને તે અનુસાર પોતાનાં કર્તવ્યોનું નિર્ધારણ કરી શક્યો, એને ઈશ્વરદર્શનનો લાભ મળ્યો એવું માનવું જોઈએ.

પોતાનામાં પરમેશ્વરને અને પરમેશ્વરમાં પોતાને જોવાની દિવ્ય દૃષ્ટિ જેને પ્રાપ્ત થઈ ગઈ એણે પૂર્ણતાનું જીવનલક્ષ્ય પ્રાપ્ત કરી લીધું એમ સમજવું જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## સાધના પરિશિષ્ટ

# ઈશ્વર વિશ્વાસ કેમ અનિવાર્ય છે

ઈશ્વર સર્વવ્યાપી હોય અથવા એક સ્થાન પર નિવાસ કરનાર હોય, આ વિશ્વ-બ્રહ્માંડ એની કૃતિ હોય કે કોઈ બીજાની હોય, એ સર્વસમર્થ હોય કે નિર્બળ હોય, સસીમ હોય કે અસીમ, પ્રશ્ન એ થાય છે કે આસ્તિકતાની માનવજીવનમાં શું ઉપયોગિતા છે ? તે મનુષ્ય માટે કેમ આવશ્યક છે ? શું એના વગર મનુષ્ય સુખી રહી શકતો નથી ? જો એમ જ હોય, તો સંસારમાં ઘણી વ્યક્તિઓ એવી છે, જેમનો ઈશ્વર પર વિશ્વાસ નથી, જેઓ અનિશ્વરવાદનું સમર્થન કરે છે, તો શું એમને જીવનભર દુઃખ જ દુઃખ ભોગવવાં પડે છે.

વિશ્વના બુદ્ધિમાન ગણાતા મનીષીઓ દ્વારા અવારનવાર આ પ્રકારના પ્રશ્નો ઉઠાવવામાં આવે છે અને આસ્તિકતાની મહત્તા પર પ્રશ્ન-ચિહ્ન લગાડવામાં આવતું રહ્યું છે. દેખીતી રીતે આમાં એમનો પણ કોઈ દોષ નથી. જે પ્રત્યક્ષ ઘટિત થાય છે, એનો ઈન્કાર કેવી રીતે થઈ શકે ? શરીરના મૃત્યુ પછી પણ એના અસ્તિત્વની આશા કેવી રીતે કરવામાં આવે ? હા, એટલું અવસ્થ છે કે પ્રત્યક્ષવાદને જ બધું માનવું જોઈએ નહીં. અહીં જ ભૂલ થાય છે. જે લોકો પોતાના ભૌતિક-જીવનને બધું માની બેઠા છે, એમને માટે આ પ્રકારના પ્રશ્ન કરવા સ્વાભાવિક જ છે. સંભવતઃ આ કારણથી જ ચાર્વાક જેવા લોકોના મનમાં "ભસ્મીભૂતસ્ય દેહસ્ય પુનરાગમનમ્ કુતઃ"ની વાત આવી હશે, પરંતુ જેઓ પરોક્ષવાદ પર વિશ્વાસ કરે અને ભૌતિક જીવનથી જુદા જીવનના અસ્તિત્વને સ્વીકારે છે, જે વાસ્તવિક પણ છે, એમના માટે આટલાથી જ કામ નથી ચાલતું એમને હજી બીજા પ્રશ્નો પર વિચાર કરવો પડે છે કે "હું કોણ છું", ક્યાંથી આવ્યો છું અને મારું લક્ષ્ય શું છે ?

આ પ્રશ્નો પર વિચાર કરવાથી નિશ્ચિતપણે આસ્તિકતાની મહત્તા, જીવનમાં સમજમાં આવી જાય છે, પરંતુ કાર્લાઈલનો વિચાર છે કે મનુષ્યના અસ્તિત્વમાં આવવાથી લઈ અત્યાર સુધી એ આવા પ્રશ્નોની ઊહાપોહમાં પડેલો છે, તેમ છતાં એ આ પ્રશ્નોના ઉત્તર મેળવી ન શક્યો, તો પછી વ્યર્થ જાળ-જંજાળમાં પડી પોતાનો બહુમૂલ્ય સમય બરબાદ કરવો અને સ્વલ્પ જીવનને બરબાદ કરી એના આનંદ લાભથી વંચિત થવું, કોઈપણ રીતે બુદ્ધિમાની કહી શકાય નહિ. એમનો વિચાર છે કે 'હું કોણ છું ?' આના પર મનન કરવાની જગ્યાએ 'મારે શું કરવું જોઈએ ?' એના પર વિચાર કરવો જોઈએ. થોડી ક્ષણ માટે કાર્લાઈલનો આ મત માની પણ લેવામાં આવે, તો શું આત્મબોધ અને સ્વરૂપબોધ વિના કર્તવ્યબોધ કરી શકવો સંભવ છે ? કદાચ નહીં. જ્યારે ગંતવ્ય જ ખબર ન હોય, તો કઈ તરફ કોઈ કદમ ઉપાડશે ?

પોતાને સંપૂર્ણપણે ન જાણવાની સ્થિતિમાં મનુષ્ય કર્તવ્ય-અકર્તવ્ય વચ્ચે વિભેદ કરી શકતો નથી અને જેની રુચિ જે પ્રકારની હોય છે, તે પ્રકારે એ સ્વતંત્રતાપૂર્વક કાર્ય કરવા લાગે છે. વ્યભિચારી, વ્યભિચાર કરે છે અને અપરાધી ગુનાહિત વૃત્તિમાં સંલગ્ન થઈ લોકોને સતાવે, પ્રતાડિત કરે છે. ફળ-સ્વરૂપે સમાજ-વ્યવસ્થા ભાંગી પડે છે અને સર્વત્ર અરાજકતાનું વાતાવરણ ઉત્પન્ન થાય છે, પરંતુ જ્યારે એને પોતાના સ્વરૂપ અને સૃષ્ટાના નિયમની જાણ થાય છે ત્યારે એ આવા ક્ષુદ્ર પ્રયોજનમાં સંલગ્ન રહેવાનું સાહસ કરી શકતો નથી.

દાખલા તરીકે, કોઈ કાર્યાલયમાં કામ કરતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કારકુનને ખબર પડે, કે એના ફાળે શું કાર્ય આવ્યું છે અને તે કરવા એ બાધ્ય છે, ભલે એમાં એનું મન લાગે કે ન લાગે એની પોતાની મરજી અહીં ચાલી શકતી નથી. કેમ કે એને જ્ઞાત થાય છે કે જો એ પોતાની મરજી મુજબ કરવાની ધૃષ્ટતા કરશે તો એ કોઈ દંડને પાત્ર બનશે, એને કોઈને કોઈ સજા અવશ્ય મળશે અથવા તો આર્થિક દંડ ભોગવવો પડશે અથવા નોકરી હાથમાંથી છૂટી જશે, તેથી એ જ કાર્ય નિયમપૂર્વક કરતો રહે છે જે એને અધિકારી પાસેથી મળે છે. ઈશ્વરીય સત્તા તરફથી મનુષ્ય માટે પણ આ સંસારમાં આવી જ નિયમ વ્યવસ્થા છે. જ્યારે મનુષ્ય આ વ્યવસ્થાનો ભંગ કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે પરમાત્માની દૃષ્ટિમાં અપરાધી સાબિત થાય છે, ફળસ્વરૂપે એને દંડ પણ ભોગવવો પડે છે. આ દંડથી એ ત્યારે જ બચી શકે છે,જ્યારે પોતાને જાણે, પોતાનો જન્મ ધારણ કરવાનો ઉદ્દેશ્ય સમજે અને તેને અનુરૂપ કાર્ય કરે. આવું ત્યારે જ સંભવ છે, જ્યારે વ્યક્તિ જીવનમાં આસ્તિકતાને ધારણ કરે અને સૃષ્ટિની નિયામક સત્તા પર વિશ્વાસ કરી શકે. એ જાણી શકે કે એ પોતે પણ અવિનાશી આત્મા છે, પરમપિતા પરમાત્માનો અંશધર છે.

મરણધર્મા શરીર તો કલેવર માત્ર છે, જે સમય-સમય પર બદલાતું રહે છે. વસ્ત્ર જૂનાપુરાણાં થઈ જાય તો એને ત્યાગી નવાં વસ્ત્ર ધારણ કરવાં પડે છે. આ પરિવર્તનની ક્રિયાથી શરીર પ્રભાવિત થતું હોય, એવું ક્યાં જોવા-સાંભળવા મળે છે. શરીર તો યથાવત્ બની રહે છે. આ જ પ્રકારનો સંબંધ શરીર અને આત્મા વચ્ચે છે. શરીર બદલાતું રહેવા છતાં પણ મૂળ સત્તા જેમની તેમ બની રહે છે. જેમને આ વિદિત છે અને જેઓ કર્મફળ સિદ્ધાંત પર વિશ્વાસ કરે છે, તેઓ પોતાનું કાર્ય પણ માનવીય ગરિમાને અનુરૂપ નિર્ધારિત કરે છે,પોતે શાલીનતાપૂર્વક સાચા ઇન્સાનની જેમ જીવે છે અને બીજાઓને પણ આની જ પ્રેરણા આપે છે. આવા જ લોકોની સંખ્યા જ્યારે ધરતી પર વધે છે તો ધરતી સ્વર્ગોપમ બને છે અને મનુષ્ય દેવમાનવ હોવાનું ગૌરવ પ્રાપ્ત કરે છે. આનાથી જ્યાં માનવ પોતાના પરમ લક્ષ્યને શીઘ્રાતીશીઘ્ર પામવામાં સફળ થાય છે, ત્યાં બીજી તરફ સંસારમાં દરેક પ્રકારની સુખ-શાંતિ બની રહે છે. આસ્તિકતાનો આ જ સૌથી મોટો લાભ છે.

જેઓ અનીશ્વરવાદના સમર્થક છે, તેઓ કોઈ અદૃશ્ય સત્તા પર કેમ વિશ્વાસ કરશે અને એનાથી એ શું કામ ડરશે ? સ્પષ્ટ છે, આવા લોકોના ક્રિયાકલાપ સ્વતંત્ર હશે. જેમની જેવી ઇચ્છા હશે, નિરંકુશ શાસકની જેમ કરતા રહેશે. ન વર્જનાઓનું ધ્યાન રહેશે કે ન ઉદ્દંડતાનું. ન દંડવ્યવસ્થાની ચિંતા થશે, ન કોઈના ભયનો ખ્યાલ હશે. પરિણામ સર્વગ્રાહી વિભીષિકાના રૂપમાં સામે આવશે. આ ઉપરાંત જેઓ આ જીવનને પોતાનો આદિ અંત માને છે, તેઓ નિશ્ચિતપણે દરેક પ્રકારની સાધનસુવિધા એકત્રિત કરી જીવનનો ભરપૂર ઉપભોગ કરવા ઇચ્છશે. ભલે આ પ્રક્રિયામાં એમને અનીતિ-અત્યાચારનો જ સહારો કેમ ન લેવો પડે ? પરંતુ તેઓ આવું અવશ્ય કરશે. આ અનીશ્વરવાદી અને ભોગવાદી નીતિનો દોષ છે.

ચાર્વાક અને જે.એસ.મિલ બન્ને આ પ્રકારની ભોગવાદી માન્યતાના સમર્થક અને અનીશ્વરવાદના પ્રશંસક રહ્યા છે. એકનો ભોગવાદ વ્યક્તિવાદ પર આધારિત છે, તો બીજાનો સમૂહવાદ પર. જે. એસ. મિલના સમાજમાં અધિકતમ મનુષ્યોને વધુમાં વધુ સુખ આપવું જ એકમાત્ર ઉદ્દેશ્ય હોય છે, પરંતુ સુખી સમાજની આ કલ્પના પણ સર્વાંગપૂર્ણ નથી, કેમ કે આ સુખનો પાયો કુકૃત્યો રૂપી આધારશિલા પર પણ રાખી શકાય છે. જો બીજાઓને કષ્ટ આપીને જ સુખ મળે છે, તો કોઈ શું કામ પરોપકાર કરશે, કેમ કે એનું પરિણામ તો તાત્કાલિક મળતું પણ નથી.

આસ્તિકવાદ આવી સ્થિતિમાં આશ્વાસન આપે છે કે મૃત્યુ જીવનનો અંત નથી. દરેક વ્યક્તિને પોતાના કરેલા ઉપકારનો બદલો નિશ્ચિત રીતે આત્મસંતોષ તથા લોકસન્માન, દૈવી અનુગ્રહના રૂપે આ જન્મમાં તથા આગલા જન્મમાં જુદાં રૂપોમાં મળીને જ રહે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભગવત્ સત્તા પુણ્યકાર્યોનું પારિતોષિક નિશ્ચિતપણે પ્રદાન કરે છે, જે લૌકિક કે આત્મિક પ્રગતિના રૂપમાં પરોક્ષ પણ હોઈ શકે છે. આના પર ભોગવાદી નાસ્તિક કહી શકે છે કે આ પણ એક પ્રકારનો લાભ જ છે, તો ઈશ્વર વિશ્વાસથી અર્જિત તથા અનીશ્વરવાદી લાભમાં શું અંતર રહ્યું ? આ પ્રકારનો પ્રશ્ન કરનારા ભૂલી જાય છે કે ભોગવાદીઓનો લાભવાદ ભૌતિકવાદ પર આધારિત છે, જેની ગતિ ફક્ત સંસાર સુધી સીમિત છે, પરંતુ ઈશ્વરવાદીઓનો લાભવાદ અધ્યાત્મવાદ અને પરલોકવાદ બંને પર આધારિત છે. આવા લોકોને ભૌતિક સંસારમાં શ્રેય, સન્માન, શ્રદ્ધાનું સુખ તો મળે જ છે, તેઓ સ્વર્ગ, મુક્તિ, શાંતિનો આનંદ પણ પરલોકમાં ઉઠાવે છે. આ જ મનુષ્યનું ચરમ લક્ષ્ય પણ છે.

આ પ્રકારે વિચાર કરવામાં આવે, તો નાસ્તિક્તાને કારણે મનુષ્યજીવન અધૂરું પ્રતીત થાય છે. આસ્થાના અભાવમાં વ્યક્તિ ન તો આનંદની પ્રાપ્તિ કરી શકે છે, ન ચરમ લક્ષ્ય તરફ વધી શકે છે.

ઈશ્વર વિશ્વાસનો અર્થ છે ઉત્કૃષ્ટતા પ્રત્યે અસીમ શ્રદ્ધા રાખતું સાહસ. બીજા શબ્દોમાં આને આત્મબળ પણ કહી શકાય છે. સાચા ઈશ્વર વિશ્વાસીએ આત્મબળ સંપન્ન હોવું જ જોઈએ. આવી વ્યક્તિમાં એવું આત્મબળ હશે, એ અનીતિની સામે ઝૂકતો નથી અને પ્રલોભનથી ગ્રસિત થઈ એવું કોઈ કામ કરતો નથી, જેથી આદર્શવાદિતા પર, માનવીય ગરિમા પર આંચ આવે છે. ઈશ્વરીય વિશ્વાસની ઊંડાઈ આવી જ નીતિ-નિષ્ઠાની કસોટી પર કસવામાં આવે છે અને ખરી સિદ્ધ થતી રહી છે.

દૂરદર્શી તત્ત્વવેત્તા ઋષિઓએ માનવજીવનમાં આસ્તિકતાને જે મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું છે, એ એમની સૂક્ષ્મ દૃષ્ટિનો પરિચાયક છે. એમણે પોતાની પરિષ્કૃત સૂક્ષ્મ બુદ્ધિથી એ જાણી લીધું હતું કે સ્વભાવતઃ બહિર્મુખી મનુષ્ય પોતાની બુદ્ધિ અને પ્રકૃતિનો દુરુપયોગ કરી પથ-ભ્રષ્ટ થઈ શકે છે. તથા શાંતિ સુવ્યવસ્થામાં બાધક સિદ્ધ થઈ શકે છે એને કુમાર્ગ પર જવાથી બચાવવા તથા એના જીવનના સમગ્ર વિકાસ માટે એમણે આસ્તિકતાને જીવનના સર્વાંગપૂર્ણ વિકાસની આધારશિલા બનાવી. પરમેશ્વર સર્વત્ર વ્યાપ્ત છે. એ બધાનો નિયામક, નિયંતા અને સમદર્શી છે. આ તથ્યોને હૃદયંગમ કરી એક આસ્તિક વ્યક્તિ અનીતિથી દૂર રહી પોતાનામાં સત્પ્રવૃત્તિઓનું અભિવર્ધન કરે છે. આસ્તિકવાદ જ સમાજની પ્રગતિનો મૂળભૂત આધાર છે. આને સુનિશ્ચિત માનવું જોઈએ. આજની બધી સમસ્યાઓ જે માનવી દુર્બુદ્ધિજન્ય છે અને દૈવી પ્રકોપની પરિણતિ માનવામાં આવે છે, તેને જો આસ્તિકતાનાં દર્શનથી જન-જનને અનુપ્રાણિત કરી દેવામાં આવે તો જોત-જોતામાં મટી શકે છે.

---

*વ્યક્તિગત ભૌતિક પ્રગતિને જ્યાં સંબંધ છે ત્યાં સુધી કોઈ વ્યક્તિ એ અંગે ઉદાસીન રહે અને ઉપયોગિતાની દૃષ્ટિએ ન્યૂનતમ માત્રાનો પોતાના માટે ઉપયોગ કરીને સાદગીપૂર્ણ અને કરકસરયુક્ત જીવન જીવે તો એ ઠીક છે. જો એને જ ગરીબી કહેવાતી હોય તો ખોટું નથી, કેમ કે વ્યક્તિગત આકાંક્ષાઓ અને વાસના તૃષ્ણાઓથી બચી રહે તો માણસની વિભૂતિઓનો ઉપયોગ પરમાર્થ અને લોકકલ્યાણમાં થઈ શકશે. આ રીતે આ લક્ષણ પણ બરાબર છે કે તે પોતાની સાથે શત્રુવત્ દૃષ્ટિ રાખનારાઓ અને ઠગનારાઓ સામે બદલો નથી લેતો. આ એટલા માટે બરાબર છે કે આ પ્રતિશોધમાં બહુ જ શક્તિ ખર્ચાય છે. તેથી લાભ તો એકલાને જ રહે છે, પણ હાનિ બધાને થાય છે. જે સામાજિક અથવા એથી વધુ ખરાબ પ્રકારના અનાચારોની પીડા સહી રહ્યા છે, કેમ કે તેમના વિનાશથી અસંખ્ય લોકોને રાહત મળે છે.*

•••••••••



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## સામૂહિક સાધનાનો ઉપયુક્ત અવસર

# 'નવરાત્રિ પર્વ'

નવરાત્રિ પર્વ ઉપર એકાકી અથવા પારિવારિક સાધનાઓની અપેક્ષા સામૂહિક રૂપથી અનુષ્ઠાન સંપન્ન થાય તો તેનું મહત્ત્વ ઘણું વધારે હોય છે. પ્રાચીન સમયમાં સર્વત્ર આવાં આયોજનોની પરંપરા હતી. ક્યાંક-ક્યાંક આજે પણ નવરાત્રિ પર્વ ગામના ગામ મળીને સંપન્ન કરે છે.

સામૂહિક પ્રાર્થનાને સમસ્ત સંસારમાં દરેક ધર્મોમાં પહેલેથી મહત્ત્વ આપવામાં આવતું રહ્યું છે. ખ્રિસ્તીઓની સામૂહિક પ્રાર્થના રવિવારના દિવસે ગિરજાઘરમાં થાય છે, મુસલમાનો મસ્જિદમાં ભેગા થાય છે અને એક નિયત સમયે નિયત વિધિથી હળી-મળીને એ ક્રિયાને પૂરી કરે છે. ઈદ-બકરીઈદ જેવા પર્વ સામૂહિક પૂજાપ્રાર્થનાના રૂપમાં જ સંપન્ન થાય છે. જે રોજ મસ્જિદ નથી જઈ શકતા, તેઓ અઠવાડિયામાં એક વાર શુક્રવારે તો ત્યાં પહોંચવાનો પ્રયત્ન કરે જ છે. ઈસાઈઓમાં ખાસ દિવસો જેવાં પર્વો પર વ્યક્તિઓ અરસપરસ આનંદપૂર્વક મળીને એક સાથે સામૂહિક રૂપમાં ઉપાસના કરે છે. જો આ કાર્ય બધા લોકો અલગ અલગ બેસીને કરે, તો આનંદ મળવાનો તો દૂર, મન એકાગ્ર કરવું સુધ્ધાં મુશ્કેલ થઈ જશે.

સૂત શૌનક સંવાદોમાં નૈમિષારણ્ય આદિ ક્ષેત્રમાં હજારો ઋષિઓનું એકત્રિત થવું અને સત્સંગક્રમ ચલાવવાની વાત પ્રસિદ્ધ છે. તીર્થોની રચના પણ આવાં પ્રયોજનોને માટે થયેલી હતી જેથી કરી ત્યાં પહોંચીને સામાન્ય વ્યક્તિ પણ સાધના અને શિક્ષણસત્રમાં સામેલ થઈને આત્મપરિષ્કારનો અવસર પ્રાપ્ત કરી શકે.

ઉપાસના પણ એવું કૃત્ય છે, જેમાં સામૂહિકતા અપનાવવામાં ઘણો વધારે આનંદ મળે છે અને ઘણી વધારે સફળતા મળે છે. મંદિરોમાં આરતીની પરંપરા આદિકાળથી ચાલતી આવે છે.

પાઠશાળાઓમાં અધ્યયન શરૂ કરતાં પહેલાં બાળકો સામૂહિક પ્રાર્થના કરે છે. ઉત્સવોનું નિર્માણ પણ આવા ઉદ્દેશ્યોને લીધે જ થયું છે જેથી કરી લોકો હળીમળીને ધર્મકાર્ય કરવાનું મહત્ત્વ સમજે. વસંતપંચમી, શિવરાત્રી, હોળી, રામનવમી, ગંગાદશેરા, ગુરુપૂર્ણિમા, રક્ષાબંધન, જન્માષ્ટમી, વિજયાદશમી જેવાં દરેક પર્વો ઉપર જુદી જુદી જગ્યાએ પોતપોતાની રીતથી ઉત્સવ મનાવવામાં આવે છે અને એકત્રિત લોકો હળીમળીને પરંપરાગત રીતે ધર્મકાર્યોને સંપન્ન કરે છે.

મેળાઓનું રૂપ હવે મનોરંજનપ્રધાન અથવા વ્યાવસાયિક ભલે બની ગયું હોય, પરંતુ એની શરૂઆત કરનારાઓનું તેની પાછળનું પ્રયોજન શું રહ્યું હશે તથા હજુ પણ તેની પાછળનો મૂળ ઉદ્દેશ્ય ક્યાં છુપાયેલો છે ? એનું થોડા ઊંડા ઊતરી શોધખોળ કરતાં એક તથ્ય ઊભરાઈને બહાર આવે છે — તે છે હળીમળીને ધર્મધારણાને પ્રોત્સાહિત તથા પરિપક્વ કરવું.

સામૂહિક પ્રયત્નોથી અધિક સુવિધા વ્યવસ્થા અને સફળતા તો મળે જ છે, સાથે સાથે સૌથી મોટી વાત તો એ છે કે મન એકચિત્ત થઈ લાગેલું રહે છે અને ઉત્સાહ વધે છે. એકાંતમાં મન વધુ એકાગ્ર થાય એવું વિચારવું ભૂલભરેલું છે, સાચું તો એ છે કે તેમાં ચિત્તને એકાગ્ર કરવામાં ઘણી જ મુશ્કેલી પડે છે. સમૂહમાં તો અન્ય મનોને કારણે આપણું મન પણ બંધાયેલું રહે છે અને ટોળામાં ઊડતા રહેતા પક્ષીઓની જેમ એક દિશામાં ઊડતું રહે છે, પરંતુ એકાકી પક્ષી, એકલા રહેવાવાળું પશુ જે રીતે ખિન્ન, ઉદ્વિગ્ન દેખાય છે, તેવી જ રીતે એકાકી મન પણ ઉદાસ, નીરસ, અને ખિન્ન થઈને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહે છે. સુખ અને દુઃખ તો ભેગા મળી વહેંચીને જ ભોગવી શકાય છે. કરોડપતિ અને સમસ્ત સાધનસંપન્ન વ્યક્તિને જો એકાકી રહેવા દેવામાં આવે, તો બધી જ સુખસુવિધાઓ હોવા છતાં પણ ઉદાસીનું વાતાવરણ છવાયેલું રહેશે. અન્યના સહયોગ વગર પ્રસન્નતાની અનુભૂતિ મુશ્કેલ છે. મનુષ્યોમાં પણ જ્યાં હઠીલી પ્રવૃત્તિઓ જોવામાં આવશે ત્યાં તેવા લોકોમાં સંકુચિતતા, સ્વાર્થીપણું ,અનુદારતા અને નિષ્ઠુરતા જેવી દુષ્પ્રવૃત્તિઓ ભરેલી નજરે ચઢશે, ન તો તેઓ કોઈને મદદરૂપ થતા હશે અને ન કોઈ તેમને મદદ કરતું હશે. ફળસ્વરૂપ તેમને અન્ય માટે અને અન્યને તેમના માટે ફરિયાદ રહેતી જ હશે.

નવરાત્રિ પર્વ સામૂહિક ઉપાસનાનું પર્વ છે. સાધનાને માટે પ્રકૃતિગત અનુકૂળતા અને સૂક્ષ્મ જગતની વિશિષ્ટતાઓને ધ્યાનમાં રાખતા રહીને આ દિવસોમાં સાધનારત રહેવાની પરંપરા ચાલતી આવે છે. આ પ્રયત્નશીલતા અને પરિસ્થિતિનો યોગ્ય તાલમેલ મેળવવાની ક્રિયા છે.

નવરાત્રિ-સાધનામાં પ્રકૃતિગત અનુકૂળતાની વાત જેટલી મહત્ત્વપૂર્ણ છે, તેટલી જ ઉપયોગિતા સામૂહિક સાધનાના પ્રચલનની પણ છે. આ પર્વ સર્વત્ર સ્નેહ, સહયોગના વાતાવરણમાં હળીમળીને જ મનાવવામાં આવે છે. ઉત્સાહ અને આનંદના બધા જ ઉતાર-ચઢાવ સહકારિતાના ચુંબકત્વથી ભરેલા પવન વડે જ ઉત્પન્ન થાય છે. કોઈ પણ વ્યક્તિ જુદી જુદી રીતના વાંધા-વચકા કાઢતા રહે, તો એનાથી ઉમંગ અને ભાવભરી ઉત્કંઠાનાં ક્યાંય દર્શન પણ થઈ શકતાં નથી.

નવરાત્રિમાં રામલીલા, રાસલીલા, રામાયણ, સપ્તશતી પાઠ, ભાગવત પાઠ, અખંડ કીર્તન, ગરબા જેવાં સામૂહિક ધર્માનુષ્ઠાન ચાલતાં રહે છે, આનાથી જે વાતાવરણ બને છે, આનાથી જનમાનસને એક વિશેષ દિશામાં પ્રભાવિત થવાનો સહજ અવસર પ્રાપ્ત થાય છે. જનમાનસને પ્રભાવિત કરવા અને તેને શ્રેષ્ઠતાની દિશામાં પ્રભાવિત કરવાના વિશેષ લાભને ધ્યાનમાં રાખતા રહીને જ તત્ત્વદર્શકોએ ધર્માનુષ્ઠાનની પરંપરામાં સામૂહિકતાના ઉલ્લાસને જોડ્યો છે. આ પરંપરાને દરેક દૃષ્ટિએ દૂરદર્શિતાપૂર્ણ અને ઉપયોગી જાણીને જ શરૂ કરવામાં આવી છે.

નવરાત્રિના પાવન પર્વ ઉપર પ્રાચીન સમયમાં ગાયત્રી-ઉપાસનાનો જ એક માત્ર પ્રસંગ જોવા મળે છે. વિભિન્નતાઓ તો સાંપ્રદાયિક ઉન્માદની દેન છે. સનાતન સંસ્કૃતિમાં તો પૂરી રીતે એકરૂપતા, એકનિષ્ઠા, એક દિશા, એક લક્ષનું જ નિર્ધારણ હતું. જ્ઞાન અને વિજ્ઞાનનો આધાર હતો, વેદ અને ઉપાસનાનું સમુચિત તત્ત્વજ્ઞાન અને વિધિ-વિધાન ગાયત્રી ઉપાસનાની ધરી ઉપર પરિભ્રમણ કરતું હતું. તે દિવસોમાં સર્વસાધારણને માટે દૈનિક સંધ્યાવંદનાના રૂપમાં ગાયત્રીમંત્રની ઉપાસના એક મેરુદંડ હતી. વિશિષ્ટ સાધકોને માટે આ કલ્પવૃક્ષની નીચે અભીષ્ટ સફળતાઓની સાધનાનો ઉપયુક્ત આશ્રય મળતો હતો. યોગી અને તપસ્વી આ જ અવલંબનના સહારે પોતાનો મંત્ર પ્રાપ્ત કરતા હતા. દેવતાઓ અને અવતારોને માટે પણ શક્તિનો સ્રોત આ મહાયજ્ઞ જ હતો. ત્યારે બીજું કશું નહીં તો વિચારવાની ગુંજાશ હતી અને ન તો ત્યાં સુધી ભટકાવવાવાળી ભુલભુલામણી પણ રચવામાં આવી હતી. આવી સ્થિતિમાં સામાન્ય અથવા વિશિષ્ટ ઉપાસનામાં રુચિ રાખવાવાળા એક જ માર્ગ ઉપર ધીમી અથવા તેજ ગતિથી ચાલતા હતા. નવરાત્રિ પર્વ ઉપર જ્યાં જેવી સાધનાની યોજના બનતી હતી, તેને ગાયત્રી મંત્રને કેન્દ્ર અને સામૂહિક આયોજનને પ્રક્રિયાનો આધાર બનાવવામાં આવતું હતું.

સાંસ્કૃતિક પુનરુત્થાનના આ પુણ્ય પ્રભાતમાં આપણે આપણી વિસ્મૃત પરંપરાઓને ફરીથી શોધી કાઢવાની અને સજીવન કરવાની જરૂર છે.આ દૃષ્ટિએ જાગૃત આત્માઓએ નવરાત્રિ પર્વ અને ગાયત્રી ઉપાસનાનો સામૂહિક ઉપક્રમ ભેગા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિલગાવ અને ભટકવાની જંજાળમાંથી બહાર નીકળીને નિર્ધારિત લક્ષ તરફ ચાલી નીકળવાનો આ એક ઉપાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નવરાત્રિની સાથે દુર્ગાવતારની કથા જોડાયેલી છે. અસુરોથી સંત્રસ્ત દેવતા પ્રજાપતિની પાસે જાય છે અને પૂછે છે કે અમે સદ્ગુણોથી સંપન્ન હોવા છતાં પણ દુષ્ટ અસુરોથી કેમ હારીએ છીએ ? બ્રહ્માજીએ સીધો ઉત્તર આપ્યો – સંગઠન અને પરાક્રમના અભાવમાં અન્ય ગુણ નિષ્પ્રાણ જ બન્યા રહે છે. સંકટમાંથી છૂટવા અને વર્ચસ્વ મેળવવાને માટે સંગઠિત અને પરાક્રમી બન્યા સિવાય અન્ય કોઈ માર્ગ છે નહીં. દેવતાઓ સહમત થયા. યોજના બનાવવામાં આવી. સંગઠનથી અને પરાક્રમથી દેવી દુર્ગાનુ અવતરણ સંભવ થયું. તેમના પ્રહારથી જ તત્કાલિન અસુર-દાનવોનો પરાભવ સંભવ થયો. આજે પણ સ્થિતિ એવી જ છે. ડગલે ને પગલે દેવત્વને હારતા અને દૈત્યોને જીતતા જોઈએ છીએ. તેમાં કારણ દૈત્યોની વરિષ્ઠતા નથી, પરંતુ તથ્ય એ છે કે દેવપક્ષે ન તો સંગઠિત થવાની આવશ્યકતા સમજી અને ન પરાક્રમનું કોઈ કાર્ય કરી દેખાડ્યું. આ ભોળપણને દૈત્યોએ દુર્બળતા સમજી અને આક્રમણની દાઝ નિર્દ્વંદ્વ થઈને કાઢવાની શરૂ કરી દીધી. સંક્ષેપમાં આજની વિભીષિકાઓના મૂળમાં આ જ એક કારણ છે. આનું નિરાકરણ પણ ત્યાં સુધી સંભવ નહીં થાય જ્યાં સુધી કે દુર્ગાવતરણની પુનરાવૃત્તિ નહીં થાય. ગાયત્રીજયંતી પર એ મહાશક્તિનું પવિત્ર પાવની ગાયત્રી ગંગાશક્તિનું અભિનંદન કરવામાં આવે છે. નવરાત્રિમાં તેનો ઉત્તરાર્ધ કરવો જોઈએ. અસુર નિકંદિનીના પ્રચંડ ભર્ગને જીવિત, જાગૃત અને સક્રિય કરવાનો આ યોગ્ય સમય છે. નવરાત્રિની દુર્ગાપૂજા વડે આત્મસાધનાના સાધકોને બ્રહ્મવર્ચસ્‌ની પ્રેરણા ઉપલબ્ધ કરવી જોઈએ. સામૂહિકતાની શક્તિથી આબાલ,વૃદ્ધ, વિજ્ઞાતા, અજ્ઞાત બધા જ પરિચિત છે.

દોરાઓ મળીનું દોરડું, ઈંટોમાંથી ભવન કરવાની વાત સર્વવિદિત છે. સિપાઈઓનો સમૂહ સેના અને મનુષ્યોનો સમૂહ સમાજથી ઓળખાય છે. આ કોણ નથી જાણતું? વીખરાયેલા ધર્મપ્રેમીઓને એક ઝંડાની નીચે એકત્ર અને સંગઠિત કરવાનો પ્રયત્ન નવરાત્રિની સામૂહિક સાધનાના માધ્યમ વડે સારી રીતે સંપન્ન કરાવી શકાય છે. વહેંચાયેલાને સંગઠનમાં, ઉદાસીને પરાક્રમમાં બદલવાની પ્રેરણા નવરાત્રિના નવદુર્ગાના પ્રાચીન ઇતિહાસનું અવિચ્છિન્ન અંગ છે. પ્રાચીનને અર્વાચીનનાં પ્રત્યાવર્તિત કરવાને માટે નવરાત્રિની સાથે જોડાયેલ દુર્ગાવતરણના કથાપ્રસંગને યોગ્ય રીતે પ્રકાશમાં લાવી શકાય છે. આની જરૂરિયાત એટલા માટે નથી કે આપણે અતીતની મહાનતા ઉપલબ્ધ કરવી છે. એટલા માટે અભીષ્ટ છે કે સંગઠન અને પરાક્રમ વગર યુગની સમસ્યાઓનું સમાધાન પણ સંભવ થઈ નહીં શકે

એક સમયે એક ઉદ્દેશ્યને માટે એકત્રિત થઈ જે કામ કરવામાં આવે છે, તેનો પ્રભાવ અને પ્રતિફળ અસાધારણ હોય છે. કોઈ ભારે ભેખડ, વસ્તુ જેવું ઉઠાવતી વખતે મજૂરો એક સાથે ભેગા મળીને જોર લગાડવાને માટે 'હોઈશા' જેવો કોઈ શબ્દ બોલે છે. સામાન્ય પ્રયત્નોથી સામાન્ય ગતિએ કામ કરવાની અપેક્ષા આ પ્રકારનાં કાર્યો અધિક સરળતાપૂર્વક સંપન્ન થતાં હોય છે. એક સાથે જોર લગાવવાનું પરિણામ શક્તિવિજ્ઞાનનો દરેક વિદ્યાર્થી સારી રીતે જાણે છે નવરાત્રિના એક જ પર્વ સમયે પ્રાતઃસમયે એક જ ઇષ્ટના પ્રેમીજન જ્યારે એક જ વિધિથી એક જ ઉપાસના કરે છે, તો તેનું પરિણામ સામાન્ય ક્રમની અપેક્ષા કરતાં ઘણું વધારે શ્રેયસ્કર હોય છે.

પુલ ઉપર ચાલતી સેનાને કદમ મિલાવીને ચાલવાની મનાઈ કરવામાં આવે છે. એક જ સમયે એક જ ક્રમમાં થનારી પદયાત્રાના શબ્દતરંગો એટલા વિચિત્ર હોય છે કે તેના પ્રભાવથી તે પુલ તૂટી કે ફાટી સુધ્ધાં જાય છે. સામૂહિક ઉપાસનામાં એક જ ક્રમનો શબ્દપ્રવાહ દરેક દૃષ્ટિએ ઉપયોગી હોય છે.

અન્યાન્ય ધર્મોમાં પણ આ સમયમાં સાધનાને ઘણું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. નમાજમાં સમયપાલન તેમજ સામૂહિકતા ઉપર ઘણું જ જોર આપવામાં આવ્યું છે. બીજના ચંદ્રમાનાં દર્શનને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આમાં એક જ સમયે એક જ મનોવૃત્તિને ઉભારવાનો પ્રયત્ન છે ભક્તિભાવના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રભાવમાં આ ભૌતિક સમાવેશનો લાભ પણ જોડાઈ જાય છે, ત્યારે તેની પ્રતિક્રિયા સૂક્ષ્મ જગતમાં ઘણી જ અનુકૂળ હોય છે. અનુકૂળ વાતાવરણ તૈયાર થતાં તેના પ્રભાવથી દરેક પ્રાણી અને પદાર્થ પ્રભાવિત થાય છે.

સારા ઉદ્દેશ્યને માટે સામૂહિક પ્રયત્નોની શક્તિનો તત્ત્વાર્થીઓએ કાયમ સ્વીકાર કર્યો છે. અવતારો સુધ્ધાંએ તેને પોતાની સાથે રાખી છે. રામ દ્વારા રીંછ વાનરો અને ગીધ ખિસકોલીઓના સહયોગનો સંચય કરવામાં આવ્યો હતો. ગોવર્ધન ઉપાડવામાં કૃષ્ણને પણ જનશક્તિને સાથે લઈ ચાલવું પડ્યું હતું અને ગાંધીની સફળતાઓમાં જનશક્તિના સહયોગનો પ્રત્યક્ષ પરિચય છે. ઋષિઓએ રક્તસંચય કરીને ઘટ ભર્યો હતો અને તેના દ્વારા અસુરોનો વિનાશ કરવા માટેની સૂત્ર-સંચાલિની સીતાનો જન્મ થયો હતો. યુગ પરિવર્તનનું પણ આવું જ અવતારી પ્રયોજન છે, આમાં ધર્મપ્રિય જાગૃત આત્માઓ દ્વારા સામૂહિક સાધના કરવાની આવશ્યકતા છે. આની સંયુક્ત શક્તિ વડે અભીષ્ટ ઉદ્દેશ્યની પૂર્તિમાં અસાધારણ સહાયતા મળશે. નવરાત્રિ સામૂહિક ઉપાસનામાં આવી જ પ્રક્રિયાનો સમાવેશ સમજી શકાય છે.

તીર્થસ્થાનો પર, વિભિન્ન પર્વો પર સ્નાનનું વિશેષ માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. સોમવતી અમાસ, ગંગાદશેરા,કાર્તિકી પૂર્ણિમા જેવા અવસરો ઉપર ગંગા, યમુના, નર્મદા જેવી નદીઓના કેટલાક નક્કી કરેલા ઘાટો ઉપર ભારે ભીડ જમા થાય છે. લોકો એક જ સમયે, એક જ પ્રકૃતિ, એક જ સ્થાન ઉપર પહોંચે અને એક જ કૃત્ય કરે. આ વાત બાહ્ય નજરે જોવાથી જોવામાં સામાન્ય સરખી લાગે છે, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ શોધ કરતાં આનું અદૃશ્ય મહત્ત્વ અસાધારણ રૂપથી પરિલક્ષિત થાય છે. આ સંયુક્ત શક્તિનો ઉદ્ભવ છે. મનુષ્યોની એક દિશામાં પ્રવાહિત થવાવાળી માનસિક ધારાઓ જ્યારે મળે છે ત્યારે સૂક્ષ્મ જગતમાં તેનો એક પ્રવાહ બની જાય છે. ખેતરોનું પાણી નાની નાની નીકોના રૂપમાં વહેતું ચાલ્યું જાય છે. આવા જ મિલનની સંયુક્ત શક્તિ નાળાં અને નદીઓના રૂપમાં પ્રખ્યાત થાય છે. આ જ ઉપક્રમ ઉપર્યુક્ત પર્વો પર એકત્રિત જનસમૂહની ધર્મચેતના એકત્રિત થવાથી સંભવ થાય છે. એ સંયુક્ત ભાવશક્તિ વડે જે તરંગો ઉત્પન્ન થાય છે, તે પોતાની સાથે અનેકોને સાથે લઈને આંધીની જેમ આસમાનમાં ઊડતી નજરે પડે છે. આમ તીર્થસ્થાનોમાં કોઈપણ જઈ શકે છે. દેવાલયોનાં દર્શન અને જળાશયોનાં સ્નાન કાયમ બધાને માટે શ્રેયસ્કર જ હોય છે, પછી કોઈ વિશેષ સમય ઉપર વિશેષ ઉત્સાહ લઈને ત્યાં એકત્રિત થવું, સામાન્ય બુદ્ધિથી જોતાં ભલે આનું મહત્ત્વ લાગતું ન હોય, પરંતુ સૂક્ષ્મદર્શી જાણે છે કે જનસમુદાયની ભાવભરી મનઃસ્થિતિ જ્યારે પણ એકત્રિત થાય છે, ત્યારે તેની પ્રતિક્રિયાઓ અસાધારણ પ્રતિફળ જ એકત્રિત કરે છે. નવરાત્રિ પર્વ ઉપર ગાયત્રી-ઉપાસનાનું વિશિષ્ટ મહત્ત્વ માનવામાં આવ્યું છે. આમાં સમય અથવા મુહૂર્ત જ એક કારણ નથી, એનું સૌથી મોટું કારણ છે કે એ અવસરે સામૂહિક સાધનાનું ઉત્સાહના રૂપમાં ઉત્પન્ન થવું અને તેને સમ્મિલિત ધર્માનુષ્ઠાનના રૂપમાં ક્રિયાન્વિત કરવું.

પ્રાતઃકાળે પક્ષીઓ હળીમળીને કલરવ અને અરુણોદયનું અભિવંદન કરે છે. મેઘના ગરજવાથી બધા જ મેઘ ભેગા થઈ તેના સ્વાગતનો જયઘોષ કરે છે. વસંતમાં ઘણું કરીને દરેક ભમરાઓ ગુંજન કરે છે અને બધી જ કોયલો ટહૂકે છે. નવયુગના આ વાસંતી પ્રભાવમાં યુગશક્તિના અવતરણનું સ્વાગત પણ જાગૃત આત્માઓએ હળીમળીને જ કરવું જોઈએ. સાધના જ પુરુષાર્થ છે. નલ-નીલની જેમ જ આપણે પણ યુગસેતુ બાંધવાનો છે. તેને માટે પથ્થર અને ઝાડ ભેગા કરવામાં આપણે કોઈએ પાછા પડવાનું નથી. નવરાત્રિનું પુણ્ય પર્વ આ પ્રયોજનને માટે સમય મહત્ત્વપૂર્ણ અને ઉપયુક્ત છે. તેમાં સામૂહિક સાધનાના રૂપમાં આપણે બધાએ પોતાના આધ્યાત્મિક પુરુષાર્થનો સમન્વય કરવો જ જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાધનાની સફળતામાં માર્ગદર્શકની મહત્તા

અધ્યાત્મ ક્ષેત્રમાં માર્ગદર્શકની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. પુરુષાર્થ તો પોતાને જ કરવો પડે છે, પરંતુ આંગળી પકડીને ચાર રસ્તાના ભ્રમ જંજાળથી મુક્ત કરી સાચો રસ્તો બતાવવાનું કાર્ય ગુરુ જ કરે છે.

સદ્‌ગુરુનો મહિમા ગાતાં શાસ્ત્રકારો થાકતા નથી. મનીષીગણ નિરંતર એ જ કહેતા આવ્યા છે કે આત્મિક પ્રગતિ ગુરુની સહાયતા વિના સંભવ નથી. આત્મ-કલ્યાણનું દ્વાર એના વગર ખૂલતું નથી. બધી સાધનાઓની સફળતા સદ્‌ગુરુના માર્ગદર્શન પર આધારિત છે. આ માટે વ્યક્તિવિશેષને ગુરુ માનવાની પણ આવશ્યકતા પડે છે, પરંતુ એનું કાર્ય એક જ છે, વ્યક્તિને સદ્‌ગુરુની ઓળખ કરી આપવી, ઉપાસનાની સાચી દિશા આપવી તથા અધ્યાત્મપથનો પથિક બનાવી દેવો.

શ્રુતિના જ્ઞાનથી યુક્ત હોય, પાપરહિત હોય, કામના શૂન્ય હોય, શ્રેષ્ઠ બ્રહ્મવેત્તા હોય, બ્રહ્મનિષ્ઠ હોય, ઈંધન રહિત અહિત અગ્નિ સમાન શાંત હોય, અકારણ દયાળુ હોય અને શરણમાં આવેલ સજ્જનોનો હિતૈષી હોય, આટલી વિશેષતાઓ ગુરુમાં હોય અને પાત્રતા તથા અસીમ શ્રદ્ધા શિષ્યમાં હોય, તો એ આદાનપ્રદાન સંભવ છે, જે આત્મિક પ્રગતિમાં સહાયક થાય છે. રામકૃષ્ણ પરમહંસ બનવા માટે જન્મ-જન્માંતરોની સાધના અભીષ્ટ છે, પરંતુ વિવેકાનંદ બનવું, પાત્રતા અર્જિત કરવી સરળ છે. સમુદ્ર બનવું કઠિન છે, પરંતુ એનું જળ લઈ મેઘ બનીને ઊડવું સરળ છે. ચાણક્ય જેવી પ્રચંડ સત્તા અગ્નિપૂંજ બની શકવું હર કોઈનું કામ નથી, પરંતુ એક દાસીપુત્રનું ચાણક્યનું અનુગ્રહ પામી દિગ્વિજયી સમ્રાટ બની સફળ થવં સરળ છે. બદ્ધ ક્યારેક-ક્યારેક જ ઈશ્વરીય વિધિ વ્યવસ્થાનુસાર અવતરિત થાય છે, પરંતુ એમની વટ વૃક્ષ રૂપી વ્યક્તિત્વની છાયામાં અશોક, આનંદ, અંગુલિમાલ, આમ્રપાલી વગેરે અગણિત વ્યક્તિ સંકીર્ણતાની પરિધિ ઓળંગી મહાનતાનું વરણ કરી શકવામાં સફળ થઈ જાય છે. સમર્થ ગુરુ રામદાસ બનવા માટે તલવારની ધાર પર ચાલવા જેવી સાધના કરવાનું સાહસ સામાન્ય વ્યક્તિઓ પાસે નથી હોતું, પરંતુ શિવાજીના રૂપમાં એક નગણ્ય વ્યક્તિત્વ ધરાવતું બાળક પણ છત્રપતિના રૂપમાં વિકસિત થઈ શકે છે. ગાંધી ક્યારેક-ક્યારેક જ ઉત્પન્ન થાય છે, પરંતુ એમનું અનુગમન કરનાર વ્યક્તિ મહાન રાજનેતાનું પદ પામી ઈતિહાસમાં પોતાનું નામ અમર કરી જાય છે.

વસ્તુતઃ આત્મિક પ્રગતિની ઉપલબ્ધિઓ ભૌતિક પ્રગતિની તુલનામાં અસંખ્ય ગણી સામર્થ્યથી ભરી પડી છે. શરત એટલી જ કે સાચું માર્ગદર્શન ઉપલબ્ધ થવું જોઈએ. જેમને સમર્થ, આત્મબળ-સંપન્ન અને અનુભવી ગુરુનું પ્રત્યક્ષ માર્ગદર્શન મળી ગયું હોય, તો સમજવું જોઈએ કે આત્મિક પ્રગતિ માટે સશક્ત અવલંબન પ્રાપ્ત થઈ ગયું. આવા ગુરુ શિષ્યનું કેવળ સાધનાત્મક માર્ગદર્શન જ નથી કરતા, પરંતુ પોતાની શક્તિનો એક અંશ આપી સાધકને આત્મબળથી અનુગ્રહિત પણ કરે છે. ગ્રંથોનું પઠન-પાઠન, એકાંગી તપ તિતિક્ષા જ નહીં, ગુરુની શક્તિનો અંશ તથા અનુભવજન્ય માર્ગદર્શન અતિ આવશ્યક છે. નહીં તો દરેક વળાંક પર ભટકી જવાની સંભાવના હોય છે. આ માટે ભક્તે સદ્‌ગુરુની પસંદગી કરવા ઉપરાંત પોતાની સઘન શ્રદ્ધાનું આરોપણ પણ કરવાનું હોય છે.

સાથે જ એ પણ ધ્યાન રાખવાનું હોય છે કે કોઈ વિદૂષક ગુરુપદનો સ્વાંગ રચી ન બેઠો હોય અને પોતાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાથે-સાથે અનુગમનકર્તાને પણ ડૂબાડી ન રહ્યો હોય. સાચા તથા સફળ માર્ગદર્શનની શોધમાં નીકળેલા જિજ્ઞાસુ પથિકને જ્યાં શ્રદ્ધાળુ હોવું જોઈએ કે ત્યાં સતર્ક પણ હોવું જોઈએ. અન્યથા આ ધૂર્તતાના યુગમાં કોઈ અનાડી છળ કરનારના જાળમાં ફસાઈને પ્રગતિ તો દૂર, જે પાસે હતું તે પણ ગુમાવી બેસવાનો વારો આવે. આત્મકલ્યાણની ઇચ્છા રાખનાર જિજ્ઞાસુએ બૌદ્ધિક જ્ઞાનથી દૂર, પરબ્રહ્મની સ્થિતિના અનુભવી, અધ્યાત્મ શાસ્ત્રમાં નિષ્ણાત 'ગુરુ'નું સાંનિધ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

સાધનાપથમાં ગુરુનું વરણ કરવામાં આવે છે. ગુરુ એ છે જે અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે. જે ગુરુએ જ્ઞાનના અંજનની સળી આંખોમાં લગાવીને અજ્ઞાનરૂપી અંધકારને મટાડ્યો, એ ગુરુદેવને નમસ્કાર છે. ગુરુ પણ બે પ્રકારના હોય છે. એક એ જે અંતરાત્માના રૂપમાં બેસી પ્રેરણા આપતા રહે છે, બીજા એ જેમને વિશિષ્ટ વ્યક્તિ, માર્ગદર્શકના રૂપમાં વરણ કરવામાં આવે છે. મહત્તા બંનેની છે. નિરંતર સદ્‌શિક્ષણ અને ઉર્ધ્વગમનનો પ્રકાશ આપવાનું અંતઃકરણમાં વિરાજમાન ગુરુ દ્વારા જ સંભવ છે. બાહ્ય ગુરુ દરેક સમયે શિષ્ય સાથે તો રહેતા નથી, જ્યારે શિષ્ય સમક્ષ, નિરાકરણ માટે અગણિત સમસ્યાઓ પ્રસ્તુત થતી રહે છે. એમાંથી કઈ રીતે કોનું સમાધાન કરવામાં આવે, એનું માર્ગદર્શન ફક્ત આપણું પરિષ્કૃત અંતઃકરણ કરી શકે છે, પરંતુ માનવની દૃષ્ટિ સ્થૂળ છે. એને કારણે એ સ્થૂળ આત્મપ્રેરણાઓને સમજી શકતી નથી. આત્મબળ સંપન્ન ગુરુનું વરણ શિષ્યને આ પ્રેરણાઓને સમજવા આત્મસાત્ કરી દિશા નિર્ધારિત કરવા માટે જ કરવામાં આવે છે. આંતરિક ગુરુને જગાડવાનું કામ ગુરુ જ કરે છે. પોતાના આત્મબળ દ્વારા એ શિષ્યમાં એવી શક્તિ, પ્રેરણાઓ ભરી દે છે, જેથી એ સદ્‌માર્ગ પર ચાલી શકે. સાધનામાર્ગના વિક્ષોભ તથા અવરોધોના નિવારણમાં ગુરુનું અસાધારણ યોગદાન હોય છે.

ગુરુ શિષ્યને અંતર્જગતનું પર્યવેક્ષણ કરાવે છે, એના સામર્થ્યનો બોધ કરાવે છે. સામર્થ્યને જાગ્રત વિકસિત કરી સુનિયોજિત કરવાના દરેક સંભવિત ઉપાયો બતાવે છે. આનો લાભ સાધકને આત્મબળ અને મનોબળના રૂપમાં મળે છે. આ જ શક્તિ સાધકના અંતર્જગતના દેવાસુર સંગ્રામમાં વિકારોને ઉખેડી ફેંકી દેવામાં સહાયક સિદ્ધ થાય છે. ગુરુનું આ અનુદાન શિષ્ય પોતાની આંતરિક શ્રદ્ધાના રૂપમાં ઉઠાવે છે. જે શિષ્યમાં આદર્શો અને સિદ્ધાંતો પ્રત્યે જેટલી વધુ નિષ્ઠા હશે, એ ગુરુના આ અનુભવથી એટલો જ લાભાન્વિત થાય છે. પ્રત્યેક શિષ્ય પોતાની શ્રદ્ધા-પૂંજીને અનુરૂપ, એ જ પ્રમાણમાં એને પ્રાપ્ત કરે છે. ચરિત્રની ઉત્કૃષ્ટતા તથા વ્યક્તિત્વની પ્રભાવોત્પાદકતા, આચરણમાં શીલ તથા વ્યવહારમાં ઉદાર આત્મીયતા જ ગુરુ અનુગ્રહની વાસ્તવિક ઉપલબ્ધિ છે. જે કોઈ સાધકમાં આ જેટલી વધુ માત્રામાં જોવા મળે, ગુરુકૃપા પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપમાં એને એ જ પ્રમાણમાં મળી છે, એમ સમજવું જોઈએ.

## ગુરુ-દીક્ષા

ગુરુદીક્ષાના ત્રણ સ્તર છે. મંત્ર-દીક્ષા, પ્રાણ-દીક્ષા, અગ્નિ-દીક્ષા. મંત્ર-દીક્ષાને એક પરંપરા અપનાવવા તથા માર્ગદર્શન સ્વીકાર કરવાના સ્તરની સમજી શકાય છે. એમાં અનુશાસનના પરિપાલન જેટલું જ પ્રાવધાન છે. આ સામાન્ય સ્તરની છે. તેનાથી ઊંચી પ્રાણ-દીક્ષા છે. એમાં ગુરુ પોતાની તપશ્ચર્યા, પુણ્ય સંપદા અને પ્રાણ-ઊર્જાનો એક અંશ આપી શિષ્યની પાત્રતા તથા ક્ષમતા વધારવામાં યોગદાન આપે છે. શિષ્ય કેટલાંક વ્રત ધારણ કરે છે અને એ પાળે છે. આ ઉપક્રમને સામાન્ય વૃક્ષને કલમી આંબો બનાવવા જેવું સમજી શકાય છે, જેથી ગુરુ પોતાની ડાળખી કાપીને શિષ્યમાં આરોપિત કરે છે અને શિષ્ય પોતાનો રસ એ ડાળખીને સમર્થ રાખવા માટે પોતાનું ભાવભર્યું યોગદાન આપતો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહે છે. બંને વધુ ઘનિષ્ઠતાપૂર્વક બંધાય છે અને હળીમળીને કોઈ મહાન લક્ષ્ય તરફ વધે છે. વિશ્વામિત્ર-હરિશ્ચંદ્ર, સમર્થ રામદાસ-શિવાજી, ચાણક્ય-ચંદ્રગુપ્ત જેવા યુગ્મોમાં આ પ્રાણ-દીક્ષાનો આભાસ મળે છે.

અગ્નિ-દીક્ષા અત્યંત ઉચ્ચસ્તરીય છે. આ સ્તરની પાત્રતા અને અનુકંપા માટે ઘણું બધું કરવું પડે છે. આ પ્રસંગ અત્યંત ઉચ્ચસ્તરીય હોવાને કારણે અહીં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

આપનાર વધુ સમર્થ છે કે લેનાર ? એના જવાબમાં લેનારની પાત્રતાને ઓછું મહત્ત્વ આપી શકાય નહીં. વાદળો ગમે તેટલાં વરસે ટેકરા પર એક ટીપું પાણી રોકાશે નહીં અને પથ્થર પર એક પાંદડુંય ઊગશે નહીં. ખાડો જેટલો હશે એટલું જ પાણી રોકાશે. મગજ ઉપર મૂઢતા છવાઈ હોય, તો સત્સંગ, પરામર્શની કોઈ ઉપયોગિતા રહેતી નથી. શિષ્યની પાત્રતા વિકસિત હોય, તો માટીના દ્રોણાચાર્ય, પથ્થરના ગિરધર ગોપાલ પણ ચમત્કાર બતાવી શકે છે.

ગુરુની ગરિમા જેટલી આવશ્યક છે, શિષ્યની શ્રદ્ધા સદ્ભાવનાનું મહત્ત્વ એનાથી ઓછું નહીં પણ વધુ છે. એના અભાવમાં ફક્ત વરદાન-અનુદાન મેળવવા માટે જે મળે તેના ખિસ્સાં કાપવાના મનોરથ લઈ શિષ્ય બનવાનો આડંબર ઓઢી લેનારને કશું મળતું નથી. છદ્મથી કોણ પ્રભાવિત થાય છે ? દેવતા, ઋષિ અને સિદ્ધ પુરુષો પર વ્યક્તિના છદ્મનો નહીં, અંતરાલના સ્તરનો પ્રભાવ પડે છે. એનાથી જ દ્રવિત થઈને તેઓ એવું કંઈક આપવા માટે દ્રવિત થાય છે, જેના ફળસ્વરૂપે કોઈ કહેવાલાયક વિભૂતિ હાથ આવી શકે. દર્શન કરવા, માળા પહેરવા, નમન કરવા, વાતો બનાવવા માત્રથી એ લાભ ક્યાં મળે છે, જે સાચા શિષ્યોને સાચી પાત્રતા ઉપલબ્ધ કરાવતી રહી છે.

મહાન ગુરુ કોઈ ઉચ્ચ પ્રયોજન માટે પોતાની શક્તિઓ કે સિદ્ધિઓ હસ્તાંતરિત કરે છે. સંકીર્ણ સ્વાર્થની પૂર્તિ માટે લોભ, મોહ અને અહંકારની તૃપ્તિ માટે કોઈ વિવેકવાન પોતાની બહુમૂલ્ય કષ્ટસાધ્ય કમાણી આપી શકતો નથી અને આ રીતે કોઈનું ખિસ્સું કાપવાની વાત કોઈ ન્યાયનિષ્ઠ વ્યક્તિએ વિચારવી પણ ન જોઈએ.

ગુરુગરિમા આદર્શોને અપનાવીને જ એમને ઉપલબ્ધ થયેલી હોય છે. તેઓ એને એવાં પ્રયોજનો માટે જ હસ્તાંતરિત કરે છે. સાથે જ લેનાર પ્રમાણિક તથા ઈમાનદાર છે કે નહીં એ પણ જાણી-પરખી લે છે. આ સિદ્ધ કરી ન શકે તો કુપાત્ર શિષ્ય જેની-તેની સામે હાથ પસારતા ફરે તો પણ હાથમાં કશું આવતું નથી. ગુરુઓના દીક્ષા અનુદાન એ શરત પર હસ્તાંતરિત થાય છે કે જે માંગવામાં આવી રહ્યું છે, એનો પ્રયોગ, ઉપયોગ ઉચ્ચસ્તરીય પ્રયોજનોમાં થાય. સંકીર્ણ સ્વાર્થની પૂર્તિ માટે, ચાપલૂસી કરવા જેવી ઓછી રુશવત આપીને ક્યારેય કોઈને ઉચ્ચસ્તરીય અનુદાન મેળવવામાં સફળતા મળી નથી. આ નગ્ન સત્યને જેટલું જલદી સમજવામાં આવે તેટલું જ સારું છે.

સાત લાખની લોટરી ખુલી ગયા પછી એક હજારનું દાન કરનારાઓ અધ્યાત્મક્ષેત્રમાં બાળબુદ્ધિ માનવામાં આવે છે. જેઓ લોટરીનો નંબર બતાવતા હોય છે, તેઓ કોઈને નંબર બતાવી એક હજાર રૂપિયાથી જ સંતોષ કરવાની વાત નહીં વિચારે, એ કોઈને દલાલ પણ નહીં બનાવે, પોતાની લોટરી જ ખોલી નાંખશે. કોઈનું એહસાન કેમ લેશે ? લાભ મળ્યા પછી દાન આપવાની શરત વિવેકવાનોના કામની નથી, આ તો હલકા લોકોની લાલચ આપીને કામ કરાવી લેવાની રીત છે. ઉચ્ચ ક્ષેત્રોમાં આવી હેરાફેરીને કોઈ સ્થાન નથી. જેને પણ વરદાન મળ્યાં છે, તે તપ કરી પોતાની પાત્રતા સિદ્ધ કર્યા પછી જ મળ્યાં છે.

• • •


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

परमपूज्य गुरुदेवनी अमृतवाणी

# તમારો વિવાહ અમે ભગવાન સાથે કરવા ઈચ્છીએ છીએ

(જાન્યુઆરી, ૧૯૬૯માં ગાયત્રી તપોભૂમિમાં આપવામાં આવેલું પ્રવચન)

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે –

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॥**

દેવીઓ, ભાઈઓ ! તમે ફક્ત તમારા દીકરાને માટે કમાણી કરી છે, ભલેને તે બે કોડીનો જ છે. તમે ફક્ત તેને માટે જ જીવવાનું શીખ્યાં છો. મિત્રો, અમારું જીવન કયા કાર્યને માટે ખર્ચાઈ ગયું. ફક્ત મુઠ્ઠીભર પથ્થરોને માટે. અમે ક્યારેય પણ વિચાર્યું નહીં કે અમારે કઈ રીતે જીવવું જોઈએ. તો ગુરુજી, અમારી કમાણીનું શું થશે ? તમારી કમાણી દીકરાને મળશે, સાળાને મળશે, જમાઈને મળશે. તમે તમારી વહુને બરબાદ કરી નાંખી. અરે ! તમે ઇચ્છયું હોત તો તેને ઊંચે ઉઠાવી શક્યા હોત. ભગવાને તમને મનુષ્યનું શરીર આપ્યું હતું. જે દિવસે તેમણે તમને બનાવ્યા હતા, તેનાં સપનાં ઘણાં મોટાં હતાં, ઘણી મોટી આશાઓ હતી. તમે બધા ઉપર પાણી ફેરવી દીધું.

મિત્રો ! ભગવાન ઘણા જ વધારે થાકી ગયા છે. તેમની ઇચ્છા છે કે અમારો પ્રિય દીકરો મનુષ્ય, જો આ દુનિયાને સુંદર બનાવત તો મજા આવી જાત. ભગવાનને સહભાગી અને સહયોગીની જરૂર હતી. એટલા માટે ભગવાને તમને બનાવ્યા હતા. તેમણે તમને તમારા નકશા પ્રમાણે ઘણી મહેનત કરી બનાવ્યા હતા. ભગવાનની પાસે ભીની માટી હતી. તેણે કુંભારની જેમ તે માટીને એ રીતે લાંબી કરી દીધી કે સાપ બની ગયો. ગોળમટોળ કરી દીધી તો કાચબો થઈ ગયો, દેડકો બની ગયો, પરંતુ જે દિવસે ભગવાને તમને બનાવ્યા ત્યારે તેમને પરસેવો વળી ગયો. તેમનો ઘણો બધો સમય જતો રહ્યો. આની પાછળનો તેમનો ઉદ્દેશ્ય દુનિયાને સુંદર બનાવવાનો હતો. શરીરનો એક એક કણ, જેમાં મસ્તિષ્ક, હૃદય, આંખો બધાં જ અંગ બન્યાં. આજ સુધીમાં મનુષ્યનાં શરીર જેવી બેનમૂન ચીજ દુનિયામાં બની નથી. જ્યારે અમે હિમાલય ગયા ત્યારે નંદનવનનો ફોટો ખેંચી લાવ્યા હતા. લંબાઈ-પહોળાઈ હતી, પરંતુ ઊંડાઈની ખબર પડી શકી ન હતી તથા જે ફોટો ખેંચ્યો હતો તે પીળા રંગનો આવ્યો હતો. એ જોઈને મને થયું કે આવું કઈ રીતે બની શકે ? ફોટાનો રંગ તો આ પ્રકારનો હોવો ન જોઈએ. તે તો મખમલી હતો. મેં તેને ઊંચકીને ફેંકી દીધો. આ બધી કમાલ લેન્સની હતી.

મિત્રો, આપણી આંખો કેવા સુંદર લેન્સની બનેલી છે, એનો આ દુનિયામાં કોઈ જવાબ નથી. એ વાસ્તવિક ફોટો ખેંચી લે છે. આટલું અતિકીમતી શરીર તથા ભગવાનનું આવું અનુદાન કોઈ પ્રાણીને નથી મળ્યું. ભગવાને આટલી બધી ઉદારતા શા માટે વરતી ? આ પ્રશ્ન તમારી સામે છે. તમારે વિચાર કરવો જોઈએ કે ભગવાને આવો પક્ષપાત શા માટે કર્યો ? જો અન્ય પ્રાણીઓમાં વિચારવાની શક્તિ રહી હોત, તો તે ભગવાનની સામે ઉપસ્થિત થઈ જાત અને પોતાની ફરિયાદ સંભળાવી તમને જેલમાં મોકલી દેત, પરંતુ તેમનામાં એવી તાકાત નથી, એટલે એ બિચારા શું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરે ? પરંતુ તમારે તો વિચાર કરવો જોઈએ. આ બાબતે ભગવાનને જો કોર્ટમાં બોલાવવામાં આવત તો તેઓ થરથરતા આવ્યા હોત. જ્યારે તેમને આ વિષયમાં પૂછવામાં આવ્યું હોત તો તેઓ કહેત કે મનુષ્યને અમે વિશેષ ચીજો એટલા માટે નથી આપી કે તે ઉડાઉ ખર્ચ કરે તથા મોજમસ્તી કરે. અમે તો આ દુનિયાને સુંદર બનાવવાને માટે, તેને સજાવવા-સંવારવાને માટે બનાવ્યો હતો. આ તો અમારો મોટો દીકરો છે, રાજકુમાર છે. અમે આ જ કારણના લીધે તેને રાજગાદી આપી દીધી હતી અને બધી જ જવાબદારીઓ સોંપી હતી. આ બધું એટલા માટે આપ્યું હતું કે તે મારો સહયોગ કરશે. અમે ઘણું જ મોટું સ્વપ્ન જોયું હતું, એટલા માટે કે આ અમારું મોટું બાળક છે, વરિષ્ઠ રાજકુમાર છે જે આ દુનિયાને સુંદર બનાવી તેનું ધ્યાન રાખશે.

પરંતુ એ અભાગાને, બેહૂદાને હું શું કહું જે ફરીફરીને ત્યાં જ આવી ગયો જ્યાંથી તેણે ચાલવાનું શરૂ કર્યું હતું. તે કૂતરાની યોનિમાંથી, વાનરની યોનિમાંથી, સૂવરની યોનિમાંથી આવ્યો હતો અને નિમ્નકોટિના ચિંતન, વિચાર હોવાના કારણે ફરી પાછો એ જ યોનિમાં ચાલ્યો ગયો. તેને નિમ્ન કોટિનાં પ્રાણીઓની જેમ જ હજુ પણ પેટ તથા પ્રજનનની વાત યાદ છે, બાકીની વસ્તુઓ તો જાણે ભૂલી જ ગયો. એ અભાગાને એ સમજમાં ન આવ્યું કે જ્યારે ભગવાને વાનરને માટે, અન્ય પ્રાણીઓને માટે પેટ ભરવાની વ્યવસ્થા કરી છે, તો શું તેના પ્રિય પુત્ર મનુષ્યને માટે તે રોટીનો પ્રબંધ નહી કરે ? પરંતુ હાય રે ! અભાગો માનવી — તે આની કિંમત જાણી ન શક્યો. તે પોતાના ઉદ્દેશ્યને ભૂલી ગયો તથા એવું કહેવા લાગ્યો કે હું પોતાની અક્કલથી કમાઈશ, ઘણું જ પેદા કરીશ, મોજથી રહીશ. તેમાં જ તે ખપતો રહ્યો.

મિત્રો ! તેનું હીરા અને મોતી જેવું દિમાગ આમાં જ ફરતું રહ્યું, આગળ પાછળ થતું રહ્યું. એ અભાગીએ પોતે પોતાને બરબાદ કરી નાંખ્યો. સાથીઓ, ઘોડા, હાથી, ભેંસ આદિ જાનવર મનુષ્ય કરતાં વધારે ખાય છે અને તેમનું પેટ ભરાઈ પણ જાય છે, પરંતુ આ કમનસીબ મનુષ્યનું પેટ ભાઈથી, બાપથી, પત્નીથી પણ ભરાતું નથી. હાય રે ! આ અભાગિયો મનુષ્ય, પેટને માટે બરબાદ થઈ ગયો. ભગવાને અમને કહ્યું કે શું કહું — આચાર્યજી, અમે તો ઘણા જ ચિંતિત છીએ. અમે તેમને પાણી પીવડાવ્યું અને કહ્યું કે આપ જાઓ અને ચિંતા ન કરો. આપની પાસે તો ચોર્યાસી લાખ યોનિવાળાં પ્રાણીઓની અનેકો ફરિયાદો આવી ચૂકી છે. આપ જાવ, હવે અમે આમને ઠીક કરીશું. મનુષ્યની પાસે બળબુદ્ધિ છે, એને અમે ઠીક કરીશું. આ દુનિયામાં ખુશી, આનંદ, ઉલ્લાસનું વાતાવરણ ઉત્પન્ન કરીશું. અત્યારે તો તે પેટ-પ્રજનનમાં લાગેલો છે. હું પૂછું છું કે તારી પાસે કોઈ ધર્મ કે સંસ્કૃતિ છે ? તું ક્યારેય આના વિશે વિચારે છે ખરો ? અરે ! તેં આટલાં બધાં બાળકો પેદા કરી લીધાં. શું તેમને ભણાવવાને માટે, વિકાસને માટે, ઊંચા ઉઠાવવાને માટે તેં કોઈ વ્યવસ્થા કરી છે ? નહીં. તો પછી આટલાં બાળકો શા માટે ઉત્પન્ન કર્યાં ? આને મૂર્ખતા સિવાય બીજું શું કહેવાય ?

ભગવાને કહ્યું કે મેં એને ઘણા પ્રેમથી પેદા કર્યો, લાલન-પાલન કર્યું, મોટો કર્યો કદાચ એ મારે કામ આવશે. મારો સહયોગી બનશે તથા આ સંસારને સુંદર બનાવશે, પરંતુ આણે તો મારી બધી જ ઇચ્છાઓ ઉપર પાણી ફેરવી દીધું. એ ત્યાં જ પહોંચી ગયો છે, જ્યાં અન્ય ચોર્યાસી લાખ યોનિઓનાં પ્રાણીઓ રહે છે. આણે ભગવાનને ઘણા જ હેરાન કર્યા છે. અમે ભગવાનને કહ્યું — હે પ્રભુ ! આને આ વખતે માફ કરી દો. જો કોઈને હવે પછી માણસ બનાવવો હોય તો તેની ઉપર નીચેથી ચકાસણી કરી લેશો. અમે ભગવાનને પ્રાર્થના કરી કે ભગવાન, પહેલાં એને પૂછી લેજો કે શું તે કોઈ શેઠ બનવા જઈ રહ્યો છે કે બાળકો પેદા કરવા જઈ રહ્યો છે ? પહેલાં એ પૂછી લેજો પછી તેને મનુષ્યનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જન્મ આપજો. જો મનુષ્યનો જન્મ જોઈએ તો બે રૂપિયાના કાગળ ઉપર હસ્તાક્ષર કરાવી લેશો અને જણાવી દેજો કે અમુક અમુક લક્ષ છે. જો તે મંજૂર હોય તો જીવન આપજો, નહીંતર ન આપતા. જો મંજૂર હોય તો જાવ, નહીં તો તમે વાનર, કૂતરાની યોનિમાં જાવ. તમારે માટે મનુષ્યનું જીવન જીવવું તથા પામવું સંભવ નથી. અમે ભગવાનને કહ્યું અને તેમણે સ્વીકારી લીધું. તેમણે કહ્યું કે અમને જેમનું દિમાગ, વિચાર, કાર્ય જાનવરો જેવાં જણાશે, તેને અમે મનુષ્યનો જન્મ નહીં આપીએ.

મિત્રો, આ સચ્ચાઈ નથી. તમે ભગવાનના મોટા દીકરા છો. તમે એના બેટા છો જે ઘણો જ ઉદાર, દયાળુ, કૃપાનો સાગર તથા સર્વસંપન્ન છે. ભગવાન પોતાના માટે શું ઇચ્છે છે ? શું ખાય છે ? તે ફક્ત બીજાને માટે જીવતો રહે છે, તમારે એ વિચારવું જોઈએ તથા પોતાનો જીવનક્રમ બદલવાનો પ્રયત્ન કરવો જોઈએ. તમે તો ફક્ત લક્ષ્મીનો મત્ર જ શીખવા ઇચ્છો છો. તમે કહેશો કે ગુરુજી આ શું કહી રહ્યા છે ? મિત્રો, તમે ચોર્યાસી લાખ યોનિઓનું શરીર જુઓ. તમે સારાં કર્મો નહીં કરો તો તમારે ગધેડાની યોનિનો સ્વીકાર કરવો પડશે. તમારે ઈંટનો ભાર ઊંચકવો પડશે. વજનના કારણે પાછળનો પગ જખ્મી થઈ જશે. પગ લડખડાશે. તમે કહેશો કે આચાર્યજી, હું તો મુન્નાલાલ શેઠ છુ. હું આ યોનિમાં કેવી રીતે જાઉં ? તમે સારું કર્મ નથી કર્યું માટે તમારે તે ભોગવવુ જ પડશે.

મિત્રો ! તમારે તમારી મૂર્ખતા ઉપર વિચાર કરવો જોઈએ. તમે નાહકની સમસ્યાઓ-કસમયની-પગની સમસ્યાઓમાં ફસાયા છે. તમારું દિમાગ આ સમસ્યામાં પડ્યું રહે છે. તમારું જીવન બરબાદ થઈ રહ્યું છે અને તમે ચુપ બેસી રહ્યા છો. અમે તમને ધન્યવાદ આપવાના હતા, પરંતુ હવે આપવા નથી માંગતા. તમને હમણાં ૧૨૫ રૂપિયા મળતા હતા, પરંતુ તમે ૩૫૦ રૂપિયાની નોકરી ઇચ્છો છો. આ નકામી વાતો છે. તમને જ્યારે ૧૨૫ રૂપિયા ખર્ચ કરતાં નથી આવડતું તો ૩૫૦ રૂપિયા કેવી રીતે ખર્ચશો ? નકામી વાતો બંધ કરો. જો તમે આચાર્યજીના આશીર્વાદ લઈ જાત અને પોતાના જીવનને મહાન બનાવી લેત તો અમે અને તમે બંને ધન્ય થઈ જાત.

મિત્રો ! અમે શાનદાર જિંદગી જીવ્યા છીએ તથા પ્રસન્નતાની સાથે વિદાય લેવા બેઠા છીએ કે અમે ભગવાનને સાચો ઉત્તર આપીશું, પરંતુ તમે ભગવાનને શું જવાબ આપશો ? તમે તો તમારી આખી જિંદગી રડતા રહ્યા અને મરવાના સમયે પણ રડતા રહેશો. અમારું જીવન તળાવના જેવું થઈ ગયું છે. અમારો આધાર કમજોર છે. જો અત્યારે અમને લકવો થઈ જાય તો અમે ક્યાંયના નહીં રહીએ. અમારું તળાવ સૂકાઈ જશે તો પછી શું થશે ? અમારી ઉન્નતિનો આધાર સમાપ્ત થઈ ગયો છે. આપણી પાસે જ્ઞાન છે, પરંતુ આપણા મસ્તિષ્કનું ચિંતન ખરાબ થઈ ગયું છે, તો તે કોઈ પણ રીતે ઉપયોગી નથી. આપણી પાસે સંપત્તિ છે, પરંતુ કશુંક ઊંધું થઈ જાય, દુકાળ પડે, આગ લાગે, તોફાન આવે તો આપણી બધી જ સંપત્તિ સ્વાહા થઈ શકે છે. જેના પ્રત્યે આપણો અહંકાર છે, લોભ છે, મોહ છે, તે બેકાર થઈ જશે.

તળાવ ઉપર કરવામાં આવેલી ખેતીનો શો ભરોસો ? ખેતી કૂવાની પાસેના થાળાની બાજુમાં યોગ્ય રીતે થઈ શકે છે, જ્યાં કંઈકને કંઈક અવશ્ય ઊગી શકે છે. તે હર્યુંભર્યું રહે છે તથા તેમાં પાણીની ચિંતા નથી હોતી. આપણું પણ આ પ્રકારનું જ ચિંતન હોવું જોઈએ અને આપણે પણ મજબૂત આધાર પકડવો જોઈએ, જેનાથી આપણે પણ હર્યાભર્યા રહી શકીએ. આ પ્રકારનો આધાર આપણા માટે ભગવાનથી વધીને બીજો કોઈ નથી, જે આપણને કાયમ હર્યાભર્યા રાખી શકે છે. આમાં જિંદગીની ઉન્નતિના બધા જ દરવાજા ખૂલેલા હોય છે. આ એક અજ્ઞાત શક્તિ છે, જેના ઈશારા ઉપર આખો સંસાર ચાલી રહ્યો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તમે તો દીકરાના નશામાં છો. હાય ! બેટા – હાય ! બેટાની બૂમો પાડતા રહો છો. એક વાર અમારી પાસે મધ્યપ્રદેશના એક સજ્જન આવ્યા હતા. તેમના બીજા નંબરના દીકરાનું લગ્ન તો થઈ ગયું, પરંતુ નોકરી નહોતી મળી. તે મક્કાર હતો, શ્રમ કરવા ઇચ્છતો નહતો. તેણે તેના બાપને કહ્યું કે તમે પેદા કર્યો છે તો ખવડાવો, પૈસા આપો, નહીંતર હું તમને જાનથી મારી નાંખીશ. બિચારા ડરના માર્યા દોડીને અમારી પાસે આવ્યા અને કહ્યું કે હું બે-ત્રણ મહિના સુધી નહીં જાઉં. રજા લઈ લઈશ અને અહીંયાં સંતાઈને રહીશ. તેમણે કહ્યું કે ગુરુજી જો તેનો કોઈ પત્ર આવે તો એવું ન કહેતા કે હું અહીંયાં છું. મિત્રો, એમના મનમાં દીકરાને માટે જે સ્વપ્ન હતું, તે ચૂર-ચૂર થઈ ગયું હતું. તમે પણ દીકરાઓની પાછળ પાગલ રહો છો. રાત-દિવસ બેટા-બેટા કરતા રહો છો. આપણું એક બીજું સ્વપ્ન એ હોય છે કે અમે આ બની જઈશું, અમે તે બની જઈશું, તે બની પણ જઈશું, પરંતુ એક આંધી આવે છે અને આપણાં બધાં જ સ્વપ્ન સમાપ્ત થઈ જાય છે. આપણે એટલો કમજોર આધાર બનાવી નાંખ્યો છે કે આપણે દિવસે હસવું પડશે તથા રાત્રે રડવું પડશે. આ રીતે આપણે આપણી બહિરંગ જીંદગી આવી જ રીતે રડતા રહીને પૂરી કરી દઈશું.

પરંતુ મિત્રો ! એક અન્ય આધાર છે, જો તમે તેને પકડી લેશો તો તમારું જીવન કંઈક બની શકે છે. તે અન્ય આધાર ભગવાન છે. તમે કહેશો કે અમે તો રોજ શંકરજીના મંદિરે જઈએ છીએ, પૂજાપાઠ કરીએ છીએ, પરંતુ શંકરજી અમારી કોઈ મદદ કરતા નથી. શ્રાવણ મહિનામાં અમે બિલીપત્રો ચઢાવ્યાં, પાણીનો લોટો ભર્યો, પરંતુ ભગવાન શંકરે કોઈ મદદ ન કરી. મિત્રો, શંકર ભગવાનની કૃપા પ્રાપ્ત કરવાને માટે તમારે મોટું પગલું ભરવું પડશે.

મિત્રો, મોટાં કાર્યોને માટે મોટાં પગલાં, જોખમભર્યાં પગલાં ઉઠાવવાં પડે છે, ત્યારે જ લાભ મળી શકે છે. શંકરજીએ વરદાન આપ્યું હતું – રાવણને, ભસ્માસુરને તથા શંકરજીએ વરદાન આપ્યું હતું પરશુરામજીને, પરંતુ વ્યવહાર અને કાર્ય કરવાના ઢંગના કારણે રાવણ અને ભસ્માસુરને મારવા પડ્યા. જો તમારી વિચારધારા સાચી હશે અને તમે ભગવાનનું અનુદાન-વરદાન પ્રાપ્ત કરીને આ સંસારમાં કશુંક સારું કરવા ઇચ્છો છો, તો તમને ભગવાનનો દરેક પ્રકારથી સહયોગ મળશે. બળ અને ધનના આધાર ઉપર મનુષ્ય બળવાન થઈ શકતો નથી. આપણે આપણા વિકાસને માટે મજબૂત આધાર શોધવો પડશે. એ મજબૂત આધાર ફક્ત ભગવાન છે. ભગવાનનો આધાર લીધા પછી આપણી પાસે શેની કમી રહેશે ? આપણે તેમનો પ્રેમ-અનુદાન મેળવીને આપણો આધ્યાત્મિક વિકાસ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. ભગવાનની પાસે અનંત સુખના ભંડાર ભર્યા પડ્યા છે. તેમના એક મિત્ર હતા સુદામા, તે ગરીબીનું જીવન જીવી રહ્યા હતા. લોકોએ કહ્યું કે તમારી તો ભગવાન સાથે ઓળખાણ છે, છતાં આમ કેમ ? સુદામાજી ભગવાનની પાસે ગયા, ભગવાને પોતાના મિત્રને ન્યાલ કરી દીધો.

ગુરુનાનકને તેમના પિતાએ ગુસ્સે થઈને વીસ રૂપિયા વેપાર કરવા માટે આપ્યા અને કહ્યું – જા વેપાર કરી તારો જીવનનિર્વાહ કર. ગુરુનાનક દેવ સંત હતા, તેમણે વીસ રૂપિયાની હીંગ ખરીદી અને ત્યાં આવ્યા, જ્યાં સંતોનો એક ભંડારો ચાલી રહ્યો હતો. તે વખતે દાળ બની રહી હતી. તેમાં હીંગનો વઘાર કરવામાં આવ્યો અને પછી બધાને દાળ પીરસવામાં આવી. દરેક ઉપસ્થિત લોકોએ પ્રેમથી ભોજન કર્યું અને પ્રસન્ન થયા. સવારે જ્યારે નાનક ઘરે પહોંચ્યા ત્યારે જોયું તો પિતાજી ઘણા જ નારાજ હતા. તેમણે પૂછ્યું કે પૈસાનું શું કર્યું ? નાનકજીએ આખી વાત કરી અને કહ્યું કે પિતાજી ! અમે એવો વેપાર કર્યો છે કે ભવિષ્યમાં હજારગણું થઈને પાછું આવશે. આજે વાસ્તવમાં ગુરુનાનક-સાહેબની યાદમાં સુવર્ણમંદિર અમૃતસરમાં વિદ્યમાન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે, જે કરોડો-અબજોનું છે. મિત્રો, આ ભગવાનની સાથે વેપાર કરવાનો લાભ છે. અમે વિચાર કર્યો કે એવું મંદિર છે. કરોડોનું મંદિર કેવું છે, જેમાં ગુરુનાનક સૂતેલા છે. મિત્રો, આ મહત્ત્વ છે ભગવાનની સાથે જોડાવાનું, તેની સાથે સંબંધ કરવાનું.

મિત્રો ! કાશ્મીરમાં હજરત મહંમદસાહેબનો પવિત્ર વાળ એક શીશીમાં રાખ્યો છે. અહીંયા હજારો-કરોડો રૂપિયાની મસ્જિદ બની છે, જ્યાં મહંમદ સાહેબનો વાળ રાખવામાં આવ્યો છે. જો આજે ગુરુનાનક દેવ, મહંમદ સાહેબ આવી જાય અને આટલા મોટા મૂલ્યવાન મકાનને જુએ તો તેમને આશ્ચર્ય થશે. મિત્રો, આ આધ્યાત્મિકતાનું મૂલ્ય છે. ભગવાનની સાથે સંબંધ બાંધ્યા પછી આદમી કેટલો મૂલ્યવાન થઈ જાય છે, એ વિચાર કરવાનો વિષય છે. તે ઘણો જ કીમતી થઈ જાય છે. નાનક, વિવેકાનંદ, મહંમદસાહેબ મહાન થઈ ગયા. ભગવાન સાથે સંબંધ થઈ ગયા પછી આદમીનું વજન અને મૂલ્ય બંને વધી જાય છે.

એક સ્ત્રીનું લગ્ન જો એક શેઠજીની સાથે થાય છે અને દુર્ભાગ્યથી તેના પતિનો દેહાંત થઈ જાય છે, તો બીજા જ દિવસથી તે શેઠાણી તેની બધી જ જમીન-જાયદાદની માલકણ બની જાય છે. આવું જ થાય છે ભક્તનું ભગવાન સાથે સંબંધ જોડવાથી. ડૉક્ટરની પત્ની ડૉક્ટર, વકીલની પત્ની વકીલ અને પંડિતની પત્ની પંડિતાઈન (ગોરાણી) બની જાય છે, ભલેને પછી તે પાંચ ચોપડી જ ભણેલી કેમ ન હોય ? જે રીતે ધર્મપત્ની બનીને આત્માની સાથે સંબંધ જોડવાથી તે પતિની બધી જ સંપત્તિની માલકણ બની જાય છે, તેવી જ રીતે ભગવાન સાથે સંબંધ જોડવાથી થાય છે. તમને બધાને મેં અહીંયાં એટલા માટે બોલાવ્યા છે કે તમારા વિવાહ ભગવાન સાથે કરાવી દઉં. એટલા માટે તમારી પાસે મેં અનુષ્ઠાન શરૂ કરાવ્યાં છે. આ અનુષ્ઠાન તમારા વિવાહના સમયે પીઠી ચોળવાના તથા માથું ઓળવા, વસ્ત્રો પહેરવા જેવી સજાવટના જેવું છે. અમે આત્માનું પરમાત્મા સાથે મિલન કરાવવા ઇચ્છીએ છીએ. આ જાદુની વિદ્યા છે. અમે તમારો સંબંધ ભગવાન સાથે કરાવવાનું ઇચ્છીએ છીએ; જેથી તમારો સંબંધ માલદાર આદમી સાથે જઈ જાય. માલદાર આદમીની સાથે સંબંધ કરવાથી આદમીને દરેક સમયે ફાયદો રહે છે.

મિત્રો ! કોઈનો સંબંધ માલદાર માણસ સાથે થાય છે અને તે તેને ત્યાં કામ કરે છે, તો તેને શેઠ કશુંક લેવાને માટે મોકલે છે અને સો રૂપિયા આપે છે. તે એંસી રૂપિયાનો સામાન લાવે છે અને વીસ રૂપિયા પોતાના ખીસામાં મૂકી દે છે. શેઠજી તેને પૂછતા પણ નથી. આવી રીતે નાનાં-નાનાં કામોમાં તે પૈસા ભેગા કરતો જાય છે અને માલદારની સાથે માલદાર થતો જાય છે. તેની વહુ કહે છે કે અમારા ઘરમાં કારકુનીના પગારથી શું થાય, જો રોજ ન કમાઈએ. આ છે માલદાર મનુષ્ય સાથે જોડાવાનો ભૌતિક લાભ. ભગવાન સાથે જોડાવાથી આપણને કેવો-કેવો લાભ મળી શકે, તે તમે સ્વયં જોડાઈને જુઓ.

મિત્રો ! માલદાર માણસની પાસે નોકરી કરવાથી પૈસાને માટે ચાલાકી, બેઈમાની કરવી પડે છે ત્યારે તમે પૈસા કમાવ છો, પરંતુ અમે એવા માલદાર માણસ સાથે જેનું નામ ભગવાન છે, તેને ત્યાં તમને નોકરીએ લગાડવા ઇચ્છીએ છીએ, જેની પાસેથી તમને બધી જ વસ્તુઓ મળતી રહેશે. તેના માટે તમારી ચાલાકી કે બેઈમાની કરવાની કોઈ આવશ્યકતા નહીં પડે. અમે ઇચ્છીએ છીએ કે તમને ભગવાનના ખોળામાં મૂકી દઈએ. ખોળામાં રહેવાવાળી વ્યક્તિ નુકસાનમાં નથી રહેતી. બાપ કમાતો રહે છે, બેટો ખાતો રહે છે.

બેટા, અમે પણ તમને વહેંચતા રહીએ છીએ, આશીર્વાદ આપતા રહીએ છીએ કે તમારું દુઃખ દૂર થઈ જાય. તમારી મનોકામના પૂરી થાય. આજે તમે કમજોર છો, બની શકે કે કાલે તમે મજબૂત બની જાવ તથા ભગવાનનું કામ કરી શકો. તમે એવું વિચારતા હશો કે બે વર્ષ બાદ ગુરુજી તો ચાલ્યા જશે પછી અમને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તપોભૂમિ કે પછી હરિદ્વાર જવાથી શું મળશે ? તમે આજુબાજુમાં ફાંફા મારવા લાગો છો તથા સાંઈબાબાની પાસે ચાલ્યા જાવ છો. ત્યાં ગયા પછી હનુમાનજીની પાસે, કરૌલીવાળી માની પાસે જાવ છો, જ્યાં-ત્યાં ભટકતા રહો છો. જિંદગીભર તમે ખાલી હાથ રહો છો. મિત્રો, તમે જ્યાંત્યાં ભટકતા ન રહો, તમે ભગવાનનો પાલવ પકડી લો અને તમારા જીવનને પાર કરી લો.

મિત્રો, આપણી મુલાકાત કોઈ એમ.પી., એમ.એલ.એ. અથવા મિનિસ્ટર સાથે થાય છે અથવા તેની સાથે ઓળખાણ, સાંઠ-ગાંઠ થાય છે, તો આપણી સમસ્યા તથા આપણી મુસીબતો દૂર થઈ જાય છે. અગર આપણો સંબંધ થઈ જાય તો પછી શું કહેવું ? મધ્યપ્રદેશના પૂર્વ મંત્રી અમારી પાસે આવ્યા અને એવું કહ્યું કે ગુરુજી અમને એક દિવસને માટે જ મુખ્યમંત્રી બનાવી દો. તેઓ અમારી પાસે બે-અઢી કલાક બેઠા રહ્યા. ભગવાનની કૃપાથી તુક્કો લાગી ગયો અને તે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બની ગયા. મિત્રો ! આ શું વાત છે ? અમારી ઓળખાણ કોની સાથે છે ? અમારી ઓળખાણ ભગવાન સાથે છે.

માણસની ઓળખાણ મોટા માણસ સાથે હોવાથી કામ થઈ જાય છે. એક વાર એવું જ થયું કે એક પંડિતજી હતા. પંડિતજીએ એક દુકાનદારની પાસે પાંચસો રૂપિયા મૂક્યા. તેમણે વિચાર્યું કે જ્યારે દીકરીનાં લગ્ન કરીશ ત્યારે પૈસા લઈ લઈશ. થોડા સમય પછી જ્યારે દીકરી ઉંમરલાયક થઈ ગઈ ત્યારે પંડિતજી તે દુકાનદાર પાસે ગયા. તેણે નન્નો ભણ્યો કે તમે અમને ક્યારે પૈસા આપ્યા હતા. તેણે પંડિતજીને કહ્યું કે શું અમે તમને કશું લખીને આપ્યું છે ? પંડિતજી તેની હરકતથી મુંઝાઈ ગયા અને ચિંતામાં પડી ગયા. થોડા દિવસો પછી તેમને યાદ આવ્યું કે આ બાબતે રાજાને જાણ કેમ ન કરે જેથી કરી એ કશોક નિવેડો લાવશે અને મારા પૈસા કન્યાનાં લગ્ન માટે મળી જશે. તેઓ રાજાની પાસે પહોંચ્યા અને ફરિયાદ સંભળાવી. રાજાએ કહ્યું – કાલે અમારી સવારી નીકળશે, તમે એ લાલાજીની દુકાનની પાસે ઊભા રહેજો. રાજાજીની સવારી નીકળી. બધાએ તેમને ફૂલમાળાઓ પહેરાવી, કોઈએ આરતી ઉતારી. પંડિતજી લાલાજીની દુકાન પાસે ઊભા હતા. રાજાએ કહ્યું – ગુરુજી તમે અહીંયાં કેવી રીતે, આપ તો અમારા ગુરુ છો ? આવો આ બગીમાં બેસી જાવ. લાલાજી આ બધું જોતા હતા. તેમણે આરતી ઉતારી, સવારી આગળ નીકળી. થોડે આગળ જઈને રાજાએ પંડિતજીને ઉતારી દીધા અને એમ કહ્યું કે પંડિતજી અમે તમારું કામ કરી દીધું. હવે આગળ તમારું નસીબ.

ત્યાં લાલાજી આ બધું જોઈને હેરાન હતા કે પંડિતજીની તો રાજાની સાથે સારી ઓળખાણ છે. ક્યાંક તે મારી ફરિયાદ ન કરી દે. લાલાજીએ પોતાના મુનીમને પંડિતજીને શોધી લાવવા માટે કહ્યું – પંડિતજી એક ઝાડ નીચે બેસીને કશોક વિચાર કરી રહ્યા હતા. મુનીમજી આદરની સાથે તેમને પોતાની સાથે લઈ ગયા. લાલાજીએ પ્રણામ કર્યા અને બોલ્યા – "પંડિતજી, અમે ઘણી તકલીફ આપી. જૂના ખાતાં જોયાં તો જાણ્યું કે અમારા ખાતામાં તમારા પાંચસો રૂપિયા જમા છે. પંડિતજી દસ વર્ષમાં વ્યાજ સાથે બાર હજાર રૂપિયા થઈ ગયા. પંડિતજી તમારી બેટી અમારી બેટી છે. એટલા માટે એક હજાર રૂપિયા અમારા તરફથી આપ લઈ જાવ અને તેનો દીકરાના લગ્નમાં ખર્ચ કરજો." આ રીતે લાલાજીએ પંડિતજીને તેર હજાર રૂપિયા આપી વિદાય કર્યા.

મિત્રો ! આ અમે શું કહી રહ્યા હતા ? એ બતાવી રહ્યા હતા કે તમે પણ આ દુનિયાના રાજા, જેનું નામ ભગવાન છે, જો તમારો સંબંધ તેની સાથે જોડી લેશો તો તમારી કોઈ સમસ્યા, મુશ્કેલી નહીં રહે. તમને કોઈ તંગ પણ નહીં કરે. તમારી સાથે કોઈ અન્યાય પણ નહીં કરી શકે. પાંચ ફૂટનો આદમી જ્યારે ભગવાન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાથે જોડાઈ ગયો તો મિત્રો, તે જ આદમી મહાત્મા બની ગયો, તે આદમીનું નામ મહાત્મા ગાંધી થઈ ગયું, જેને જોઈને અંગ્રેજો ડરતા હતા અને એવું કહેતા હતા કે આ જાદુગર છે. આનાથી સંભાળીને રહો. બ્રિટનના પ્રધાનમંત્રી તેનાથી ડરતા હતા અને કહેતા હતા કે આ તો 'બૉમ્બ' છે. તેમણે પોતાના બધા જ મંત્રીઓને ગાંધીજીથી નજર ન મિલાવવાની શિખામણ આપી રાખી હતી. એ કાળો ગાંધી નહીં, પરંતુ એ ગાંધી હતો જે ભગવાન સાથે જોડાઈ ગયો હતો અને તેનો જ ચમત્કાર હતો. એ ચાલાકી કે અક્કલવાળો ગાંધી નહોતો, પરંતુ ભગવાનનો સહયોગી ગાંધી હતો. આ શક્તિઓને તમે પણ ભગવાનની પાસે બેસીને મેળવી શકો છો. પોતાને મહાન બનાવી શકો છો. જો તમે પોતે પોતાને તૈયાર કરી લો તો બધું જ મેળવી શકો છો તથા સંત, મહામાનવના સ્તર સુધી પહોંચી શકો છો.

મિત્રો, સૂર્યનો પ્રકાશ આ ધરતી ઉપર પડે તો છે, પરંતુ આ તો છે આપણી આંખોનો ચમત્કાર. જો આંખો ન હોત તો આપણે આ વિભિન્ન પ્રકારના રંગો કેવી રીતે જોઈ શકત અને આનંદ કઈ રીતે અનુભવત ? આંખનો સૂર્ય જો ઠીક હોય તો તે તમને રામાયણ, ભાગવત વંચાવી શકે છે. બગીચાઓનો આનંદ તમને મળી શકે છે. જો તમને તાવ આવે કે તબિયત બગડે તો તમે ઠીકથી ખાઈ નથી શકતા. આ વાત તમારે વિચારવી જોઈએ. એક મહિલા હતી. તેના મરવાનો સમય આવી ગયો. તેને પકોડી, લીંબુનું અથાણું, રબડી આપવામાં આવ્યાં, પરંતુ તેનું મોં કડવું હતું. તેને બધી જ ચીજો માટી જેવી લાગી. જો તમારી બુદ્ધિ બહેર મારી જશે તો આ દુનિયાની બધી જ સંપત્તિ તમને કોઈ કામની જણાશે નહીં. આ શું છે ? જેના કારણે તમે દુનિયાના બધા જ આનંદ લઈ રહ્યા છો ? ચોર્યાસી લાખ યોનિઓમાં સર્વશ્રેષ્ઠ રાજકુમારની જેમ જીવી રહ્યા છો. આ છે ભગવાનની અનુકંપા, ભગવાનની કૃપા, જે નિરંતર તમારી ઉપર વરસી રહી છે. આપણે એ અનુભવવું જોઈએ કે ભગવાન આપણા અંગ-અંગમાં, બધા જ રોમ-રોમમાં સમાયેલો છે તથા તેની શક્તિ આપણી અંદર સમાયેલી છે. તે આપણને મહાન બનાવી રહ્યો છે, જીવનના દરેક ક્ષેત્રમાં આપણને આગળ વધારી રહ્યો છે. આપણો કાયાકલ્પ કરી રહ્યો છે. જો આટલું તમે કરી શક્યા તો હું તમને વિશ્વાસ આપું છું કે તમે ધન્ય થઈ જશો.

સાથીઓ ! આપણી કાયાની અંદર એવા સેલ્સ ભર્યા પડ્યા છે, જેમાં હીરા-મોતી, સોનું-ઝવેરાત ભર્યા પડ્યા છે. જો તમે તેને જગાડી શકશો તો માલામાલ થઈ શકો છો. તમે પારસ, કલ્પવૃક્ષ થઈ શકો છો. તમારો સંપર્ક જે કોઈની સાથે થશે, તેને તમે ધન્ય કરતા જશો. તમારો વિકાસ થતો જશે. આપણને આપણી બધી આંગળીઓ પ્યારી છે. ભગવાનને પણ દરેક પ્રાણી પ્યારું છે. તે બધાનું બરોબર ધ્યાન રાખે છે. ભગવાન પોતાના દરેક અંગને સુંદર અને સુડોળ જોવા ઇચ્છે છે. ભગવાનની ઉપર પક્ષપાતનો આરોપ લગાડી શકાય નહીં. તે બધાને એકસરખું આપે છે, પરંતુ મનુષ્ય પોતાના ગુણ, કર્મ, સ્વભાવ, શ્રમ, આળસના કારણે પાછો પડે છે. જો તમારી પાત્રતા હશે તો તમે બધી જ ચીજો પ્રાપ્ત કરી શકશો. તમે તમારી પ્રગતિને માટે કોને ખબર ક્યાં ક્યાં ફરો છો, કોને કોને ગુરુ બનાવતા ફરો છો. અમે પણ તેરથી પંદર વર્ષની ઉંમર સુધી આવા જ ચક્કરમાં પડ્યા રહ્યા તથા તમાશો જોતા રહ્યા. અમે પણ ઘણા પૈસા વેડફ્યા છે, માત્ર આ જાદુગરી જોવાને માટે.

મિત્રો ! આ બે વર્ષમાં અમે હિંદુસ્તાનના કોઈ પણ સિદ્ધપુરુષ, મહાત્મા, યોગીને નથી છોડ્યા જે આજે જાદુગરની જેમ નામ બતાવે છે અને સોનું બનાવે છે. જો તમે ઇચ્છો તો, અમે તેમનું નામ તમને જણાવી શકીએ છીએ. એક વખત અમે એક સિદ્ધ પુરુષની વાત સાંભળી તથા તેને માટે અમે ઘણું મોટું જોખમ ઉઠાવ્યું, જાનની બાજી લગાવી દીધી. એ સિદ્ધ પુરુષ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગાઢ જંગલમાં એક ગુફામાં રહેતા હતા. લોકોએ જણાવ્યું કે તે દરેકનું નામ, ઠેકાણું તથા ભૂત-ભવિષ્ય, વર્તમાન બધું જ બતાવી દે છે. અમે પહોંચી ગયા, તેમની પાસે. બાબાએ બધું જ જણાવ્યું. અમને દાળમાં કશુંક કાળું નજરે પડ્યું. અમે ત્યાં જ રોકાઈ ગયા અને પગમાં મોચનું બહાનું ઘડી કાઢ્યું. આ વાત તેમના ચેલાને બતાવી દીધી અને ત્યાં એક ખૂણામાં પડ્યા રહ્યા. એક દિવસ એક અધ્યાપક આવ્યા. અમે તેને જણાવી દીધું કે તે બેકાર માણસ છે. તેના ચેલાઓ ધંધો કરે છે. અમે અધ્યાપકને કહ્યું કે તમે તમારું નામ-ઠામ આદિ ભળતું-સળતું બતાવજો. તેમણે ચેલાઓને પોતાનું નામ-ઠામ બધું ખોટું બતાવી દીધું. બીજા દિવસે મહાત્મા મળ્યા તો તેમણે પણ એવું જ બતાવ્યું. અધ્યાપક અને અમે બંને આ બધું જોઈને મલકાયા. આ પેલા ચેલાઓએ જોઈ લીધું હતું. અમે કોઈ રીતે ધોતી-કુર્તા વાળ્યા અને રૂમાલ વીંટાળીને લઘુશંકાનું બહાનું કરીને ત્યાંથી ભાગી નીકળ્યા. જવાનું હતું પૂર્વની તરફ અને નીકળી ગયા પશ્ચિમ તરફ. કોઈ રીતે પ્રાણ બચાવીને ત્રણ દિવસ સુધી જંગલમાં ભટક્યા બાદ અમારા સ્થાને પહોંચ્યા.

સાથીઓ ! અમે એ ગુરુને પણ જોયા છે, જે પંદર વર્ષની ઉંમર પૂરી થવા પર વસંતપંચમીના દિવસે અમારી પાસે આવ્યા હતા. તેમણે અમારા ત્રણ જન્મોનું દૃશ્ય અમને બતાવ્યું અને અમને ગાયત્રી ઉપાસનામાં લગાડ્યા, જેને અમે ચોવીસ વર્ષો સુધી વિધિ-વિધાનપૂર્વક કર્યું. અમે અમારા ગુરુદેવને એક પ્રશ્ન પૂછ્યો કે પૂજ્યવર અમારી એક શંકા છે. આપ બતાવો કે ગુરુઓની શોધ કરવા માટે લોકો રજાઓ લે છે, મેડિકલ લીવ લે છે, ઘર-બાર છોડે છે, ત્યારે ક્યાંક પહોંચીને કોઈ એક ખૂણામાં કોઈ સાચો ગુરુ મળે છે, પરંતુ આપ તો સ્વયં અમારી પાસે ચાલી આવ્યા. આ કેવી વાત છે ? પૂજ્યવરે જણાવ્યું કે – "બેટા ! ધરતી શું વાદળાઓની પાસે જાય છે અથવા વાદળા સ્વયં તેની પાસે આવે છે ધરતી ઉપર ?" અમે કહ્યું – "વાદળાં સ્વયં આવે છે અને ધરતી ઉપર વરસી જાય છે." તેમણે કહ્યું કે "આકાશનાં વાદળોની જેમ સિદ્ધ પુરુષોની પણ કમી નથી, જે વાદળાઓની જેમ વરસવાને માટે સુપાત્રની ખોજ કરતા હોય છે. દિવ્ય આત્માઓની તેઓ શોધ કરતા રહે છે."

મિત્રો ! તમે જોયું હશે કે જ્યારે આ ધરતી ઉપર મરેલી લાશો, કૂતરા વગેરે પડ્યા રહે છે ત્યારે ગીધ, કાગડા, સમડી સ્વયં આવી જાય છે અને તેને ચૂંથીચૂંથીને ખાઈ જાય છે. આ જ રીતે ભગવાન, દિવ્યપુરુષ, સંત પણ ઉપરથી શોધતા હોય છે કે આ ધરતી ઉપર કોણ દિવ્યપુરુષ છે, જેને ભગવાન, ગુરુ, સંતની કૃપા, વરદાન, આશીર્વાદની આવશ્યકતા છે અને તે ત્યાં પહોંચીને બધું જ કાર્ય કરે છે. તેઓ જુવે છે કે કોણ દયાને પાત્ર છે. અમે બદ્રીનાથ, રામેશ્વર જઈએ છીએ પરંતુ તેઓ પણ અમારી પાસે આવે છે અને કસોટી કરી ચાલી જાય છે. કેવટની ભક્તિ, શ્રદ્ધા મહાન હતી. તેને જોઈને ભગવાન રામ સ્વયં તેની પાસે આવ્યા અને દર્શન આપ્યાં. કેવટ રામચંદ્રજી પાસે નહોતો ગયો. શબરીની પાસે રામચંદ્ર સ્વયં આવ્યા હતા. શબરી નહોતી ગઈ. શ્રીકૃષ્ણ ગોપીઓની પાસે ગયા હતા અને તેમને પ્રેમ આપ્યો હતો. ગોપીઓ નહોતી ગઈ. મિત્રો ! એવી જ રીતે પાત્રતા જોઈને ગુરુ શિષ્યની પાસે આવે છે તથા તેને ધન્ય કરી જાય છે. અગર વાસ્તવમાં પાત્રતા હોય તો રિદ્ધિ-સિદ્ધિ મેળવી શકાય છે તથા ન્યાલ થઈ જઈ શકાય છે.

ભગવાનને ત્યાં અનંત વૈભવ, કૃપા, અનુદાન ભર્યાં પડ્યાં છે. એ ફક્ત એવા માણસોને મળે છે, જેની પાત્રતા છે. એક વાર અમે પોરબંદર—ગુજરાત ગયા હતા અને ત્યાં ગાંધીજીનું જન્મસ્થાન જોયું હતું. તે ઘણું જ નાનું હતું. ત્યારે ત્યાં નાનુંસરખું મકાન હતું, પરંતુ ભગવાન તો માલદાર છે. તેમણે ગાંધીજીને ધન્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરી દીધા. આજે ત્યાં કરોડોનું સ્મારક બનેલું છે. ભગવાન આવે છે તો મનુષ્યની વિચાર કરવાની, કાર્ય કરવાની પદ્ધતિ બદલાઈ જાય છે. તેનો અવાજ બદલાઈ જાય છે. તેને દરેક લોકો પ્રત્યે શ્રદ્ધા-નિષ્ઠા થઈ જાય છે. તે અન્યને પ્રેમ કરે છે, બીજાનું દુઃખ જોઈને દ્રવિત થઈ ઊઠે છે. ગાંધીજીની અંદર ભગવાન આવ્યા અને જે પણ બોલ તેમણે આપ્યો તેને પૂરો થતો જોઈ શક્યા. ભગવાનની ખુશામત કરવાથી કોઈ કામ નહીં ચાલે. પાત્રતા જ મહાન તત્ત્વ છે. જેનામાં પાત્રતા હોય છે, સરકાર તેને પાછો બોલાવી લે છે. તેને કામ આપે છે. પ્રેમ મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ નેવું વર્ષના થવા આવ્યા, પરંતુ ગવર્નમેન્ટે તેમને નથી છોડ્યા. દરેક વર્ષે તેમને નવું પદ મળી જાય.

મિત્રો ! પ્રતિભાઓની માંગ, યોગ્યતાની માંગ, ગુણોની માંગ દરેક જગ્યાએ હોય છે. અમારો પણ એ જ ઉદ્દેશ્ય છે કે તમે આગળ વધો. અમે ઇચ્છીએ છીએ કે તમારી અંદર પણ એ વસ્તુઓ આવી જાય, ભગવાન આવી જાય અને તમારો વિકાસ થઈ જાય. એટલા માટે અમે તમારું લગ્ન ભગવાન સાથે કરાવવાનો નિશ્ચય કર્યો છે. પરંતુ મિત્રો, જો કન્યા અસ્વસ્થ હોય, બીમાર હોય, અશક્ત હોય તો તેમનો વિવાહ સારા છોકરા સાથે કઈ રીતે થઈ શકે છે? તેવી જ રીતે તમારી પાત્રતા કમજોર હોય તો તમને ભગવાન કઈ રીતે અપનાવશે ? કેવી રીતે સ્નેહ, પ્યાર આપશે ? જો રાજકુમાર સાથે વિવાહ કરવો હોય તો છોકરી પણ યોગ્ય હોવી જોઈએ. જો તમે કોઢી છો તો સારી છોકરી તમને મળશે નહીં. તમે અંપગ છો, તો ભગવાન સાથે લગ્ન કરી નહીં શકો. ભગવાનની સાથે લગ્ન કરવા સ્વસ્થ, નીરોગી શરીર, સ્વચ્છ, પવિત્ર મનની જરૂરિયાત છે.

સ્વચ્છ મન, સ્વસ્થ, નીરોગી શરીર બનાવવાને માટે તમને અહીંયાં બોલાવવામાં આવ્યા છે, જેથી તમે ભગવાન સાથે જોડાઈ શકો. તમારી પાસે અમે ગાયત્રી મહાપુરશ્ચરણ કરાવી રહ્યા છીએ. અમને પ્રસન્નતા છે કે તમે પ્રાતઃકાળે ઘણા જલદી ઊઠીને પૂજા, ધ્યાન, જપ, પ્રાણાયામમાં વ્યસ્ત થઈ જાવ છો. આ બધું જોઈને અમને ખુશી થાય છે. જો તમે આ કરવાવાળા કર્મકાંડોમાંથી કંઈક પ્રેરણા લઈ શકો તથા પોતાની પાત્રતાનો વિકાસ કરી શકો, પોતાને જીવંત બનાવી શકો, તો તમે વિશ્વાસ રાખો કે તમારો વિવાહ ભગવાનની સાથે થઈ જશે તથા તમારી પાસે બધી જ રિદ્ધિ-સિદ્ધિ, વૈભવ સ્વતઃ આવશે, જેના માટે તમે દિવસરાત પરેશાન રહો છો.

મિત્રો ! એક છોકરી હતી. તેનું સગપણ નક્કી થયું. તેના ખોળામાં છોકરાવાળાઓએ નારિયેળ પણ મૂકી દીધું હતું. પછીથી છોકરાવાળાઓએ ના પાડી દીધી. છોકરીએ કમર કસી અને લાઠી લઈને એ ગામમાં પહોંચી ગઈ. તેણે કહ્યું કે અરે વિવાહ નથી કરવો તો આવી જા લાઠીની સામે. મામલો પંચાયતમાં ગયો. છોકરીએ કહ્યું કે આણે જ લગ્ન નક્કી કર્યું. નારિયેળ પણ આપ્યું અને હવે ના કહી રહ્યો છે. પંચાયતે ફેંસલો કર્યો કે વિવાહ આ છોકરીની સાથે જ થશે.

મિત્રો ! અમે પણ તમારો વિવાહ ભગવાનની સાથે કરાવવાનો નિશ્ચય કર્યો છે. તમે પણ એ છોકરીની જેમ દૃઢ નિશ્ચય કરીને તમારી પાત્રતાને વિકસિત કરીને ભગવાનને પ્રાપ્ત કરો. તમારી પરેશાની દૂર થઈ જશે. અમે ભગવાનની પાસે થઈને આવ્યા છે. તેમની પાસે ઢગલો હીરાની વીંટીઓ, ઝવેરાત, બાલ-બચ્ચાં છે, જે ઇચ્છો તે ઉપાડીને લઈ આવો. મિત્રો ! આ વિવાહ કોઈ પણ રીતે નુકસાનનો સોદો નથી. તમે આને નિભાવજો. તેમાં અમને પ્રસન્નતા થશે. આજની વાત સમાપ્ત.

ૐ શાંતિ

• • • • • • • • • •



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મીય અનુરોધ

પૂજ્યવર પાસેથી પૂજનનું સાચું તત્વદર્શન જાણી અમારી જીજ્ઞાસાઓનું સમાધાન થયું, પરંતુ બહુદેવવાદ તથા ભગવાનની મૂર્તિ, ચિત્ર (તસ્વીર) વગેરે વિશે પણ કેટલાય પ્રશ્નો લગભગ મનમાં ઉદ્દ્ભવતા હતા તેથી તેનું સમાધાન પણ અમે પૂજ્યવર પાસેથી મેળવ્યું, તેમણે આ બધા વિશે વિસ્તારથી સમજાવ્યું. તેમણે કહ્યું- ''બેટા! તુલસીદાસજીએ રામચરિતમાનસ લખવાનું પ્રારંભ કર્યું, જે ગ્રંથ વ્યક્તિ, પરિવાર અને સમાજ નિર્માણ માટે દિશા આપે છે. સૌથી પહેલા એમણે લખ્યું છે-

ભવાની શંકરો વંદે, શ્રદ્ધા વિશ્વાસ રૂપિણૌ ।
યાભ્યાં બિના ન પશ્યંતિ, સિદ્ધાઃસ્વાન્તઃ સ્થમીશ્વરમ્ ।।

ગોસ્વામીજીએ શ્રદ્ધાને પાર્વતીજી અને વિશ્વાસને શંકરજી કહ્યા છે. શ્રદ્ધા અને વિશ્વાસ એ બંને ઈશ્વર પ્રાપ્તિ માટે અનિવાર્ય છે. તર્કથી ઈશ્વરને ન મેળવી શકાય. શ્રેષ્ઠ કાર્યો પ્રત્યે શ્રેષ્ઠ વિચાર, શ્રેષ્ઠ ભાવનાઓ પ્રત્યે શ્રદ્ધા રાખવી જરૂરી છે. વિશ્વાસ ઈશ્વર પ્રત્યે, સિધ્ધાંતો પ્રત્યે પોતાના પર પણ વિશ્વાસ હોવો જરૂરી છે.

પાર્વતીજી શ્રદ્ધા છે, શંકરજી વિશ્વાસ છે. આ બંનેની પૂજા કર્યા વગર ઈશ્વર પ્રાપ્ત થઈ શકતા નથી. પ્રતિક રૂપે શંકર પાર્વતીની મૂર્તિ મંદિરમાં સ્થાપિત કરી લીધી છે, નિત્ય જળ ચઢાવીએ, ફૂલ ચઢાવીએ, ચંદન લગાવીએ, આરતી ઉતારીએ અને નમસ્કાર કરીએ, પરંતુ એનાથી લાભ નથી મળવાનો. અધ્યાત્મનો લાભ લેવો હોય તો પોતાની અંદર સૂતેલ શ્રધ્ધા અને વિશ્વાસ જગાડવો પડશે.

શંકર ભગવાનના માથેથી ગંગાજી નીકળે છે એટલે આપણા મસ્તકમાંથી પવિત્ર, પાવન, શુદ્ધ વિચાર જ નીકળવા જોઈએ. આ જ્ઞાન ગંગાનું પ્રતિક છે, શિવજીના માથે ચંદ્રમાં છે, ચંદ્રમાં શીતલતા, શાંતિ અને સરસતાનું પ્રતીક છે. ગમે તેવી વિપરિત પરિસ્થિતિઓ કેમ ન આવે તો પણ સમતુલિત રહે છે. વિવેકથી ધૈર્યપૂર્વક સમસ્યાનો સામનો કરો. ક્રોધ અને અવિવેકનો ભાવ ન આવવા દો. ભગવાનના સાચા ભક્તોએ પોતાનું માનસિક સમતુલન ન ગુમાવવું જોઈએ. શંકરજીના ગળામાં વિષધર લપટાયેલા છે. એ એમની કળા છે કે દુષ્ટપ્રવૃત્તિના જીવોને પણ વશમાં કરી તેમનાથી સાચું કાર્ય કરાવી લે છે. પોતાના પ્રભાવથી, ક્ષમતાથી દુષ્ટોને પણ સુધારી પોતાને અનુરૂપ સજ્જન બનાવી લેવા જોઈએ. જેવી રીતે ભગવાન બુદ્ધે અંગુલિમાલને, નારદજીએ રત્નાકરનું જીવન બદલી તેમને મહાન બનાવી દીધા હતા.

ભગવાન શંકર પોતાના શરીરે ભસ્મ લગાવે છે, નર મુંડોની માળા પહેરે છે અને સ્મશાનમાં રહે છે એનાથી આપણને એ શિક્ષા મળે છે કે આ શરીર એક દિવસ મુઠ્ઠીભર ભસ્મના રૂપમાં બદલાઈ જવાનું છે. તેથી મોતને હંમેશા યાદ રાખો, આ સુર દુર્લભ મનુષ્ય જીવનનો સદુપયોગ કરો. લક્ષ્ય પ્રત્યે સાવધાન રહો. જે વ્યક્તિ મોતને સદા યાદ રાખે છે, તે પાપ, અત્યાચાર, અન્યાયથી બચીને શ્રેષ્ઠ માનવોચિત જીવન જીવે છે. એમનો આ લોક તો સુધરે છે, પરલોક પણ સુધરી જાય છે. રાજા પરીક્ષિતે મોતને યાદ રાખ્યું તો સાત દિવસમાં જ મુક્તિ મળી હતી આપણે પણ સાત દિવસ તો જીવવાનું છે. સપ્તાહમાં સાત દિવસ હોય છે. એમાંથી જ એક દિવસ આપણે સૌએ જવાનું છે. આપણું આ જીવન લોકમંગળના કાર્યમાં લાગ્યું રહે, એ ઉદ્દેશ્ય રહેવો જોઈએ. શંકરજીની જાનમાં બધા પ્રકારના લોકો હતા. આપણે દીન-હીન, પછડાયેલા સમાજના બધા લોકોને સાથે લઈ ચાલવું જોઈએ. કોઈની પણ ઉપેક્ષા ન કરવી જોઈએ. જાપાનના ગાંધી કહેવાતા સંત કાગાવા કોઢિઓની વચ્ચે રહી તેમની આજીવન સેવા કરતા રહ્યા. ભગવાન રામે રીંછ-વાનરોને સાથે રાખ્યા હતા. ભગવાન કૃષ્ણે તો ગ્વાલ બાળોને હંમેશા પોતાની સાથે રાખી એ બતાવ્યું કે પછડાયેલાની કદી ઉપેક્ષા ન કરવી જોઈએ. તેમને પણ યોગ્ય સન્માન આપો.

શંકરજીને ત્રીજું નેત્ર પણ છે. આ ત્રીજું નેત્ર ખોલ્યું હતું, ત્યારે કામદેવને બાળીને ભસ્મ કરી દીધો હતો. આ ત્રીજું નેત્ર જ્ઞાનનું વિવેકનું છે. એને સ્વયં વિકસિત કરવું પડે છે. આપણી દૂરદર્શિતા, વિવેકશીલતા જાગ્રત હોવી જોઈએ. જ્યારે ત્રીજું નેત્ર જાગ્રત થાય છે ત્યારે શરીર જ નહીં આત્મા પણ દેખાય છે. આત્માની અમરતા અને શરીરની નશ્વરતા દેખાવા લાગે છે. શંકરજી બળદની સવારી કરે છે, ભેંસની નહીં, ભેંસની સવારી શનિ કરે છે. ભેંસ આળસી હોય છે. બળદ હંમેશા શ્રમ કરે છે. શંકરજીનું આ વાહન આપણને શ્રમશીલતાનું શિક્ષણ આપે છે.

શંકરજીનું પ્રતિક પિંડ હોય છે. આ પિંડ વિશ્વ બ્રહ્માંડનું પ્રતીક છે. એ ઈશ્વરના વિરાટ રૂપનું પ્રતીક છે. આપણે આખા વિશ્વને ઈશ્વરનું રૂપ માની સંસારની સેવા કરવી જોઈએ. આ વિરાટ રૂપ ભગવાન રામે બાળપણમાં કૌશલ્યા માતા તથા કાકભૂસંડિને બતાવ્યું તથા ભગવાન કૃષ્ણએ પણ યશોદા માતાને બતાવ્યું હતું. સામાન્ય રીતે ઈશ્વરીય સત્તા કણ-કણમાં સમાયેલી છે. સૃષ્ટિમાં સર્વત્ર ઈશ્વરનો વાસ છે. આ વિશ્વાસ દૃઢ હોવો જોઈએ.

પરમ પૂજ્ય ગુરૂદેવે આગળ બતાવ્યું કે ઉપાસનાનો અર્થ જ ઈશ્વરની સમીપતા છે. ભગવાનની પાસે બેસવાથી આપણું પણ દેવત્વ વિકસિત થાય છે. બરોબર એ જ રીતે પારસની સમીપતાથી લોખંડ પણ સોનું બની જાય છે. ભગવાનનું અવતરણ આપણી અંદર હોવું જોઈએ. સાચા મનથી શ્રદ્ધા તથા ભાવનાથી પૂજા કરવી જોઈએ. ઊંડાણમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રવેશ કરવો જોઈએ. જેવી રીતે જમીનની ઉપર કાંકરા, પત્થર જ મળે છે પરંતુ જમીનની ઊંડાણમાં જવાથી બહુમૂલ્ય ખનીજ, હીરા, સોનું, ચાંદી તથા અન્ય મહત્વપૂર્ણ પદાર્થ મળે છે. તે જ રીતે અંતર્મનમાં ઉતરવાથી દૈવી વિભૂતિઓની પ્રાપ્તિ થાય છે. મૂર્તિ પૂજા પહેલું ચરણ છે, આ અધ્યાત્મનું પ્રારંભિક શિક્ષણ બરોબર એવું જ છે જેમ નાના બાળકોને ક થી કબૂતર, ખ થી ખડિયો ભણાવવું પડે છે. બાહ્ય રંગ અને અંતરંગ બે સ્વરૂપ છે. વીજળીમાં નેગેટીવ-પોજીટીવ બે તાર હોય છે. બાહ્યરંગ સ્વરૂપમાં જ પરોવાયેલા રહીએ અને અંતરંગ ન સમજીએ તો અધ્યાત્મનો લાભ મળવાનો નથી. તેથી અમે બંને સ્વરૂપો બતાવ્યા છે. આ બધી વાતોથી તમારી જીજ્ઞાસાઓનું સમાધાન થઈ ગયું હશે. અમે કહ્યું- જી હા ગુરૂદેવ ! આપે આ ગૂઢ અધ્યાત્મને સરળ રીતે અમારી અંદર ઉતારી દીધું છે. પરંતુ ગાયત્રી માતા, ભગવાન રામ અને કૃષ્ણ તથા હનુમાનજીની ઉપાસના વિશે જાણવાની ઉત્સુકતા વધી રહી છે. પૂજ્યવરે કહ્યું- કાલે તમને સમય કાઢી આ બધા વિષે બતાવીશ. પછી બીજા દિવસે અમારી ઉત્સુકતા જોઈ આ દેવી-દેવતાઓ વિશે બતાવ્યું જેને અમે સંક્ષિપ્તમાં લખી રહ્યા છીએ.

ગાયત્રી માતા સ્થૂળ પૂજા ફૂલ, ચંદન, અક્ષત વગેરે ચઢાવવાથી પ્રસન્ન નથી થતા. બેટા ! ગાયત્રી માતા હંસની સવારી કરે છે. હંસ વિવેકનું પ્રતીક છે. ભક્તની વૃત્તિ હંસ જેવી વિવેકશીલ, દૂરદર્શી હોવી જોઈએ. હંસ શુદ્ધ, પવિત્ર જીવન જીવે છે. દોષ દુર્ગુણો વિનાનું જીવન જીવવું જોઈએ. કમળના પુષ્પ પર ગાયત્રી માતા બેઠા છે. કમળ રહે છે તો કીચડમાં, પરંતુ એનાથી ઊપર રહીને નિર્વિકાર રહે છે. સંસારમાં બુરાઈઓ તો છે, તેને નિર્મૂળ કરવી સંભવ નથી, પરંતુ આપણે એટલું તો કરીએ કે પોતાની અંદર બુરાઈઓને ન પ્રવેશવા દઈએ. શ્રેષ્ઠ આચરણ અને શ્રેષ્ઠ કર્તવ્ય કરવું જ સાચી આધ્યાત્મિકતા છે, ગાયત્રી માતાની અસલી પૂજા છે. ગાયત્રી માતાના એક હાથમાં કમંડળ બીજા હાથમાં વેદ છે. કમંડળ સાદગીનું પ્રતીક છે. તેમાં જળ છે તે શીતળતાનું પ્રતીક છે. આપણું મસ્તિષ્ક હંમેશા ઠંડુ રહેવું જોઈએ. વેદ સંસારના સમસ્ત જ્ઞાનનું મૂળ છે. આપણે જ્ઞાનના ઉપાસક બનીએ. સ્વાધ્યાય દ્વારા નિત્ય વિચારોને સારા બનાવીએ. પોતે વાંચે અને બીજાઓને પણ સત્સાહિત્ય વંચાવીએ. વિદ્યા અને જ્ઞાન વગરના મનુષ્યને શાસ્ત્રોમાં શીંગ અને પૂંછ વગરનો જાનવર કહ્યો છે. જ્ઞાન પ્રાપ્તિ પછી પણ તેનું ગર્વ ન કરવું. સાદગીથી રહેવું અને શ્રદ્ધાપૂર્વક તે જ્ઞાનનો જન કલ્યાણ માટે સદુપયોગ કરો.

ભગવાન રામ-કૃષ્ણને આપણી સંસ્કૃતિના સૂર્ય-ચંદ્ર કહેવામાં આવે છે. ભગવાન રામનો જન્મ કયા ઉદ્દેશ્ય માટે થયો ? તુલસીદાસજી લખે છે-

અસુર માર થાપહિ સુરન્હ, રાખહિ નિજ શ્રુતિ સેતુ ।
જગ વિસ્તારહિ વિશદ યશ, રામ જન્મ કર હેતુ ।।

રામનો જન્મ અસુરતાના વિનાશ માટે થયો છે. અસુરતાના વિરુદ્ધ સંઘર્ષ જ રામનો આદર્શ છે. આ આદર્શ ને આપણા જીવનમાં ઉતારવો જ તેમની ઉપાસના છે. ભગવાન રામ જીવનભર અસુરોથી લડતા રહ્યા. તાડકા, સુબાહુ, મારીચ નામના રાક્ષસ યજ્ઞોમાં વિઘ્ન નાખતા હતા, ભગવાન રામે તેમને માર્યા. રાવણ વિલાસિતા અને અહંકારનો પ્રચાર કરતો હતો, કુંભકરણ આળસનો પ્રચાર કરતો હતો, ભગવાને તેને માર્યા. સૂર્પણખા ફેશન પરસ્તીનો પ્રચાર કરતી હતી, આજે અસુરતા સમાજમાં ફેલાયેલ છે તેનાથી લડવું જોઈએ. ફેશન પરસ્તી, નશેબાજી, આળસ, અસંયમ, જાતિવાદ, દહેજનો રાક્ષસ સમાજને ત્રાસ આપી રહ્યો છે. તેનાથી લડવું જ ભગવાન રામની સાચી ઉપાસના છે. ભગવાન રામની મૂર્તિ પર પુષ્પ ચઢાવવા, પ્રસાદ ચઢાવવો, ધૂપ કરવાથી ભગવાન રામ પ્રસન્ન નહીં થાય. તે સારી રીતે સમજે છે કે આ તથાકથિત ભક્ત આપણા ભક્ત નહીં ચાપલૂસ છે, જે અમને ભોળા, નાદાન સમજી ઠગવા આવ્યા છે.

પૂજ્ય ગુરૂદેવના શ્રીમુખેથી ભગવાન રામના આદર્શો તથા ઉપાસનાની વ્યાખ્યા સાંભળી અમારું હૃદય ઉત્સાહ, ઉમંગ અને સાહસથી ભરાઈ ગયું. જીજ્ઞાસા વધુ વધી ગઈ. અવસર મેળવી ફરી એક દિવસ અમે કહ્યું ગુરુદેવ ! આપ ભગવાન કૃષ્ણની ઉપાસના પણ બતાવો, જેનાથી અમારા મનની અન્ય સમસ્યા પણ ઉકલી જાય. પૂજ્યવરે કહ્યું બેટા ! ભગવાન કૃષ્ણે પોતાના સિધ્ધાંતોને સ્વયં પોતાના શ્રીમુખે અર્જુનને બતાવ્યું છે જે ગીતામાં ચર્ચિત કરવામાં આવ્યું છે. ભગવાન કૃષ્ણના અવતારનો ઉદ્દેશ્ય ધર્મની સ્થાપના અને અધર્મનો નાશ કરવાનો જ હતો. કૌરવો એટલે સો બુરાઈ અને પાંડવ એટલે પાંચ સદ્‌વિચાર સો કૌરવો માટે પાંચ પાંડવ જ બહુ છે. પરંતુ યુધ્ધ થવું જરૂરી છે. જ્યાં સુધી પાંચ સદ્‌વિચાર રૂપી પાંડવ સો બુરાઈ રૂપી કૌરવો સાથે લડે નહિ ત્યાં સુધી માનવ માત્રને શાંતિ પણ ન મળી શકે.

ક્રમશઃ -પં૦ લીલાપત શર્મા

## ફાર્મ-૪

| | |
|---|---|
| ૧. પ્રકાશનનું સ્થાન | મથુરા |
| ૨. પ્રકાશનનો પ્રકાર | માસિક |
| ૩. મુદ્રકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ પ્રેસ, મથુરા |
| ૪. પ્રકાશકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૫. સંપાદકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૬. સત્વાધિકારી | યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા |

હું લીલાપત શર્મા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતોવાળું નિવેદન મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચું છે.

સહી-લીલાપત શર્મા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

રાણીપ પ્રજ્ઞા મદિરના ઉપક્રમે શ્રી વરવરાહ પ્રભુ સોસાયટીમાં ૪૧ કુંડી યજ્ઞ આયોજન કરી ૧૧ આજીવન ગ્રાહકો તેમજ ૫૧ વાર્ષિક ગ્રાહકો બનાવ્યા બારોલનગર સોસાયટીમા ૧૫ કુડો યજ્ઞ આયોજનમા ૨૫ આજીવન ૫૧ વાર્ષિક ગ્રાહકો બનાવ્યા છે સાધના સાથે ચાલી રહેલ આવી પ્રવૃત્તિ ખૂબ જ પ્રશંસનીય છે

વડોદરા મહિલા ગાયત્રો પરિવાર શાખા હરણી વિભાગની નિષ્ઠાવાન બહેનો દ્વારા કોયલી ભણીયારા ગામમાં ૫૧ યુગ શક્તિ ગાયત્રીના સભ્યો બનાવ્યા તેમજ સાધના વર્ષમાં ભાગીદારીનુ આહ્વાન પણ કર્યું. બહેનો દ્વારા કર્મકાંડનું પ્રશિક્ષણ આપી કાર્ય વધુ પ્રભાવી બનાવ્યું છે.

નરસડા-આજની વર્તમાન પરિસ્થિતિઓમાં માનવ કુવિચારોના કુચક્રમાં ફસાઈને માનસિક ખેંચતાણ અનુભવે છે. જીવન નીરસ શુષ્ક બની ગયું હોય એવું અનુભવે છે. જીવનલક્ષથી વંચિત રહે છે ત્યારે માનસિક શાંતિ, આત્મિક શાંતિ અને શારીરિક સ્વસ્થતા મેળવી જીવન આનંદિત રહે તે હેતુથી વેદમૂર્તિ પ. પૂ. ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્યજી અને વંદનીય માતાજીના આશીર્વાદથી નરસંડા મુકામે તા. ૩-૧-૯૯ ના રવિવારે એક યોગ પ્રાણાયામ શિબિરનું આયોજન થયું. જેમાં ૧૦૦ યુવાનોએ ભાગ લીધો.

નારણપુરા-અમદાવાદ શ્રી મંગલમૂર્તિ ગાયત્રી પરિવાર શાખા દ્વારા શ્રી મંગલમૂર્તિ એપાર્ટમેન્ટમાં તા. ૩-૧-૯૯ ને રવિવારે સવારમાં ૮-૩૦ થી ૧૨-૩૦ એકી સાથે એક જ સમયે ૧૦૮ ઘરોમાં ગાયત્રી મહાયજ્ઞ તથા દેવસ્થાપનાનું આયોજન સફળ કરવામાં આવ્યું. તેમાં પાંચસો જેટલા ભાઈઓ તથા બહેનોએ સાધના વર્ષની ઉપાસના અને આરાધના કરવાનો સંકલ્પ લીધો. સપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન સૂક્ષ્મસત્તાની સૂક્ષ્મ ઉપસ્થિતિનો પણ અનુભવ થયો. શ્રી ચતુરભાઈ, શ્રી હસમુખભાઈ, શ્રી બળદેવભાઈ, શ્રીમતી પસીબેન, શ્રીમતી પાલીબેને આ કાર્યક્રમને સફળ બનાવવામા સમય તથા અંશદાનનો સહયોગ આપ્યો. આ કાર્યક્રમમાં કલોલ તથા ગાંધીનગરના પુરોહિતોનો સહયોગ પ્રશંસનીય રહ્યો. આ શુભ પ્રસંગનો મંગળદીપ કાંતીભાઈ મારફતીયા દ્વારા પ્રગટાવવામાં આવ્યો.

કોલવડાત્તા વિજાપુર મુકામે વિગત દિવસોમાં આદર્શ લગ્નો કરાવવામાં આવ્યા તેમાં ૨૨ દંપત્તિ લગ્ન ગ્રંથીથી જોડાયા. રૂા. ૧૧૦૦ નુ સાહિત્ય વહેંચવામા આવ્યું તેમજ ૨૫ યુગ શક્તિ ગાયત્રીના નવીન સભ્યો ૨૫નુ લવાજમ લેવામાં આવ્યું. નવદંપતિને વેદોનો દિવ્ય સંદેશ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યો. તેમજ દરેક દપતિને નિયમિત ગાયત્રી જપ કરવા સમજ આપી દરરોજ સૂર્યને અર્ધ્ય આપવા જણાવવામાં આવ્યું.સાથે સાથે દરેક ગામની સ્કૂલના ભૂલકાંઓને ગાયત્રી ચાલીસા વિતરણ કરવામાં આવી.

રાજપીપળા-ગુજરાતના આદિવાસી વિસ્તારના બહનોને ત્રણ પૈડાની ટ્રાયસીકલ ભાવિકોના સહયોગથી અર્પણ કરવામા આવી છે ગાયત્રી પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ભરત વ્યાસ શ્રી હરિવદન મોદી, પ્રજ્ઞાબહેન તથા અન્ય કાર્યકર્તાઓના પ્રયત્નો થકી વિવિધ ભાવિકોના આર્થિક સહયોગ પ્રશસનીય છે.

બારડાલી ગાયત્રી પ્રજ્ઞા મદિર દ્વારા મિશનનો સાધનાત્મક તેમજ રચનાત્મક પ્રવૃત્તિ ખૂબ જ ઉત્સાહથી ચાલી રહેલ છે પ્રજ્ઞાપુરાણ, વેદોના દિવ્ય સંદેશ સેટોની સ્થાપના પણ ૫૧ ઘરોમા કરવામાં આવી સાધના વર્ષને વધુ સફળ બનાવવા પત્રિકાની ગ્રાહક સંખ્યા ડબલ કરી છે.

સંતરામપુર-જિ. દાહોદ, સંતરામપુર તાલુકા ગાયત્રી પરિવાર સંગઠનની કરોડીયા પૂર્વ ગાયત્રી પરિવાર શાખાના કર્મઠ પરિજન શ્રી બાબુભાઈ નિનામાના ધર્મપત્ની સ્વ. શ્રીમતિ સવિતાબેન બી નિનામાનો તા ૨૨નવેંબરની પ્રથમ પુણ્ય તિથિએ શ્રી બાબુભાઈ નિનામાએ સ્વર્ગસ્થ આત્માને શાંતિ મળે એ ભાવનાથી નાની પોકેટ બુક ન૦ ૯૨ ''એકવીસમો સદીની યુગ સાધના'' નામની પોકેટ બુકો નંગ ૫૦૦૦ તથા મોટી ગાયત્રી પ્રાર્થના બુકો નંગ ૫૦૦નુ મફત મા વિતરણ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી અને શાખામા પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનો કાર્યક્રમ રામજીભાઈ ગરાસીયાએ સપન્ન કરાવીને તાલુકા ગાયત્રી પરિવાર સંગઠનની બેઠકમાં ૧૦૦૦ યુગ શક્તિ ગાયત્રી અંકોનું લવાજમ એકત્ર કરવા નિર્ણય લેવાયો છે અને સૌ પરિજનો લવાજમ એકઠુ કરવા સાધના વર્ષ દરમ્યાન પ્રયત્નશીલ બની ગયા છે.

મોરબી બેંક મેનેજર શ્રી મણિભાઈ ગડારના નેતૃત્વમાં ગાયત્રી પરિવારનાં શ્રી વી. ડી. પટેલ, વાલજીબાપા, વ્યાસભાઈ, મગનભાઈ અને રજનોકાંત પટેલ, બાબુભાઈ તથા કે. પી. કોરવાડીયા સાહેબ ના ઉત્તમ સહયોગમાં ચિત્રકુટ સોસાયટીનાં લોકોનાં સહકારથી તા. ૨૦-૧-૯૯ નાં રોજ યોજાયેલ ૨૦ કુંડી ગાયત્રી મહાયજ્ઞ શાનદાર રીતે સાનંદ સંપન્ન થયો. અતિથિ વિશેષ તરીકે મોરબી વિસ્તારનાં ધારા સભ્ય શ્રી કાન્તિભાઈ અમૃતીયા, અજંટાક્વાર્ટઝનાં ઉદ્યોગપતિ શ્રી ઓ. આર. પટેલ તથા રાજકોટ ગાયત્રી પરિવારનાં શ્રી પાવાગઠીભાઈ તથા પૂજારા ભાઈ તેમજ બુઝર્ગ પરિવારના શ્રી નાનુભાઈ પનારા, નાથાભાઈ, ગોવિંદભાઈ વગેરેએ ખાસ ઉપસ્થિતિ રહી પ્રસંગને દીપાવ્યો.

મથુરા-ગાયત્રી તપોભૂમિમાં વસંતપર્વ પ. લીલાપત શર્મા દ્વારા ધ્વજા રોહણ સાથે આરંભ થયો.. યુગ નિર્માણ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા એકશન સોંગ (ધર્મ ધ્વજા ફરકે) ગીતની સાથે પ્રસ્તુત કરવામાં આવ્યુ. વિદ્યાર્થીઓએ કઠિન યોગાસનોનું બહુ આકર્ષક પ્રદર્શન કર્યું. પર્વ પૂજન, પ્રવચન, પ્રસાદ વિતરણ સાથે દિવસનો કાર્યક્રમ સમાપ્ત થયો.રાત્રે સસ્કૃતિ ભવનમાં વિદ્યાર્થીઓએ સાતેય ક્રાંતિઓ પર પ્રેરણાપ્રદ એકાંકી પ્રસ્તુત કર્યું. આશ્રમના બાળકોએ બહુ સુદર નૃત્ય તથા એકાકી પ્રસ્તુત કર્યા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## નવરત્ન

- જે માત્ર સાંભળવા, વાંચવા માટે જ તૈયાર હોય છે પણ આચરણમાં ઉતારવા તૈયાર નથી તે અત્તર છાંટેલા મડદા સમાન છે.
- જો ભણતર સાથે નૈતિક્તા અને સામાજિકતાનો ધર્મ જોડેલો નહીં હોય તો તેવું ભણતર ભણી શેતાનોની એક પેઢી જ ઉત્પન્ન થશે.
- પક્ષીની જેમ ઉડવું, માછલીની જેમ તરવા, ચિત્તાની જેમ છલાંગ મારવા ઉપરાંત માનવીએ માનવી તરીકે રહેવા અને જમીન પર ચાલવાનું પણ શીખવું જોઈએ.
- પોતે નેક બનશો તો અનુભવ થશે કે સંસારમાં એક દેવમાનવ વધ્યો.
- દોરા વગર ફૂલોનો ઢગલો  હાર બની શક્તો નથી, સંગઠન વિના સજ્જનો પણ હાર્યા છે અને તિરસ્કારને પાત્ર બન્યા છે.
- જેને જાગવાનું છે તેને રાત લાંબી લાગે છે, થાકી ગયેલા પથિકને મંજિલ લાંબી લાગે છે, વિવેકહીનને જીવન ભારરૂપ લાગે છે.
- પોતાની હયાતી વિના આ દુનિયા ઠપ થઈ જશે એવું માનનારાઓની લાશોથી સ્મશાનો ઊભરાય છે.
- મનની શાંતિ બાગ બગીચામાં, હવા ખાવાના સ્થળે કે કોઈ નાટક સિનેમા જોવાથી મળે નહિ. કસ્તૂરી, મૃગની ડુંટીમાં જ હોવા છંતાં સુગંધથી આકર્ષાઈ મૃગ જંગલોમાં ભટક્યા કરે છે, તેવી જ રીતે સાચી શાંતિ આપણી અંદર જ હોવા છતાં અન્યત્ર ફાંફાં મારીએ છીએ.
- દુ:ખી થવું હોય તો આપણાથી ઊંચા લોકોની અને સુખી થવું હોય તો આપણાથી નીચા માણસોની રહેણી-કરણી જુઓ.

## ગાયત્રી મહામંત્ર

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॥**

| | | |
|---|---|---|
| ૐ | – | પરમાત્મા |
| ભૂ. | – | પ્રાણસ્વરૂપ |
| ભુવ: | - | દુ:ખનાશક |
| સ્વ: | – | સુખસ્વરૂપ |
| તત્ | - | તે (પરમાત્મા) |
| સવિતુર્ | - | પ્રકાશ, સૂર્ય સમાન તેજસ્વી |
| વરેણ્યમ્ | – | મહાન |
| ભર્ગો | – | પાપનાશક તેજ |
| દેવસ્ય | – | ભગવાનનું |
| ધીમહિ | - | ધ્યાન ધરીએ છીએ |
| ધિયો | - | બુદ્ધિને |
| યો | – | કે જે |
| ન: | – | અમારી બધાની |
| પ્રચોદયાત્ | – | પ્રેરિત કરે |

**ભાવાર્થ**:-તે પ્રાણસ્વરૂપ, દુ:ખનાશક, સુખસ્વરૂપ, શ્રેષ્ઠ, તેજસ્વી, પાપનાશક, દેવસ્વરૂપ પરમાત્માને અમે અંતરાત્મામાં ધારણ કરીએ છીએ તે પરમાત્મા અમારી બુદ્ધિને સન્માર્ગે લઈ જાય.

**વ્યવહારિક અર્થ**:-હે ભગવાન ! અમને સદ્બુદ્ધિ આપો.

સાધના વર્ષમાં ઉજ્જવળ ભવિષ્ય માટે આપ કોઈ પણ ઈષ્ટની સાધના કરી શકો છો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.